વર્ષ : ૬૨ ■ અંક : ૧૬ ■ તા.૧૬-૮-૨૦૨૨

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

આદિજાતિ વિકાસ વિશેષ

## હર ઘર શાનથી લહેરાયો તિરંગો...

## રાજ્યભરમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉત્સાહપૂર્વક ઉજવણી



# સ્વાતંત્ર્ય પર્વની તસવીરી ઝલક



ડો. નિમાબહેન આચાર્ય
વિધાનસભા અધ્યક્ષ, કચ્છ



મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી અરવિંદ કુમાર
ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ



મંત્રી શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી
આણંદ



મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી
રાજકોટ



મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ
અમદાવાદ



મંત્રી શ્રી પૂર્ણેશભાઇ મોદી
ગીર સોમનાથ



મંત્રી શ્રી રાઘવજીભાઇ પટેલ
પોરબંદર



મંત્રી શ્રી કનુભાઇ દેસાઇ
સુરત



મંત્રી શ્રી કિરીટસિંહ રાણા
ભાવનગર



મંત્રી શ્રી નરેશભાઇ પટેલ
વલસાડ



મંત્રી શ્રી પ્રદીપભાઇ પરમાર
વડોદરા



મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણ
મહીસાગર

**Gujarat**
The Reliable fortnightly of Gujaratis

Year : 62 ▪ Issue : 16 ▪ Date 16 - 8 - 2022

**તંત્રી** : આર. કે. મહેતા
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ વિભાગ** : એન. એમ. રાઠોડ, ગીતા દેસાઇ, બી. કે. પરમાર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૩૪૪૨
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઈટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

# શબ્દશઃ



- છેલ્લા બે દાયકામાં રાજ્યના આદિવાસી સમાજના વિકાસ માટે બજેટમાં ૨૬ ગણો માતબર વધારો કરાયો છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વનબંધુ કલ્યાણ યોજના દ્વારા આદિવાસીઓના સર્વાંગી વિકાસના દ્વાર ખોલી આપ્યા છે.
- આદિવાસીઓના રોજગાર, શિક્ષણ, આરોગ્ય અને માળખાકીય સુવિધાઓ માટે અત્યાર સુધીમાં રૂ. એક લાખ કરોડનો ખર્ચ કરાયો છે.
- ગુજરાત સરકારે પેસા કાયદાનો સુદ્રઢ અમલ કરી ૯૦ લાખ આદિવાસીઓને વિશેષ અધિકારો આપ્યા છે.
- આદિવાસી વિસ્તારના ૯૮ ટકા રેવન્યુ ગામોને પાકા રસ્તાથી જોડવામાં આવ્યા છે.
- વડાપ્રધાનશ્રીએ ટ્રાયબલ ડેવલપમેન્ટનું એક નવું મોડેલ દુનિયાને આપ્યું છે.
- વિકાસ કામો થકી આદિવાસીઓનું જીવન વધુ સરળ બનાવ્યું છે.
- ગુજરાત સરકાર દ્વારા આદિવાસી છાત્રો માટે શિક્ષણના નવા આયામો શરૂ કરાયા છે.
- આદિવાસી જિલ્લાના ૧૧ લાખ એકર વિસ્તારને વિવિધ સિંચાઇ યોજનાનો લાભ આપી હરિયાળા બનાવ્યા છે.

(મુખ્યમંત્રીશ્રીએ વિશ્વ આદિવાસી દિવસ પ્રસંગે આપેલા વક્તવ્યના અંશો)




## 10 હર ઘર તિરંગા





## 18 આદિવાસી ઉત્કર્ષ

ઝાલોદમાં વિશ્વ આદિવાસી દિવસની દબદબાભેર ઉજવણી

31 ડબલ એન્જિનવાળી સરકારે બે દાયકામાં આદિવાસીઓનાં જીવનમાં ફેલાવ્યો સોનેરી ઉજાસ - રીના દક્ષિણી





## 14 સ્વાતંત્ર્ય પર્વ

મોડાસામાં ૭૬મા સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી

## વિકાસયાત્રા

34 ધી ડ્રોન પ્રમોશન એન્ડ યુસેઝ પોલિસી જાહેર

39 અમદાવાદના આંગણે ઢગલાબંધ વિકાસકાર્યો

40 અમદાવાદનાં વિશ્વ ઉમિયાધામ કેમ્પસમાં ૭૫ હજાર રોપાનું વાવેતર

41 સમાજસેવા કરનારા સજ્જનો સેવા, સમર્પણ અને ત્યાગના પ્રતીક

41 'The Pride of GUJARAT' એવોર્ડ એનાયત કરતા CM

42 અમદાવાદથી 'નારી વંદન ઉત્સવ'ની રાજ્યવ્યાપી ઉજવણીનો શુભારંભ

42 તાપીના રમત-ગમત સંકુલ તથા DMEના કાર્યનું નિરીક્ષણ કરતાં મુખ્યમંત્રી

6 **જન આરોગ્ય**

ધરમપુરની 'શ્રીમદ્ રાજચંદ્ર હૉસ્પિટલ'નું લોકાર્પણ

7 **ભાવિ આયોજન**

નીતિ આયોગની બેઠકમાં ઉપસ્થિત રહેતા CM

8 **ગૌરવ**

9 **ઉજવણી**

12 **પ્રજાજોગ સંદેશ**

૭૬મા સ્વાતંત્ર્ય પર્વે મુખ્યમંત્રીશ્રીનો પ્રજાજોગ સંદેશો

16 **સતર્કતા**

43 **મારૂં ગામ, મારૂં ગૌરવ**

44 **નિર્ણય**

48 **સમાચાર સંચય**

49 **ન્યૂઝ ફ્લૅશ**

50 **પહેલ**

વિશ્વમાં સૌપ્રથમ વખત ડ્રોન ટૅક્નોલૉજી દ્વારા ખેતરમાં નેનો યુરિયાના છંટકાવનો ગુજરાતમાં પ્રારંભ



# હર ઘર લહેરાયો તિરંગો...

૭૬મા સ્વાતંત્ર્ય દિનની અનોખી ઉજવણીનું રાષ્ટ્ર સાક્ષી બન્યું. ગુજરાત સહિત સમગ્ર રાષ્ટ્રએ આઝાદીનો અમૃત મહોત્સવ ઉમંગ અને ઉત્સાહપૂર્વક ઉજવ્યો. અબાલવૃધ્ધ સૌ કોઇ તિરંગાને સન્માન સાથે વંદન કરતા જોવા મળ્યા. હર ઘર પર તિરંગાનું દૃશ્ય મનમોહક બન્યું.

વર્ષાઋતુની સાથે પ્રકૃતિ સોળે કળાએ ખીલી છે. આ વર્ષે ગુજરાતના તમામ વિસ્તારમાં સાર્વત્રિક વરસાદથી નદી નાળા છલકાતા ખેડૂતો, નાગરિકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. સાર્વત્રિક વરસાદથી સિંચાઈ અને પીવાના પાણીની સમસ્યાનું મહદઅંશે નિરાકરણ આવ્યું છે. પ્રતિવર્ષ અષાઢ અને શ્રાવણના પવિત્ર મહિનામાં વરસાદ તહેવારોને પણ લઈને આવે છે. ગુજરાતમાં બે દાયકાથી વિકાસનો ઉત્સવ ઉજવવામાં આવે છે. ૯ ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી ઝાલોદ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં થઇ. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના આદિજાતિ વિસ્તારોને રૂ.૧૬૦૦ કરોડના વિકાસકાર્યોની ભેટ આપી. તો વલસાડના આદિવાસી વિસ્તારમાં શ્રીમદ્ રાજચંદ્ર મિશન દ્વારા તૈયાર કરવામાં આવેલી ૨૫૦ બેડની અત્યાધુનિક હોસ્પિટલનું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલી લોકાર્પણ કર્યું.

ગુજરાતમાં આ વર્ષે ૭૬મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અરવલ્લી જિલ્લાનાં મોડાસામાં કરવામાં આવી. અરવલ્લી જિલ્લો અસ્તિત્વમાં આવ્યાના એક દશક બાદ રાજ્યકક્ષાની સ્વાતંત્ર્ય દિન ઉજવણીનો અવસર સાપડતા સમગ્ર અરવલ્લી જિલ્લાના નાગરિકોમાં અદમ્ય ઉત્સાહના દર્શન થતા હતા. સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં યોજાયેલા એટ હોમ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લાના સ્વાતંત્ર્યવીરો, પદાધિકારીશ્રીઓ, વરિષ્ઠ અધિકારીશ્રીઓ અને અગ્રણી નાગરિકોએ ભાગ લઈને સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છાની આપ-લે કરી હતી. ૧૫મી ઓગસ્ટની પૂર્વ સંધ્યાએ 'મોંઘી મિરાત મોડાસા' રંગારંગ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સ્વાતંત્ર્ય સંગ્રામની ચળવળને આકર્ષક રીતે પ્રસ્તુત કરવામાં આવી હતી. આ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનાં ભાગરૂપે મુખ્યમંત્રીશ્રીએ વિવિધ વિકાસકાર્યોની ભેટ આપી હતી જેમાં શામળાજીને પવિત્ર યાત્રાધામ તરીકે વિકસિત કરી ત્યાં લાઇટ ઍન્ડ સાઉન્ડ શો શરૂ કરાશે. તો ભિલોડા અને મેઘરજ તાલુકામાં સિંચાઇ યોજના તથા ૩૧ તળાવો ભરવામાં આવશે.

દેશનાં વિકાસમાં મહત્વની ભૂમિકા અદા કરતાં નીતિ આયોગની સાતમી બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના વિકાસયાત્રાની છબી ઉજાગર કરી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ આગામી સમયમાં થનારા ગુજરાતના વિકાસનો રોડમેપ રજૂ કર્યો હતો. તેમણે દેશના વિકાસમાં ગુજરાતની ભૂમિકા અંગે પણ વિશદ જાણકારી આપી હતી. રાજ્યમાં ગ્રાહકોને નિયમિત રીતે વીજપુરવઠો પૂરો પાડવા માટે કાર્ય કરતી ચાર સરકારી વીજ વિતરણ કંપનીઓને કેન્દ્ર સરકારે તેમની ઉત્કૃષ્ઠ સેવાઓ બદલ સન્માનિત કરી.

રાજ્યમાં ઓગષ્ટના પ્રથમ સપ્તાહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'વિશ્વ સ્તનપાન સપ્તાહ' અને 'નારી વંદન ઉત્સવ'ની રાજ્યવ્યાપી ઝુંબેશનો શુભારંભ કરાવ્યો હતો. અમદાવાદમાં રૂ. ૧૮૭ કરોડનાં જનસુખાકારીનાં કાર્યોને પ્રજાર્પણ કરાયા. રાજ્ય મંત્રીમંડળ દ્વારા નાગરિકોને સ્પર્શતા એવા જનહિતલક્ષી મહેસૂલી સુધારાઓ કરવામાં આવ્યા.

આગામી સદીએ ડ્રોન ટેક્નોલોજીની રહેશે. ગુજરાત સરકારે ડ્રોન અંગેની અલાયદી નીતિ જાહેર કરી ગુજરાતમાં ડ્રોન ટેક્નોલોજીના વિકાસનાં દ્વાર ખુલ્લાં મૂક્યા છે. કૃષિ ક્ષેત્રે બીજી હરિયાળી ક્રાંતિની આગેવાની ગુજરાત લઈ રહ્યું છે, ત્યારે ટેક્નોલોજી આધારિત ખેતી દ્વારા ખેડૂતોની આવક વધારવા ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે. ડ્રોન ટેક્નોલોજીથી ખેતરમાં યુરિયાનો છંટકાવની શરૂઆત ગુજરાતે કરી છે. ખેતી સાથે પશુપાલન પણ જોડાયેલું છે. રાજ્યના દૂધાળા પશુઓમાં વ્યાપેલા લમ્પી સ્કીન ડીસીઝને નાથવા રાજ્ય સરકારે સમયસર અસરકારક પગલાં લીધા છે. રાજ્યભરમાં પશુઓને યુદ્ધના ધોરણે વેક્સીન આપવામાં આવી રહી છે.

પ્રસ્તુત આદિજાતિ વિકાસ વિશેષ અંકમાં રાજ્ય સરકારના પ્રયાસથી આદિવાસીઓના જીવનમાં આવેલા ગુણાત્મક ફેરફારોની વાત સવિસ્તાર વર્ણવામાં આવી છે. તેમજ આદિવાસીઓએ સાધેલા વિકાસની સાફલ્યગાથાઓ પણ રજૂ કરવામાં આવી છે.

જય જય ગરવી ગુજરાત....

**- આર. કે. મહેતા** આઇ.એ.એસ.
**માહિતી નિયામક**

# ધરમપુરની 'શ્રીમદ્ રાજચંદ્ર હૉસ્પિટલ'નું વર્ચ્યુઅલી લોકાર્પણ કરતાં PM



"જેનાં કર્તવ્ય અને ગુરુધર્મ જીવિત રહે છે તે અમર રહે છે, જેનાં કર્મ અમર રહે તેની ઊર્જા અને પ્રેરણા પેઢીઓ સુધી સમાજની સેવા કરે છે. શ્રીમદ્ રાજચંદ્ર મિશન એ શાશ્વત ભાવનાનું પ્રતીક છે. આજે ધરમપુરમાં મલ્ટી-સ્પેશિયાલિટી હૉસ્પિટલના લોકાર્પણની સાથે એનિમલ હૉસ્પિટલ અને સેન્ટર ઑફ એક્સલન્સ ફોર વીમીનનો શિલાન્યાસ પણ કરાયો છે, જેનાથી દક્ષિણ ગુજરાતના આદિવાસીઓને લાભ થશે. શ્રીમદ્ રાજચંદ્રે મૂકસેવકની જેમ સમાજસેવાનાં જે બીજ વાવ્યાં હતાં તે આજે વટવૃક્ષ બન્યાં છે," ઉપરોક્ત પ્રેરક શબ્દો વલસાડના ધરમપુરમાં શ્રીમદ્ રાજચંદ્ર મિશન દ્વારા રૂ.200 કરોડના ખર્ચે નિર્માણ પામેલી 250 બેડની મલ્ટિ સ્પેશિયાલિટી 'શ્રીમદ્ રાજચંદ્ર ચૅરિટેબલ હૉસ્પિટલ'નું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરતી વેળા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉચ્ચાર્યા હતા.

વડાપ્રધાનશ્રીએ વધુમાં જણાવ્યું કે, શ્રીમદ્ રાજચંદ્ર મિશન સાથે મારો જૂનો સંબંધ છે. હું દાયકાઓ પહેલાં ધરમપુર અને સિદ્ધુમ્બરમાં આવતો ત્યારે આપ સૌની વચ્ચે રહેતો હતો. આ મહાન ભૂમિ, આ પુણ્યભૂમિએ આપણને જેટલું આપ્યું છે તેનો એક અંશ પણ આપણે સમાજને પરત કરીએ તો સમાજમાં ખૂબ જ ઝડપથી બદલાવ આવે, જેનાથી દેશ પણ મજબૂત બને છે. હૉસ્પિટલ અને રિસર્ચ સેન્ટર ગ્રામીણ વિસ્તારોમાં ઉત્તમ સેવા આપવા જઈ રહ્યું છે, જે આઝાદીના અમૃત મહોત્સવમાં ભારતને આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે સશક્ત બનાવશે. દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં સેવાની જ્યોત જલાવનાર આશ્રમના ગુરુદેવ રાકેશજી, સમગ્ર મિશન અને સેવકોને અભિનંદન પાઠવું છું. ગુરુદેવના નેતૃત્વમાં ગ્રામીણ વિસ્તારોમાં રાજચંદ્ર મિશન પ્રશંસનીય સેવાકાર્ય કરી રહ્યું છે.

મહિલાઓ માટે સેન્ટર ઑફ એક્સેલન્સની સ્થાપનાના રૂપમાં એક મોટા પગલાનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, શ્રીમદ્ રાજચંદ્રજી શિક્ષણ અને કૌશલ્ય દ્વારા દીકરીઓના સશક્તીકરણ માટે ખૂબ જ આગ્રહી હતા. તેમણે વધુમાં કહ્યું કે, આઝાદીના અમૃત મહોત્સવમાં દેશની મહિલાશક્તિને રાષ્ટ્રીય શક્તિ તરીકે આગળ લાવવાની જવાબદારી આપણા સૌની છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું કે, શ્રીમદ્ રાજચંદ્ર મિશને આદિવાસી વિસ્તારોમાં સેવાની ધૂણી ધખાવી છે. માનવથી માંડીને પશુઓ માટે સેવા અને દયાની પ્રેરણા શ્રીમદ્ રાજચંદ્રે આપી છે. આ મિશને આધ્યાત્મિકતાનાં દ્વાર ખોલ્યાં છે. ગુરુદેવ રાકેશજીની પ્રેરણાથી શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અદકેરું તીર્થસ્થાન બન્યું છે. તેઓ આધ્યાત્મિકતાની સાથેસાથે સેવાકીય પ્રવૃત્તિઓ પણ કરી રહ્યા છે. અવિરત વિકાસયાત્રાએ ગુજરાતને વિશ્વફલક પર મૂક્યું છે. ગુજરાત સૌના સાથ અને સૌના વિકાસનું મોડલ બન્યું છે.

રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, શ્રીમદ્ રાજચંદ્રજીએ ગાંધીજીને આધ્યાત્મિકતાનું જ્ઞાન આપી આપણને રાકેશજી જેવા ગુરુ આપ્યા છે, જેઓએ આદિવાસી વિસ્તારમાં મલ્ટી સ્પેશિયાલિટી હૉસ્પિટલ શરૂ કરીને નાનામાં નાના વ્યક્તિને સારવાર મળે તે માટે પ્રયાસ કર્યા છે.

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના ગુરુદેવશ્રી રાકેશજીએ આશીર્વચન આપતાં જણાવ્યું કે, દેશની નિરંતર સેવામાં લીન મોદીજીએ લોકકલ્યાણનાં કાર્યોમાં જીવન સમર્પિત કર્યું છે, જે બદલ માત્ર શ્રીમદ્ રાજચંદ્ર મિશન જ નહીં, પરંતુ ભારતવર્ષની જનતા જનાર્દન પણ આભારી છે. હર ઘર તિરંગા અભિયાનમાં પણ મિશન કટિબદ્ધ છે.



આ સમારોહમાં નવસારીના સાંસદ શ્રી સી.આર. પાટીલ, અન્ન અને નાગરિક પુરવઠા તથા આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, પાણી પુરવઠા મંત્રી શ્રી જીતુભાઈ ચૌધરી, રાજ્યકક્ષાના કૃષિ અને ઊર્જા મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ સહિત ટ્રસ્ટીમંડળના સદસ્યો અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●

# નીતિ આયોગની બેઠકમાં ગુજરાતની વિકાસયાત્રાની છબી ઉજાગર કરતા CM




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં યોજાયેલી નીતિ આયોગની સાતમી ગર્વનિંગ કાઉન્સીલની બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહભાગી થયા હતા અને રાજ્યની પ્રભાવક વિકાસ ગાથા પ્રસ્તુત કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દેશમાં વિકાસ અને સુશાસનના રોલ મોડેલ તરીકેનું ગુજરાતનું સ્થાન યથાવત જાળવી રાખવાના સંકલ્પ સાથે આગળ વધવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલા વિકાસ માર્ગનું ગુજરાત સતત અનુસરણ કરી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ ખાસ કરીને સુશાસન, શહેરી વિકાસ અને કૃષિ વિકાસ તથા શિક્ષણ ક્ષેત્રે ગુજરાતની સિદ્ધિઓ અને અગ્રેસરતાનું વિવરણ બેઠકમાં ઉપસ્થિત અન્ય રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ, કેન્દ્રીય મંત્રીશ્રીઓ અને નીતિ આયોગના સદસ્યો સમક્ષ કર્યું હતું.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભારત સરકારે બહાર પાડેલા ગુડ ગર્વનન્સ ઈન્ડેક્ષ, લોજીસ્ટીક પરફોર્મન્સ ઈન્ડેક્ષ, સ્ટેટ એનર્જી એન્ડ ક્લાયમેટ ઈન્ડેક્ષ, એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ ઈન્ડેક્ષ તેમજ સસ્ટેઇનેબલ ગોલ ઈન્ડીયા ઈન્ડેક્ષ ૩.૦ ની વિવિધ કેટેગરીમાં ગુજરાતે પ્રથમ સ્થાન અંકિત કર્યુ છે. વડાપ્રધાનશ્રીના સતત માર્ગદર્શનમાં ગુજરાતે ગિફ્ટ સિટી, ડ્રીમ સિટી, ૩૦ ગીગાવોટ હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક, ધોલેરા SIR અને સ્ટેચ્યુ ઓફ યુનિટિ જેવી અનેક મહત્વાકાંક્ષી પરિયોજનાઓથી વિકાસની નવી ઊંચાઇ આંબી છે.

તેમણે આ અંગેની વિગતો આપતાં ઉમેર્યું હતું કે, શહેરોના ઝડપી વિકાસ માટે રાજ્ય સરકારે સુઆયોજિત શહેરી વિકાસ તેમજ નાગરિકલક્ષી શાસન માટે વિવિધ કલ્યાણ યોજનાઓને ટોચઅગ્રતા આપેલી છે. રાજ્યના શહેરોના આયોજનબદ્ધ વિકાસ માટે ત્રિસ્તરીય શહેરી વિકાસ રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે તેની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ રજૂ કરી હતી.

ગુજરાતમાં ૯૦૦થી વધુ ટાઉન પ્લાનીંગ સ્કીમનું કામ પૂર્ણ થઇ ગયું છે, તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ફ્યુચરીસ્ટીક સિટીની જે પરિકલ્પના વડાપ્રધાનશ્રીએ આપેલી છે તેને સુસંગત આયોજનબદ્ધ શહેરી નિયોજન દ્વારા ગિફ્ટ સિટી દેશના મુખ્ય નાણાંકીય અને આર્થિક ગતિવિધિઓના કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. સમગ્ર રાજ્યમાં એકસમાન બિલ્ડીંગ બાયલોઝ માટે કોમન GDCR અમલી બનાવવામાં આવેલો છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, શહેરોમાં સ્લમ રિ-ડેવલપમેન્ટને પણ પ્રાથમિકતા આપીને રાજ્ય સરકારે ૧૬૬ સ્લમ્સમાં ૫૯ હજાર આવાસોનું નિર્માણ કાર્ય ઝડપભેર હાથ ધર્યુ છે અને ૭૮૦૦ યુનિટનું રિ-ડેવલપમેન્ટ કામ તો પુરૂં પણ થઇ ગયું છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં કૃષિ વૈવિધ્યકરણ અન્વયે જે સિદ્ધિઓ હાંસલ કરવામાં આવી છે તેની પણ વિસ્તૃત છણાવટ નીતિ આયોગની આ બેઠકમાં કરી હતી. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ અંગે કહ્યું કે, ગુજરાત આજે કૃષિ ક્ષેત્રના વિકાસની સાથોસાથ પશુપાલન અને દૂધ ઉત્પાદનમાં પણ દેશના અગ્રેસર રાજ્યો પૈકીનું એક છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી પદ કાળ દરમ્યાન કૃષિ મહોત્સવ, સોઈલ હેલ્થ કાર્ડ, પશુ આરોગ્ય મેળા જેવા જે નવતર અભિગમ અપનાવ્યા તે ગુજરાતની આ કૃષિક્રાંતિના મૂળમાં છે એમ મુખ્યમંત્રીએ ગૌરવસહ જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં પાછલા બે દશકમાં બાગાયત વિસ્તાર ૩૦૦ ટકા વધીને ૪.૮૦ લાખ હેક્ટરમાંથી ૨૦ લાખ હેક્ટરે પહોચ્યો છે તેમજ દાળની ખેતીનો વિસ્તાર ૬૫ ટકા વધ્યો છે તેની વિગતો આપી હતી. સુક્ષ્મ સિંચાઇ પદ્ધતિમાં SPV ના માધ્યમથી વધુ વિસ્તાર આવરી લઈ દાડમ, ખજૂર અને કમલમ (ડ્રેગન ફ્રૂટ) જેવા ફળોની ખેતીને પણ સામેલ કરવામાં આવી છે. ગુજરાતે વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી ડ્રોન ટેક્નોલોજી સાથે નેનો યુરિયા છંટકાવનો ઉપયોગ વધારવા વિશેષ યોજના જાહેર કરી છે અને આ વર્ષે ૧.૪૦ લાખ એકર જમીનને આવરી લેવામાં આવશે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ પ્રાકૃતિક ખેતી માટે વડાપ્રધાનશ્રીએ બેક ટુ બેઝીકનું જે આહવાન કર્યુ છે તેને ગુજરાતે ઝિલી લઇને અત્યાર સુધીમાં સાડા પાંચ લાખ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે જાગૃત કરવામાં આવ્યા છે. તેમજ રાજ્યની કૃષિ યુનિવર્સિટીઝના અભ્યાસક્રમમાં પ્રાકૃતિક કૃષિ વિષય દાખલ કરવામાં આવ્યો છે. રાજ્યના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ગુજરાતીમાં ઈ-કન્ટેન્ટ ઉપલબ્ધ કરાવવા G-શાળા એપ બનાવવામાં આવી છે તેની વિગતો તેમણે આપી હતી. મુખ્યમંત્રીશ્રી સાથે નીતિ આયોગની આ ૭મી ગવર્નિંગ કાઉન્સીલની બેઠકમાં રાજ્યના મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર પણ સહભાગી ગયા હતા. ●

# ગુજરાતની વીજ વિતરણ વ્યવસ્થા દેશભરમાં સૌથી શ્રેષ્ઠ

✎ દિલીપ ગજ્જર

રાજયના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીતાના કારણે ગુજરાત દરેક ક્ષેત્રમાં અગ્રેસર છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વમાં ઊર્જા ક્ષેત્રને વધુ સુદ્રઢ કરવા માટે લીધેલા દૂરોગામી પગલાંને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વની ટીમ ગુજરાત અવિરત આગળ ધપાવી રહી છે. જેના પરિણામે ગુજરાત શ્રેષ્ઠ વીજ વિતરણ વ્યવસ્થાઓમાં રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયું છે. રાજય સરકારની વીજ વિતરણ કંપનીઓએ ઐતિહાસિક સિધ્ધિ પ્રાપ્ત કરીને “એ પ્લસ” રેટિંગ પ્રાપ્ત કરવાની પરંપરા જાળવી રાખી છે. આ અંગે માહિતી આપતા ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઇએ જણાવ્યુ હતુ કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અનેકવિધ નવતર આયામો હાથ ધરીને જનસુખાકારીના લાભો નાગરિકોને સત્વરે પુરા પાડવામાં આવી રહ્યા છે જે અંતર્ગત વીજ સુવિધાઓમાં પણ ઉત્તરોત્તર વધારો કરવામાં આવ્યો છે.



રાજય સરકાર તેમજ ઊર્જા વિભાગના દ્રષ્ટિવંત આયોજન અને અસરકારક કામગીરીના પરિણામે રાજયનું ઊર્જા ક્ષેત્ર દેશભરમાં મોખરાનું સ્થાન ધરાવે છે. રાજયની વીજ કંપનીઓના કર્મચારીઓની નિષ્ઠા અને ફરજ પ્રત્યેની પ્રતિબધ્ધતાને કારણે રાજ્યની ચારેય વીજ વિતરણ કંપનીઓએ દર વર્ષે “એ પ્લસ” રેટિંગ પ્રાપ્ત કરવાની પરંપરા જાળવી રાખી છે તે બદલ તમામ વીજ કર્મીઓને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઇએ અભિનંદન પાઠવ્યા છે.

મંત્રી શ્રી કનુભાઈ દેસાઇએ જણાવ્યું હતું કે, આજ દિન સુધી સમગ્ર દેશની માત્ર રાજય હસ્તકની વીજ કંપનીઓનો જ સમાવેશ કરવામાં આવતો હતો પરંતુ આ વર્ષથી ખાનગી ક્ષેત્રની વીજ વિતરણ કંપનીઓને પણ સામેલ કરવામાં આવી હતી અને તેમાં પણ ગુજરાત રાજયની વીજ કંપનીઓએ ભવ્ય સફળતા પ્રાપ્ત કરીને “એ પ્લસ” રેટિંગ જાળવી રાખ્યો છે. નવી દિલ્હી ખાતે તાજેતરમાં ઊર્જા ક્ષેત્રના રિવ્યુ ,પ્લાનીંગ અને મોનિટરીંગ અંગે દરેક રાજયના ઊર્જા વિભાગના વડાઓ સાથે યોજાયેલ ઉચ્ચસ્તરીય બેઠક દરમ્યાન ભારત સરકારના ઊર્જા અને ન્યુ એન્ડ રીન્યુઅબલ એનર્જી વિભાગના મંત્રી શ્રી આર. કે. સિંહ દ્વારા ૧૦મો એન્યુઅલ ઇન્ટીગ્રેટેડ રેટિંગ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં ગુજરાત સરકાર હસ્તકની ચારેય વીજ કંપનીઓ દક્ષિણ ગુજરાત વીજ કંપની લી., મધ્ય ગુજરાત વીજ કંપની લી., ઉત્તર ગુજરાત વીજ કંપની લી. અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.ને “એ પ્લસ” રેન્ક પ્રાપ્ત થયો છે.

ઊર્જા રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઇ પટેલે આ અંગે વધુ વિગતો આપતા જણાવ્યુ હતું કે, દેશભરની રાજય તેમજ ખાનગી હસ્તકની વીજ વિતરણ કંપનીઓના આ પ્રકારના મૂલ્યાંકનનો અહેવાલ કેન્દ્ર સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા પાવર ફાયનાન્સ કોર્પોરેશન (પીએફસી) તેમજ મિકેન્ઝી એન્ડ કંપનીના સહયોગથી તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં દેશભરમાંથી રાજય હસ્તકની ૪૬ અને ખાનગી હસ્તકની ૧૪ અને ઊર્જા વિભાગની ૧૧ મળી કુલ ૭૧ સ્ટેટ યુટિલિટીઝ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. આ પ્રકારના મૂલ્યાંકનમાં જે પરિમાણોના આધારે રેટિંગ નક્કી કરવામાં આવે છે તેમાં ફાયનાન્સીયલ સસ્ટેઇનબિલીટી, ઓવરઓલ પ્રોફિટીબિલીટી, કેશ પોઝીશન,પર્ફોમન્સ એક્સેલન્સ જેમ કે, બીલીંગ એફિશીયન્સી, કલેકશન એફિશીયન્સી, ડીસ્ટ્રીબ્યુશન લોસ, કોર્પોરેટ ગવર્નન્સ, એક્સ્ટર્નલ એન્વાયરમેન્ટ, લોસ ટેકઓવર બાય સ્ટેટ ગવર્નમેન્ટ,ગવર્નમેન્ટ ડયૂઝ, ટેરિફ સાયકલ ટાઇમલાઇન,કોસ્ટ એફિશીયન્સી, રેગયુલેટરી અને પાવર રીફોર્મસ વગેરે જેવા પરિમાણોનો સમાવેશ થાય છે. જેમાં રાજય સરકાર હસ્તકની ચારેય વીજ વિતરણ કંપનીઓએ સમગ્ર દેશમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી, કુલ ૭૧ કંપનીઓમાંથી DGVCL & MGVCL પ્રથમ અને બીજા ક્રમે તેમજ UGVCL ચોથા ક્રમે જયારે PGVCL આઠમા ક્રમે સ્થાન મેળવી "એ પ્લસ" રેન્ક પ્રાપ્ત કરેલ છે.

ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઇએ જણાવ્યું હતું કે કોલસા અને ગેસના પુરવઠા સંબંધે સરજાયેલ વૈશ્વિક પરિસ્થિતિમાં દેશના અન્ય રાજયોમાં વીજળીની તંગી અને વીજ કાપની સ્થિતિ ઊભી થઇ હતી. ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઇ દ્વારા આ કઠિન સમસ્યાના તત્કાલ નિરાકરણ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ અને કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના સહકારથી કેન્દ્રીય ઊર્જા મંત્રી, રેલ્વે મંત્રી અને કોલસા મંત્રીશ્રીઓ સાથે ફળદાયી પરામર્શ કરીને સમસ્યાનો સફળ અને સુખદ ઉકેલ લાવવામાં આવ્યો હતો. જેના કારણે વિષમ પરિસ્થિતિમાં જ્યારે દેશના અન્ય રાજ્યો વીજળીની તંગીનો સામનો કરી રહ્યા હતા ત્યારે ગુજરાતને કોલસાનો પર્યાપ્ત પુરવઠો તેમજ રેલવે રેકની ઉપલબ્ધિ પર્યાપ્ત માત્રામાં થવાથી ગુજરાત વીજળીની તંગીની સમસ્યાનો સફળતાપૂર્વક સામનો કરી શક્યું હતું. ●

# ગુજરાતે કરી વિશ્વ સિંહ દિવસની ગૌરવભેર ઉજવણી




સમગ્ર વિશ્વમાં 10 ઓગસ્ટનો દિવસ સિંહ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વીડિયો કોન્ફરન્સથી આ ઉજવણીમાં સહભાગી થતાં જણાવ્યું કે, રાજ્ય સરકારે સિંહ સંરક્ષણને પ્રાથમિકતા આપી જુદી જુદી યોજનાઓ અને પ્રોજેક્ટસ દ્વારા લાયન કન્ઝરવેશન-પ્રોટેક્શનના અસરકારક પગલાં લીધા છે. વિશ્વ સિંહ દિવસની વન વિભાગ દ્વારા કરવામાં આવતી ઉજવણીને ગૌરવની લાગણીનો દિવસ છે તેવો સ્પષ્ટ મત દર્શાવ્યો હતો.

એશિયાઇ સિંહના વસવાટવાળા વિસ્તારોમાં જરૂરીયાત પ્રમાણેના રેસ્કયુ સેન્ટરોની સ્થાપના કરવામાં આવી છે. એટલું જ નહીં આ રેસ્કયુ સેન્ટરોમાં પશુ ચિકિત્સક, સારવાર માટેના અદ્યતન સાધનો, રેસ્કયુ કામગીરી માટેની સાધન સામગ્રી, વાહનોની સુવિધા કરવામાં આવી છે. સિંહોની સ્થળ પર ત્વરીત સારવાર કરી શકાય તે માટે અદ્યતન સાધનો સાથેની લાયન એમ્બ્યુલન્સની સુવિધા કરવામાં આવી છે. સિંહો માટે સાસણ ખાતે અદ્યતન લાયન હોસ્પીટલની સ્થાપના કરવામાં આવેલી છે. આ ઉપરાંત વન વિભાગે અદ્યતન ટેકનોલોજીથી સુસજ્જ ગીર હાઈટેક મોનીટરીંગ યુનિટની સ્થાપના કરી છે. તેના દ્વારા સિંહોનું સતત નિરિક્ષણ કરવામાં આવે છે. સિંહોના આનુવાંશિક ગુણો જાળવી રાખી સિંહ પ્રજાતિના સંવર્ધન માટે સૌરાષ્ટ્રમાં રામપરા, જૂનાગઢના સક્કરબાગ, સાત વીરડા એમ ત્રણ સ્થળોએ જિન પૂલ શરૂ કરવામાં આવ્યા છે તેની વિગતો મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

આપણા દેશના એમ્બલમ એટલે કે રાજચિન્હમાં પણ સિંહોની કૃતિઓ રાખવામાં આવી છે. તેમાં ચાર સિંહો એકબીજા તરફ પીઠ કરીને ઉભા હોવાની પ્રતિકૃતિ રાખવામાં આવી છે. વડાપ્રધાનશ્રીના ફ્લેગશીપ પ્રોજેક્ટ મેઇક ઇન ઇન્ડીયા અભિયાનના લોગો તરીકે પણ તેમણે ગીરના લાયન સાવજની પ્રતિકૃતિ મૂકી છે. આવનારા દિવસોમાં રાજ્યમાં ૩૬મી નેશનલ ગેમ્સનું આયોજન થનાર છે, તેનો મેસ્કોટ પણ સિંહ છે તેનો ગૌરવ સહ ઉલ્લેખ કર્યો હતો.

આ વર્ષે પણ વર્લ્ડ લાયન ડે ની ઉજવણીમાં બહુ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને સૌરાષ્ટ્રના ૬ જિલ્લાના ૬૮૦૦ જેટલી શાળા કોલેજીસના તેમજ અન્ય વન પ્રેમીઓ, અગ્રણીઓ, વન્યપ્રાણી જીવપ્રેમીઓ મળીને અંદાજે ૧૫ લાખ લોકો જોડાયા છે. આ આપણો વન્ય જીવો પ્રત્યેનો આદર દર્શાવે છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ એમ પણ કહ્યુ કે, એશિયાટીક સિંહોના સંરક્ષણ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ લાયન પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી છે. સરકાર દ્વારા લેવામાં આવેલા નક્કર પગલાંઓ, વન વિભાગના અથાગ પ્રયત્નો અને ગુજરાતના લોકોની ભાગીદારીથી સિંહોની વસ્તીમાં ઉત્તરોતર વધારો થતો રહ્યો છે. એટલું જ નહિ, સિંહના વિચરણ-ફરવાનો વિસ્તાર ગીરના જંગલોથી વિસ્તરીને ચોટીલા, સાયલા, અમરેલી, ભાવનગર જેવા સ્થળો જિલ્લાઓ મળી ૩૦ હજાર ચોરસ કિલોમીટર થયો છે એમ તેમણે જણાવ્યું હતું.

આ અવસરે ગાંધીનગરમાં વન મંત્રી શ્રી કિરીટસિંહ રાણા, રાજ્યકક્ષાના વનમંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા, અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ શ્રી યુ. ડી. સિંઘ અને વન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## CMને રક્ષાબંધનની શુભેચ્છાઓ પાઠવતી બહેનો

**રક્ષાબંધન પર્વ અવસરે સમાજના વિવિધ વર્ગની બહેનો, બ્રહ્માકુમારી બહેનો વગેરેએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રાખડી બાંધી રક્ષાબંધનની શુભેચ્છાઓ પાઠવી હતી. આ સૌ બહેનોએ મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ અને માર્ગદર્શનમા ગુજરાત વિકાસ અને પ્રગતિની નવી ઊંચાઈઓ સર કરે તેવી મંગલકામનાઓ વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સૌ બહેનોની શુભેચ્છાઓ હૃદયપૂર્વક સ્વીકારી હતી. રાજ્ય મંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથારે પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રાખડી બાંધી હતી.**



## ‘હર ઘર તિરંગા’ અભિયાનનો સુરતથી શુભારંભ

# તિરંગા યાત્રાએ રાષ્ટ્રભાવના બળવત્તર બનાવી



રાજ્યની આઠ મહાનગરપાલિકાઓમાં યોજાનાર ‘તિરંગા પદયાત્રા’નો સુરત મહાનગરથી પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશની એકતા, અખંડિતતા અને ‘એક ભારત, શ્રેષ્ઠ ભારત’ના પ્રતીક તિરંગાને દેશના તમામ ઘરોમાં લહેરાવવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા આહ્વાનને ઝીલી લઈને રાજ્યના એક કરોડ ઘરો પર તિરંગો લહેરાવવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે.

આઝાદીના ૭૫ વર્ષની રાષ્ટ્રભાવના સાથે ઉજવણી અંતર્ગત ‘હર ઘર તિરંગા’ અભિયાનના ભાગરૂપે સુરતના પીપલોદ ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજિત ‘તિરંગા પદયાત્રા’ને તિરંગો લહેરાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીની સાથે તિરંગા પદયાત્રામાં શહેરીજનો પગપાળા ચાલીને સહભાગી થયા હતા. લાલભાઈ કોન્ટ્રાકટર ક્રિકેટ સ્ટેડિયમથી કારગીલ ચોક સુધી બે કિલોમીટર સુધીના તિરંગા યાત્રાના રૂટ પર મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોનું તિરંગા લહેરાવી શહેરીજનોએ હર્ષનાદ સાથે અભિવાદન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ પણ તિરંગો લહેરાવી શહેરીજનોનું અભિવાદન ઝીલ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી સહિત મહાનુભાવો, પદાધિકારીઓએ અહીં ઉભા કરાયેલા તિરંગા વિતરણ બુથ પરથી ડિજિટલ પેમેન્ટના માધ્યમથી તિરંગાની ખરીદી કરી હતી. પદયાત્રાના રૂટ પર વિવિધ રાજ્યના સાંસ્કૃતિક ગ્રુપો, શાળાના વિદ્યાર્થીઓ, યુવાનોએ પારંપરિક સાંસ્કૃતિક પહેરવેશમાં દેશભક્તિની રંગારંગ કૃતિઓ રજૂ કરી ‘તિરંગા પદયાત્રા’માં જોડાયેલા પદયાત્રીઓને ઉમળકાભેર આવકાર્યા હતા. મીની ભારત એવા સુરતમાં વસેલા વિવિધ રાજ્યના સાંસ્કૃતિક ગ્રુપો અને તેમની નૃત્ય પ્રસ્તુતિઓ લોકોના આકર્ષણનું કેન્દ્ર બની હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર દેશ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યો છે, ત્યારે રાજ્યના પ્રત્યેક નાગરિકોમાં રાષ્ટ્રભાવ જગાવવા સુરતની તિરંગા પદયાત્રા પ્રેરણારૂપ બની છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના તમામ નાગરિકો ઘર પર તિરંગો લહેરાવે અને રાષ્ટ્રભાવનાના આ યજ્ઞમાં ઉત્સાહભેર જોડાઈને મા ભારતીનું ગૌરવ વધારે એવી અપેક્ષા વ્યક્ત કરી હતી. તેમણે સુરતવાસીઓના જોમજુસ્સાની પ્રશંસા કરતા કહ્યું કે, ખાનપાન અને નિખાલસતા માટે જાણીતા મોજીલા સુરતીઓ રાષ્ટ્રભક્તિમાં પણ અગ્રેસર છે. સુરતીઓ ઘરે ઘરે તિરંગો લહેરાવી રાષ્ટ્રચેતનાની આ પહેલમાં યોગદાન આપે એવી આકાંક્ષા પણ વ્યક્ત કરી તેમણે તિરંગા યાત્રાના સુદ્રઢ આયોજન બદલ સુરત મહાનગરપાલિકાના સુત્રધારોને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, સુરતીઓએ દેશભરમાં તિરંગા યાત્રા મારફત દેશના ખૂણે ખૂણે રાષ્ટ્રવાદનો સંદેશ પહોંચાડવામાં યોગદાન આપવાની જવાબદારી લીધી છે. સુરતના યુવાનો-બાળકોએ પોતાના પોકેટ મનીથી તિરંગો ખરીદીને યાત્રામાં જોડાયા છે, જે સરાહનીય છે.

આ પ્રસંગે સાંસદ શ્રી સી.આર.પાટીલે સુરતવાસીઓના દેશભક્તિના જોમજુસ્સાને બિરદાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, હજારો યુવાનો, ક્રાંતિકારીઓ, આઝાદીના લડવૈયાઓના બલિદાનના પ્રતાપે આજે દેશવાસીઓ મુક્તપણે રાષ્ટ્રધ્વજ ફરકાવી શકે છે

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ‘હર ઘર તિરંગા’નું થીમ સોંગ લોન્ચ કર્યું હતું તથા ઉપસ્થિત સૌને તિરંગાને માન-સન્માન સાથે લહેરાવવા સામૂહિક શપથ ગ્રહણ કર્યા હતા.

પદયાત્રામાં વિવિધ શાળાના વિદ્યાર્થીઓ-શિક્ષકો, અલગ અલગ રાજ્યોનાં સાંસ્કૃતિક સમૂહો, વિવિધ સમાજ- સંગઠનોના પ્રતિનિધિઓ અને રાષ્ટ્રપ્રેમી નાગરિકો દેશભક્તિભર્યા માહોલમાં ઉત્સાહભેર પદયાત્રામાં જોડાયા હતા.

તિરંગાયાત્રામાં નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, શહેરી વિકાસ રાજ્ય મંત્રી

શ્રી વિનોદભાઈ મોરડિયા, ઊર્જા રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, મેયર શ્રીમતી હેમાલી બોઘાવાલા સહિત જિલ્લા વહીવટીતંત્ર અને પાલિકાના અધિકારીઓ, હજારો યુવાનો, વિદ્યાર્થીઓ, નાગરિકો જોડાયા હતા.

### દેશ માટે સમર્પિત ભાવનાનો જુસ્સો આપણી ખરી તાકાત છે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે નાગરિકોને દેશ માટે સમર્પિત થવાનો જુસ્સો કાયમી રાખવાનું આહ્વાન કર્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશનું નામ સમગ્ર વિશ્વમાં ઉજાગર કર્યું છે, ત્યારે આપણે સૌ સહિયારા પ્રયાસો થકી દેશને વિકાસના ઉચ્ચત્તમ શીખરો સુધી લઇ જવા સતત પ્રયત્નશીલ રહેવું જોઇએ. હવે દેશ માટે જીવવાનું છે. હવે આ કાળમાં દેશ માટે કશું કરી જીવવાનો અવસર છે.

આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે રાજ્ય સરકાર અને વડોદરા મહાનગરપાલિકા દ્વારા હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત યોજાયેલી વિરાટ તિરંગા યાત્રાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડોદરાના પોલો ગ્રાઉન્ડથી પ્રસ્થાન કરાવી હતી. આ પદયાત્રામાં તેમની સાથે મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, મહિલા અને બાળ કલ્યાણ રાજ્ય મંત્રી શ્રીમતી મનિષાબહેન વકીલ પણ જોડાયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ રાષ્ટ્રીય પર્વની મહત્તા સમજાવતા કહ્યું હતું કે, દેશમાં અનેક પ્રકારના તહેવારો જુદીજુદી રીતે મનાવવામાં આવે છે પણ, રાષ્ટ્રીય પર્વ કોઇ પણ નાતિ, જાતિ, ધર્મ કે પ્રદેશના બંધનો વિના માત્ર દેશપ્રેમ સાથે તમામ લોકો ઉત્સાહપૂર્વક ઉજવે છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ હર ઘર તિરંગા અભિયાન હેઠળ તા. ૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન પ્રત્યેક ઘરોમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે આહ્વાન કર્યું છે. ગુજરાત આ આહ્વાનને ઝીલીને અદભૂત ઉત્સાહ દર્શાવી રહ્યું છે. વડાપ્રધાનશ્રીના પ્રત્યેક આહ્વાનને તમામ ગુજરાતીઓ સારી રીતે ઝીલી લે છે.



### સુરતની તિરંગાયાત્રામાં PMની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ

*સુરતના રિંગ રોડ ખાતે આયોજિત ભવ્ય તિરંગાયાત્રામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ હાજરી આપી હતી. તિરંગા યાત્રાને વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધતા વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, આપણો રાષ્ટ્રધ્વજ દેશના કાપડ ઉદ્યોગ, ખાદી અને આપણી આત્મનિર્ભરતાનું પ્રતિક છે. સુરતે હંમેશા કાપડ ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારતનો પાયો તૈયાર કર્યો છે. વડાપ્રધાનશ્રીએ સુરતીઓ અને વિશેષતઃ કાપડ ઉદ્યોગકારોની સરાહના કરતા કહ્યું કે, સુરત એક વાર સંકલ્પ કરે છે તો એને કોઈ પણ કિંમતે પૂર્ણ કરવાનો મિજાજ અને તાકાત ધરાવે છે. તેમણે ઉમેર્યુ હતુ કે, આઝાદીના અમૃત મહોત્સવમાં રાષ્ટ્રધ્વજ રાષ્ટ્રની એકતા અને ચેતનાનું પ્રતિનિધિત્વ કરે છે. તિરંગો રાષ્ટ્રભાવનાની શક્તિ અને ભક્તિની પ્રતીતિ કરાવે છે.*

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ કહ્યું કે, સંસ્કારી નગરી વડોદરામાં તિરંગા યાત્રા પ્રત્યે શહેરીજનોના ઉત્સાહને જોતા આઝાદી બાદના તુરંતના ઉત્સાહ જેવી અનુભૂતિ થાય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આઝાદીના ૭૫ વર્ષ નિમિત્તે સૌ શહીદોને નમન કરતા દેશની એકતા અને અખંડિતતાને જાગૃત કરવા શ્રીનગરના લાલ ચોકથી કેરળ સુધી દેશની ચારેય દિશામાં કરોડો ઘરોમાં તિરંગો લહેરવા અપીલ કરી તેને અદમ્ય પ્રતિસાદ મળી રહ્યો છે. આપણા તિરંગાની શાન માત્ર દેશમાં નહીં પણ દુનિયામાં પણ લહેરાઇ રહી છે. વિદેશની ધરતી ઉપર તાજેતરમાં થયેલા યુદ્ધમાં ફસાયેલા બીજા દેશના છાત્રો તિરંગો લહેરાવતા સલામત બચી ગયો હોવાની ઘટના આપણી નજર સમક્ષ છે, આ વાત તિરંગાનું ગૌરવગાન કરે છે.


મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવો પોલોગ્રાઉન્ડથી સૂરસાગર તળાવ સુધી તિરંગા પદયાત્રામાં જોડાયા હતા. આ તિરંગા યાત્રામાં કેટલાક છાત્રો સ્વાતંત્ર્ય સેનાનીના પરિવેશમાં આવ્યા તો કેટલીક યુવતીઓએ ભારત માતાનું રૂપ ધારણ કરી તેમાં સહભાગી થઇ હતી.

આ તિરંગા યાત્રામાં પોલીસ વિભાગના પ્લાટૂન, શી ટીમ, ઘોડે સવાર પોલીસ, વિવિધ શાળા કોલેજ અને યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ તેમજ રાજ્યોના પ્રાંતીય સંગઠનો પોતાની પ્રાંતીય વેશભૂષામાં સજ્જ થઈ, વિવિધ સામાજિક, ધાર્મિક અને રાજકીય સંસ્થાઓ સાથે સંકળાયેલા પ્રતિનિધિ અને નાગરિકો તેમજ વાહનો સાથે દિવ્યાંગજનો પણ સહભાગી થયા હતા. તિરંગા યાત્રાના સમગ્ર રૂટ પર માર્ગની બન્ને તરફ તિરંગા ઝંડાથી સુશોભન કરવામાં આવ્યા હતા. તેમજ રૂટ પર ઠેર ઠેર યાત્રાના સ્વાગત માટે વિવિધ નૃત્ય મંડળીઓ, અને વિવિધ ડીજેની વિવિધ ટીમો જોડાઇ હતી.

મેયર શ્રી કેયુરભાઇ રોકડિયા, ધારાસભ્ય સર્વ શ્રી યોગેશભાઇ પટેલ, શ્રીમતી સીમાબહેન મોહિલે, શ્રી જીતુભાઇ સુખડિયા, અગ્રણી શ્રી ભાર્ગવભાઇ ભટ્ટ અને ડો. વિજયભાઇ શાહ, પૂર્વ ધારાસભ્ય, પૂર્વ મેયરો, નગરસેવકો, મ્યુનિસિપલ કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ, કલેક્ટર શ્રી અતુલ ગોર સહિત વિશાળ સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

# ૭૬મા સ્વાતંત્ર્ય પર્વે મુખ્યમંત્રીશ્રીનો પ્રજાજોગ સંદેશો

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૭૬મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે પ્રજાજનોને સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છા પાઠવી છે. આ સાથે, તેમણે પાઠવેલો પ્રજાજોગ સંદેશ અત્રે પ્રસ્તુત છે...**



ગુજરાતના મારા વ્હાલા ભાઈઓ બહેનો, સ્વતંત્રતાના આ પર્વની આપ સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ. આપણો દેશ સ્વતંત્રતાના ૭૫ વર્ષ, આઝાદી કા અમૃત મહોત્સવ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના પ્રેરણા અને માર્ગદર્શનમાં ઉજવી રહ્યો છે. વડાપ્રધાનશ્રીએ આપેલા હર ઘર તિરંગાના આહ્વાનને પગલે આપણે સમગ્ર રાજ્યમાં ઘરે ઘરે તિરંગા ફરકાવીને આ ૭૬મા સ્વતંત્રતા પર્વને એક નવી ચેતનાનું પર્વ બનાવ્યું છે. આઝાદીના આ વટવૃક્ષના મૂળીયા અનેક વીરલાઓ, મા ભારતીના સપૂતોએ પોતાના રક્તથી સિંચ્યા છે. વર્ષોના વર્ષો અવિરત સંઘર્ષમાં બ્રિટિશરોની લાઠી-ગોળી ખાઇને શહાદત વહોરીને અને ફાંસીના માંચડે ચડીને આ મહામૂલી આઝાદી અપાવી છે.

વીર સાવરકર, શ્યામજી કૃષ્ણ વર્મા, સરદારસિંહ રાણા, સુખદેવ, રાજગુરૂ, ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝ, ખુદીરામ બોઝ, મહાત્મા ગાંધી અને સરદાર પટેલ, એવા અનેક સપૂતોના ત્યાગ, તપસ્યા અને બલિદાનની પૃષ્ઠભૂમિ પર આજે આઝાદીની આ બુલંદ બૂનિયાદ આપણને મળી છે. આજે એ સૌ પૂણ્યાત્માઓ અને મા ભારતીના સપૂતોનો આદર વંદના કરવાનો અવસર છે.

કોઇ પણ દેશ કે રાષ્ટ્ર માટે પોતાની આઝાદીના ૭૫ વર્ષનો ઉત્સવ ખૂબ જ ગૌરવપૂર્ણ પ્રસંગ હોય તે સ્વાભાવિક છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આઝાદીના આ અમૃત મહોત્સવમાં ૧૩૦ કરોડ ભારતવાસીઓને જોડીને રાષ્ટ્રભક્તિનો નવો માહોલ ઊભો કર્યો છે.

ગુજરાતનું તો સૌભાગ્ય છે કે આઝાદીના અમૃત મહોત્સવનો પ્રારંભ આદરણીય વડાપ્રધાનશ્રીએ દાંડીયાત્રાની સ્મૃતિમાં ૧૨મી માર્ચ ૨૦૨૧ના સાબરમતી આશ્રમથી કરાવ્યો હતો. વડાપ્રધાનશ્રીએ આઝાદીના અમૃત મહોત્સવ દ્વારા આપણને સૌને મા ભારતીને પરમ વૈભવના શિખરે બિરાજમાન કરાવવાનો સંકલ્પ આપ્યો છે. આઝાદીનો અમૃત મહોત્સવ આપણને એ દિશામાં સતત આગળ ધપવાની પ્રેરણા આપતો રાષ્ટ્ર ઉત્સવ છે.

ભાઇઓ-બહેનો, આજે ભારત વિશ્વમાં એક સશક્ત રાષ્ટ્ર તરીકે ઉભરી આવ્યું છે. આવનારા દિવસો આપણા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કૃષિ, શિક્ષણ, આરોગ્ય, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, જળ વ્યવસ્થાપન, ગ્રીન એનર્જી, ઉદ્યોગ દરેક ક્ષેત્રે આત્મનિર્ભરતાના મંત્ર સાથે ભારતને વિકસિત દેશો સાથે સ્પર્ધા કરવા સક્ષમ બનાવ્યું છે.

સમાજનો નાનામાં નાનો માનવી, ગરીબ, વંચિત, પીડિત, શોષિત, મહિલા, યુવા, ખેડૂત સૌના સાથ, સૌના વિકાસના મંત્ર સાથે વિકાસ એ જ માત્ર લક્ષ્યથી અમે દિનરાત સેવારત છીએ. મહિલા સશક્તીકરણ માટેની બજેટ જોગવાઇમાં ૪૨ ટકાનો માતબર વધારો કર્યો છે. મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના દ્વારા સગર્ભા અને ધાત્રી માતા તથા બાળકને પોષણક્ષમ આહાર માટે રૂ. ૮૫૦ કરોડની માતબર ફાળવણી કરી છે.

તો રાજ્યની યુવા શક્તિને જ્ઞાન-કૌશલ્ય વર્ધનના અનેક અવસરો આપણે આપ્યા છે. ગુજરાત છેલ્લા ૩ વર્ષથી સ્ટાર્ટઅપ રેંકીંગમાં દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે,તે આપણા માટે ગૌરવની વાત છે.

યુવાનોને રમત ગમત ક્ષેત્રે કારકિર્દી ઘડતર માટે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીની સ્થાપના કરી છે. ગુજરાત ૩૬મી નેશનલ ગેમ્સનું યજમાન બનવાનું છે અને રાજ્યના ૬ શહેરોમાં આ રમતોત્સવ યોજવાના છીએ.

આદરણીય વડાપ્રધાનશ્રીએ સૌના સાથ સૌના વિકાસનો જે મંત્ર આપ્યો છે, તે સાકાર કરતાં રાજ્યના વનબંધુઓ આદિજાતિને પણ વિકાસની મુખ્ય ધારામાં આપણે લાવ્યા છીએ. આદિજાતિ વિસ્તારોમાં મોબાઇલ કનેક્ટિવિટી વધારવા ૫૦૦ ગામોને નેટવર્કથી જોડવા માટે રૂ. ૧૧૧ કરોડની જોગવાઇ કરી છે. એસ્ટોલ પ્રોજેક્ટ દ્વારા ૨૦૦ માળની ઉંચાઇ સુધી પહાડી વિસ્તારમાં સાડા ચાર લાખ બાંધવોને અમે પાણી પહોંચાડ્યું છે. વન અધિકાર નિયમ અંતર્ગત વનબંધુઓને પાંચ લાખ હેક્ટરથી વધુ જમીનના હકો સુપરત કર્યા છે.

ખેતીની વાત કરીએ તો, આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કૃષિ મહોત્સવ, સોઇલ હેલ્થ કાર્ડ, પશુ આરોગ્ય મેળાના જે અભિયાન ચલાવ્યા તેના અનેક લાભ ગુજરાતને મળ્યા છે. વીસ વર્ષમાં બાગાયતી પાકનું ઉત્પાદન ૨૫૦.૫૨ લાખ મેટ્રીક ટન થયું છે. સુક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવીને આપણા ધરતીપુત્રો દાડમ, ખારેક અને કમલમ ફ્રુટ જેવા પાક પણ લેતા થયા છે. પ્રાકૃતિક ખેતી દ્વારા હવે રાજ્યના કિસાનોએ રસાયણમુકત ખેતીથી સમૃદ્ધ થવાનો માર્ગ લીધો છે.

આજે બે દાયકામાં ૬૯ હજાર કિલોમીટર લાંબા કેનાલ નેટવર્કથી ખેતરે-ખેતરે નર્મદાના નીર પહોંચ્યા છે. છેલ્લા ૨૦ વર્ષમાં દોઢ લાખથી વધુ ચેકડેમ બનાવીને જળ સિંચનનું ભગીરથ કાર્ય કર્યું છે. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનામાં ૬૬ હજાર જેટલા જળ સંગ્રહના કામો પૂરા થતા સાડા ત્રણ લાખ ખેડૂતોને સિંચાઇનો લાભ મળશે.

કચ્છની વર્ષો જુની માંગણી આપણે પુરી કરી છે અને હવે નર્મદાના પુરના વધારાના એક મિલિયન એકર ફીટ પાણી ઉપલબ્ધ બનાવવાના છીએ. બે દાયકામાં આપણે ૧ લાખ ૨૦ હજાર કિમી લાંબી જળ વિતરણ

પાઇપ લાઇનનું નેટવર્ક વિકસાવ્યું છે. પીવાના અને ખેતી માટે સિંચાઇના પાણીની અછતને ભૂતકાળ બનાવી સૌની યોજના અને સૂજલામ સૂફલામ યોજનાથી જળ સંકટ દૂર કર્યું છે.

વડાપ્રધાનશ્રીએ આઝાદીના આ અમૃત વર્ષે દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવર બનાવવાનું આહ્વાન કર્યું છે. ગુજરાતમાં આપણે ૬૬૩ અમૃત સરોવર તો પૂર્ણ પણ કરી દીધા છે. અને આ સ્વાતંત્ર દિવસે દરેક જિલ્લામાં ૨૦ અમૃત સરોવરના સ્થળે ધ્વજ વંદન પણ થવાનું છે.

ઊર્જા ક્ષેત્રે પણ શ્રી નરેન્દ્રભાઇ મોદીના દિશા-દર્શનમાં આમૂલ પરિવર્તન આવ્યાં છે. જ્યોતિગ્રામ યોજનાથી ગામડાઓનો થ્રી ફેઝ ૨૪ કલાક સતત-અવિરત વીજળી મળતી થઇ છે.

આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ બનાસકાંઠાના ચારણકામાં દેશનો સૌથી પહેલો સોલર પાર્ક સ્થાપિત કર્યો હતો. કચ્છમાં ૩૦ હજાર મેગાવોટનો વિશ્વનો સૌથી મોટો સોલાર એન્ડ વિન્ડ એનર્જી હાઇબ્રીડ રિન્યુએબલ એનર્જી પાર્ક આપણે સ્થાપી રહ્યા છીએ.

ભાઇઓ બહેનો, ખેતી અને ઉર્જા જેવી પાયાની માળખાકીય સુવિધાઓ સાથોસાથ પાણી, આરોગ્ય, શિક્ષણ, ઉદ્યોગ, જેવા ક્ષેત્રોમાં પણ ગુજરાતે ઉડીને આંખે વળગે એવો વિકાસ વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં સાધ્યો છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જલ જીવન મિશન શરૂ કરાવ્યું અને આજે રાજ્યનાં ૯૭ ટકા ઘરોમાં નળથી જળ મળે છે.

ભાઇઓ બહેનો, શિક્ષણનો પાયો પણ સાથોસાથ મજબુત કરી ગુજરાતના બાળકો-યુવાનોને ઘરઆંગણે વર્લ્ડ ક્લાસ શિક્ષણ આપવાનું મહત્વનું કદમ ઉઠાવ્યું છે. આ સાથે સાથે, શાળાઓમાં બાળકોના નામાંકનનું પ્રમાણ પણ આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કરાવેલા શાળા પ્રવેશોત્સવ કન્યા કેળવણી અભિયાનને આગળ ધપાવતા વધાર્યું છે. બે દાયકા પહેલા જે સ્કુલ ડ્રોપ આઉટ રેટ ૩૭ ટકા હતો તે ઘટીને ૩ ટકા જેટલો નીચો ગયો છે. રાજ્યની ૩૩ હજાર ઉપરાંત શાળાઓના ૪૫ લાખ જેટલા બાળકો અને બે લાખ શિક્ષકોના પર્ફોર્મન્સ, એટેન્ડન્સના વગેરેની ઓનલાઇન મોનિટરિંગની પહેલ ગુજરાતે કરી છે. આપણું વિદ્યા સમીક્ષા કેન્દ્ર દેશનું પ્રથમ ટેકનોલોજીકલ એજ્યુકેશનલ આર્કીટેક્ચર બન્યું છે. આ કેન્દ્રમાં પાંચ સો કરોડ ડેટાનું અહીં વિશ્લેષણ થાય છે અને તેના આધારે શાળા શિક્ષણ ક્ષેત્રમાં ગુણાત્મક સુધાર આવ્યા છે.

ગુજરાતમાં આજે શ્રી નરેન્દ્રભાઇના દિશાદર્શનમાં સેક્ટરલ યુનિવર્સિટીનો નવો યુગ શરૂ થયો છે. વિવિધ ૧૦૨ યુનિવર્સિટીઝ, મિશન સ્કુલ ઓફ એક્સેલન્સના પરિણામે નવી શિક્ષણ નીતિને અનુરૂપ જ્ઞાન હવે ઘર આંગણે મળતું થયું છે.

સૌની આરોગ્ય સુખાકારી માટે હેલ્થ સેક્ટરને અમારી સરકારે પ્રાથમિકતા આપી છે.માતા મૃત્યુ દર અને નવજાત શિશુ મૃત્યુ દરમાં પણ વ્યાપક ઘટાડો થયો છે. ૧ કરોડ ૪૫ લાખ લાભાર્થીઓને PMJAY - 'મા' યોજના અન્વયે હેલ્થ કાર્ડ અપાયા છે. આ યોજના અંતર્ગત સારવાર માટે ૨૫૯૪ હોસ્પિટલ ઉપલબ્ધ છે. નાગરિકોને કોઇ પણ તકલીફમાં તેમના ઘરની નજીકના સ્થળે ૩૦ મિનીટમાં પ્રાથમિક સારવાર મળી રહે તે માટે ૭૨૯૪ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે.

ભાઇઓ બહેનો, ગુજરાત સૌથી વધુ FDI મેળવનારા રાજ્યોની શ્રેણીમાં અગ્રેસર છે. શ્રી નરેન્દ્રભાઇએ ગિફ્ટ સિટીમાં તાજેતરમાં ઇન્ટરનેશનલ બુલિયન એક્સચેંજ કાર્યરત કરાવીને વિશ્વ વેપારમાં ગુજરાતનો ડંકો વગાડી દીધો છે. MSMEને પ્રોત્સાહન આપવાની નીતિને કારણે આજે ગુજરાતમાં ૮.૬૬ લાખ MSME ધમધમે છે.

ઔદ્યોગિક ઉત્પાદનો ૧૬.૧૯ લાખ કરોડે પહોંચ્યા છે. ગુજરાત ઓટોહબ, મેન્યુફેક્ચરિંગ હબ, પેટ્રો-કેમિકલ હબ, ફાર્મા હબ બનીને દેશના ઔદ્યોગિક વિકાસનું ચાલક બળ બન્યું છે. આપણે નવી આઇ.ટી. અને આઇ.ટી.ઇ.એસ. પોલીસી, બાયોટેકનોલોજી પોલિસી, સેમિ કંડક્ટર પોલિસી, ઇલેક્ટ્રીકલ વ્હિકલ પોલીસી, અને તાજેતરમાં જ ડ્રોન પોલિસી આપણે જાહેર કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું માર્ગદર્શન, અમારી ટીમ ગુજરાતનો અવિરત પુરુષાર્થ અને સૌ ગુજરાતીઓના પીઠબળથી ગુજરાતને આઝાદીના અમૃત વર્ષના આ સ્વતંત્રતા પર્વે વિકાસની વધુ ઊંચી ઊડાન ભરાવવાનો સંકલ્પ લઇએ.

સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસથી આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે પ્રતિબદ્ધ થઇએ.


***ફરી એકવાર આપ સૌને સ્વતંત્રતા પર્વની શુભેચ્છા પાઠવું છું.***

***જય જય ગરવી ગુજરાત... ભારત માતા કી જય ....***

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ૭૬મા સ્વાતંત્ર્ય પર્વે કરેલી મહત્વપૂર્ણ જાહેરાતો

- રાજ્યના બધાજ તાલુકાના ૭૧ લાખ NFSA કાર્ડ ધારકોને રાહત દરે પ્રતિ માસ કાર્ડ દીઠ ૧ કિલો ચણા આપવામાં આવશે.
- રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ સમાવવા માટેના હાલના પાત્રતાના ધોરણોમાં હાલની આવક મર્યાદામાં વધારો કરીને રૂ. ૧૫૦૦૦ કરવામાં આવશે
- રાજ્યમાં ઝીરો એર પોલ્યુશન ધરાવતી ઇલેક્ટ્રીક બસ દ્વારકા, અંબાજી, સ્ટેચ્યુ ઓફ યુનિટિમાં શરૂ કરાશે.
- રાજ્યના નાગરિકોની પરિવહન સુવિધા માટે રૂ. ૩૬૭ કરોડના ખર્ચે નવી ૧૨૦૦ BS-6 બસ સેવામાં મુકવામાં આવશે.
- રાજ્યના ૫૦ બસ મથકોએ નાગરિક સુવિધા માટે ATM મુકવામાં આવશે.
- વર્લ્ડ બેંકની સહાયતાથી ખંભાતના અખાતને મળતી નદીઓના એસ્ચ્યુરિઝના પાણીની ગુણવત્તા ચકાસણી, રિઅલ ટાઇમ કોસ્ટલ વોટર મોનિટરીંગ સિસ્ટમથી કરવામાં આવશે.
- એકતાનગર-કેવડીયા કોલોનીમાં ટ્રોમા સેન્ટર સાથે ૫૦ બેડની નવી હોસ્પિટલ માટે ૩ કરોડ રૂપિયાની ફાળવણી.

# મોડાસામાં ૭૬મા સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી




અરવલ્લી જિલ્લાના મોડાસામાં રાજ્યકક્ષાના ૭૬મા સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અરવલ્લી જિલ્લાની સમર્થ ભૂમિ પરથી તિરંગો લહેરાવી તેને સલામી આપી ગુજરાતના સર્વાંગી વિકાસની ગાથા આલેખી હતી. વિશ્વની પ્રાચીનતમ ગીરીમાળા એવી અરવલ્લીના ખોળે વસેલા મોડાસાના આંગણેથી રાજ્યના સૌ નાગરિકોને ૭૬માં સ્વાતંત્ર્ય દિવસની શુભેચ્છાઓ પાઠવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારત દેશને વિદેશી શાસનમાંથી મુક્ત કરાવી આઝાદ લોકતાંત્રિક ભારતની સ્થાપના કરનાર વીર શહીદોને યાદ કરવાનો દિવસ છે.

ભારતની આઝાદીની સંઘર્ષ યાત્રા ખૂબ જ લાંબી છે. બ્રિટિશ હુકુમત સામે લગભગ ૯૦ વર્ષ ચાલેલી આ લડત દેશ આખો એક બની લડ્યો હોવાનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આઝાદીની લડાઈનું નેતૃત્વ ગુજરાતની ધરાના બે સપૂતો ગાંધીજી અને સરદાર સાહેબે લીધું હતું. સાથે-સાથે સુભાષચંદ્ર બોઝ, વીર સાવરકર, ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ, અશફાક, ચંદ્રશેખર આઝાદ, લાલ-બાલ-પાલ, શ્યામજી કૃષ્ણ વર્મા, મેડમ કામા અને સરદારસિંહ રાણા જેવા ક્રાંતિકારીઓના સાહસે પણ બ્રિટિશ હુકુમતના ગઢમાં ગાબડા પાડ્યા હતાં. એટલું જ નહીં સરદાર સાહેબે આઝાદી બાદ ભારતને ભૌગોલિક રીતે એક કરવાનું મહાન કામ કર્યું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વીર સપૂતોના સાહસ, શૌર્યનું દેશવાસીઓને સતત સ્મરણ રહે એટલે જ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વતંત્રતાના ૭૫મા વર્ષે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીનો કોલ આપ્યો છે. ૧૨મી માર્ચ ૨૦૨૧થી- ૧૫ ઓગસ્ટ ૨૦૨૩ સુધી ૭૫ અઠવાડિયા લાંબો આ આઝાદીનો અમૃત મહોત્સવ તેમણે અમદાવાદના સાબરમતી આશ્રમથી શરૂ કરાવ્યો છે. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં ઉજવાઇ રહેલા આઝાદીના અમૃત મહોત્સવે દેશભરમાં એક નવી ચેતના, નવી પ્રેરણા, નવા ઉમંગનો સંચાર કર્યો છે.

મુખ્ય મંત્રીશ્રીએ 'હર ઘર તિરંગા' અભિયાનનો ઉલ્લેખ કરી કહ્યું હતું કે, આપણા વડાપ્રધાનશ્રીના આહવાનને ઝીલી લઈને કરોડો ગુજરાતીઓએ હરઘર તિરંગા અભિયાનને સફળ બનાવ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપ આ દેશને મળી છે તે આપણું સૌભાગ્ય છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ગુજરાતે અભૂતપૂર્વ પ્રગતિ કરી, દેશના વિકાસમાં અનન્ય યોગદાન આપ્યું હોવાનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ જણવ્યું હતું કે, આજે ગુજરાત દેશનું મોડેલ સ્ટેટ બન્યું છે. તત્કાલિન સમયે તેમણે ચીંધેલા વિકાસના પથ ઉપર આજે 'ટીમ ગુજરાત' પ્રત્યેક ગુજરાતીના વિકાસ માટેની યાત્રા નિષ્ઠાપૂર્વક આગળ વધી રહી છે.

શિક્ષણ, સ્વાસ્થ્ય, સુરક્ષા ઉપરાંત ખેતી, ગ્રામીણ વિકાસ વંચિતોનો વિકાસ અને ઉદ્યોગોનો પણ વિકાસ એવા હોલિસ્ટીક ડેવલોપમેન્ટના ધ્યેયથી રાજ્ય સરકાર સેવારત હોવાનું જણાવી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, આરોગ્ય સુખાકારીને ગુજરાત સરકારે સમાજના વિકાસનો મુખ્ય આધાર બનાવી છે. ગુજરાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ કોરોના સામેના જંગમાં જીત મેળવી છે. દસ કરોડ ઉપરાંત વેક્સિન ડોઝ આપીને ગુજરાત દેશભરમાં અગ્રેસર રહ્યું છે. એર એમ્બ્યુલન્સ શરૂ કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે.

દર અઠવાડિયે શુક્રવારે આરોગ્ય દિવસ અંતર્ગત બિનચેપી રોગો અને બિમારીઓના સ્ક્રીનીંગથી સારવારનો નવતર અભિગમ અપનાવીને ત્રણ કરોડથી વધુ નાગરિકોને

આ સેવામાં આવરી લીધા છે. આયુષ્માન ભારત-પીએમજેએવાય 'મા' યોજનામાં ૧ કરોડ ૪૫ લાખ લાભાર્થીઓને આવરી લીધા છે. રાજ્યના સાડાચાર લાખ જેટલાં નાગરિકોને ડિજિટલ હેલ્થ આઈડી કાર્ડ આપવામાં આવ્યા છે. જરૂરીયાતમંદ ગ્રામીણ લોકોને આ યોજનાનો લાભ સરળતાએ મળે તે માટે તલાટી દ્વારા અપાતા આવકના દાખલા ત્રણ વર્ષ સુધી માન્ય રાખવાનો નિર્ણય પણ કર્યો છે.

વાવણીથી વેચાણ સુધી રાજ્ય સરકાર ધરતીપુત્રોની પડખે સતત એક પરીવારના સભ્યની જેમ ઊભી રહે છે. ખેડૂતોની જમીન વધુ ફળદ્રુપ બને અને રાસાયણિક ખાતરોથી જમીનને થતા નુકશાનને અટકાવવા નક્કર કાર્ય આરંભ્યું છે. ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને વિશેષ પ્રાધાન્ય આપ્યું છે. ડાંગ જિલ્લાને ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી આધારિત જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. ઈન્ફ્રાસ્ટ્રકચર સેક્ટરની સાથે સામાજિક સેવા ક્ષેત્રોમાં પણ રાજ્ય સરકારે ઉડીને આંખે વળગે તેવો વિકાસ કર્યો છે. આપણા વડાપ્રધાનશ્રીએ શરૂ કરાવેલા શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી અભિયાનને ગુજરાતે વેગપૂર્વક આગળ ધપાવ્યું છે. આ વર્ષે શાળા પ્રવેશોત્સવમાં પહેલા ધોરણમાં પોણા છ લાખ બાળકો અને આંગણવાડીમાં અઢી લાખ ભૂલકાંઓનો પ્રવેશ કરાવ્યો છે.

ગુજરાત શાંત અને સલામત રાજ્ય હોવાનું જણાવી મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આજે ગુજરાતમાં ગિફ્ટ સિટી, ધોલેરા સ્માર્ટ સિટી, ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ, સૌથી પહેલો સોલાર પાર્ક, સૌથી મોટો રોપ વે વગેરે જેવા પ્રોજેક્ટ સાકાર થયા છે.

મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ વૈશ્વિક વિકાસ યાત્રાના મૂળમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીનું છેલ્લા બે દાયકાથી ગુજરાતને સતત મળી રહેલું માર્ગદર્શન છે. છેલ્લા 20 વર્ષના વિકાસમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીનો કઠીન પરિશ્રમ દેખાય છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ રાષ્ટ્રધ્વજ ફરકાવી તેને સલામી હતી. બાદમાં મુખ્યમંત્રીશ્રીએ ખુલ્લી જીપમાં બેસી નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું. કાર્યક્રમ બાદ મુખ્યમંત્રીશ્રી તથા મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ.

## 'મોંઘી મિરાત મોડાસા'

સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે અરવલ્લીની ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિરાસતને ઉજાગર કરતો 'મોંઘી મિરાત મોડાસા' સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં જિલ્લાના ૧૭ મહાનુભાવો તથા સંસ્થાઓનું સન્માન કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ અરવલ્લીને વિકાસની ભેટ આપી હતી. જેમાં શામળાજીને પવિત્ર યાત્રાધામ તરીકે જાહેર કરાયું છે. શામળાજી મંદિરમાં આગામી દિવસોમાં લાઇટ એન્ડ સાઉન્ડ 'શૉ'શરૂ કરાશે. ભિલોડા અને મેઘરજ તાલુકામાં સિંચાઇ સુવિધા માટે મેશ્વો ડેમ માંથી લીફ્ટ ઈરીગેશન દ્વારા પાણી પુરૂ પાડવા ૭૫ કરોડ રૂપિયાની યોજનાને મંજૂરી અપાઇ છે. આ લિફ્ટ ઈરીગેશન યોજનાથી ભિલોડા, મેઘરજ બે તાલુકાના ૩૧ તળાવો ભરવામાં આવશે. જિલ્લાના વિકાસ માટે પાંચ કરોડ રૂપિયાનું ખાસ અનુદાન આપવાની પણ મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી હતી.

આ અવસરે 'અરવલ્લીની અસ્મિતા વિકાસ વાટિકા' તેમજ 'આપણું અનેરૂ અરવલ્લી' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ અવસરે પ્રભારી મંત્રી શ્રી કુબેરભાઇ ડિંડોર, સર્વે સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, સચિવશ્રીઓ, સનદી અધિકારીઓ, જિલ્લાનાં વરિષ્ઠ અધિકારીશ્રીઓ, સ્વાતંત્ર્ય સેનાનીઓ તેમજ અગ્રણી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●


મોડાસામાં 'એટ હોમ' કાર્યક્રમ


રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ


પોલીસ પરેડ


મહાનુભાવોનું સન્માન


મોંઘી મિરાત મોડાસા: સાંસ્કૃતિક કાર્યક્રમ

# જામનગરમાં લમ્પી સ્કીન ડીસીઝ અંગે સર્વગ્રાહી સમીક્ષા કરતાં CM

લમ્પી સ્કીન ડીસીઝને લઈને રાજ્ય સરકાર ત્વરિત કામગીરી કરી રહી છે. ખુદ રાજ્યના મુખ્યમંત્રીશ્રી આ બાબતે ખેડૂતો પશુપાલકોને પડખે ઉભીને તમામ મદદ કરી રહ્યા છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જામનગરમાં પશુપાલન વિભાગનાં વરિષ્ઠ અધિકારીઓ તથા જિલ્લાનાં ઉચ્ચ અધિકારીઓ સાથે લમ્પી સ્કિન ડીસીઝની સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે પશુઓની સારવાર કે રસીકરણ બાદની સ્થિતિની પણ પૂરતી કાળજી લેવાવી જોઈએ. સરકાર દ્વારા રાજ્યમાંથી લમ્પી રોગને નાબૂદ કરવા તમામ પૂરતા પગલાંઓ લેવાયા છે તેમજ આ અંગે વહીવટી તંત્ર, પશુપાલન વિભાગ તથા આરોગ્ય વિભાગ દ્વારા શ્રેષ્ઠ કામગીરી થઈ રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ બેઠકમાં લમ્પી અસરગ્રસ્ત વિસ્તાર સિવાયના અન્ય વિસ્તારોમાં પણ સઘન રસીકરણ હાથ ધરવા સૂચના આપી હતી. આ તકે મુખ્યમંત્રીશ્રીએ જામનગર શહેરી વિસ્તાર, નગરપાલિકા તથા ગ્રામીણ વિસ્તારોમાં લમ્પી સ્કીન ડીસીઝ અંગેની વિગતો મેળવી હતી તેમજ કંટ્રોલરૂમ પર આવતા સારવાર માટેના ફોન કોલ્સ તથા જિલ્લામાં ઉપલબ્ધ રસીકરણના ડોઝ વિશે પણ માહિતી મેળવી હતી.

બેઠકમાં વિગતો આપતાં કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે જામનગર જિલ્લામાં લમ્પી વાયરસ પ્રસર્યો ત્યારથી જ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઉચિત આયોજનો કરી રોગ પર નિયંત્રણ લાવવા શ્રેષ્ઠ કામગીરી હાથ ધરવામાં આવી છે. તંત્રની જરૂરિયાત મુજબની તમામ માંગણીઓ પણ સરકાર દ્વારા પૂરી કરવામાં આવી છે. વાયરસ પર નિયંત્રણ આવે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે તેમજ તેમના માર્ગદર્શન હેઠળ મહદઅંશે રોગ પર કાબુ મેળવવામાં સફળતા પણ મળી છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ગૌમાતાની રક્ષા માટે સરકારે તમામ સંશાધનો કામે લગાવ્યા છે, જેના પરિણામે દેશના અન્ય રાજ્યો કરતા ગુજરાતની સ્થિતિ ઘણી સારી છે. રાજ્યમાં ૨૨ લાખથી વધુ પશુઓનું રસીકરણ પૂર્ણ કરાયું છે. રોગ ફેલાતો અટકે તે માટે અસરગ્રસ્ત વિસ્તારની પાંચ કિલોમીટરની ત્રિજ્યામાં પણ રસીકરણ કરવામાં આવી રહ્યું છે.



જિલ્લા વિકાસ અધિકારી શ્રી મિહીર પટેલ તથા મ્યુનિસિપલ કમિશ્નર શ્રી વિજય ખરાડીએ મુખ્યમંત્રીશ્રીને સંક્રમણની સ્થિતિ અને રાહત કામગીરીની વિગતો આપતા જણાવ્યું હતું કે જામનગર જિલ્લામાં ૩ મે, ૨૦૨૨ના રોજ પ્રથમ કેસ મળી આવ્યો ત્યારથી અત્યાર સુધી કુલ ૫૪૦૫ પશુઓ અસરગ્રસ્ત થયા છે જે પૈકી સઘન સારવારનાં પરિણામે જિલ્લામાં ૧૬૦૯ પશુઓ લમ્પીમુક્ત થયા છે જ્યારે હાલ ૩૬૯૨ પશુઓને સારવાર આપવામાં આવી રહી છે.

અત્યાર સુધી થયેલી રસીકરણની વિગતો આપતા ઉમેર્યું હતું કે જિલ્લાનાં ૧,૩૮,૦૦૦ ગાય સંવર્ગના પશુઓ પૈકી ૧,૧૦,૪૫૬ એટલે કે ૯૫ ટકા પશુઓને રસી આપી દેવાઈ છે. ખાનગી માલિકીના ૯૯% પશુઓનું રસીકરણ પૂર્ણ થઈ ચૂક્યું છે ત્યારે હવે બિનવારસી રખડતા પશુઓને રસીની ઝુંબેશ ચલાવી દૈનિક ધોરણે ૨ થી ૩ હજાર પશુઓને વેક્સીનેટ કરવામાં આવી રહ્યા છે.

જિલ્લામાં લમ્પી વાયરસને નિયંત્રિત કરવા રસીકરણ મહાઝુંબેશનું આયોજન કરી જિલ્લા પંચાયતની ૨૩ ટીમો તથા ૭૪ પશુચિકિત્સા અધિકારી, ૧૭ પશુધન નિરીક્ષકો, કામધેનું યુનિવર્સિટીનાં ૪ મદદનીશ પ્રાધ્યાપક, ૫ અનુસ્નાતક તબીબો તેમજ ૩૨ સ્નાતક તબીબો દ્વારા સઘન કામગીરી કરવામાં આવી હતી. રસીકરણ ઉપરાંત તેમણે લમ્પી વાઈરસના વાહક એવા માખી, મચ્છરના ઉપદ્રવને કાબુમાં લેવા માટે કાર્યરત આરોગ્ય વિભાગની ૩૪૪ ટીમો દ્વારા સ્વચ્છતા અને કીટક નિયંત્રણ માટે થઈ રહેલી કામગીરીની

વિગતો પણ આપી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લમ્પી સ્કીન ડીસીઝથી અસરગ્રસ્ત કચ્છ જિલ્લાની પણ મુલાકાત કરી હતી. તેમણે કચ્છ જિલ્લામાં આ રોગથી અસરગ્રસ્ત પશુઓને અલાયદા રાખવા માટેના આઈસોલેશન સેન્ટરની ભૂજ ખાતે મુલાકાત લીધી હતી. અસરગ્રસ્ત પશુઓને ક્વોરેન્ટાઈન કરીને આઈસોલેશનમાં રાખવા માટે જિલ્લાના ૧૦ તાલુકાઓમાં ૨૬ જેટલાં આઈસોલેશન સેન્ટર ઊભાં કરવામાં આવ્યાં છે. આ આઈસોલેશન સેન્ટરમાં અસરગ્રસ્ત પશુઓની સારવાર સંભાળ થઈ રહી છે. મુખ્યમંત્રીશ્રીએ ભૂજ આઈસોલેશન સેન્ટરની નિરીક્ષણ-મુલાકાત લઈ પશુધનને અપાઈ રહેલી સારવાર-સંભાળની જાણકારી મેળવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વેક્સિનેશન સેન્ટરની પણ મુલાકાત લઈને વેક્સિન સ્ટોક, તેની સાચવણી વગેરેની માહિતી મેળવી હતી. તેમણે ત્યારબાદ જિલ્લા કલેક્ટર કચેરીમાં જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક પણ યોજી હતી. મુખ્યમંત્રીશ્રીએ જિલ્લાના પશુધનમાં આ લમ્પી સ્કિન ડીસીઝ વધુ ન ફેલાય તે માટે રોગ ફેલાવતા કીટકોના નિયંત્રણ માટેના પગલાં અને ઉપાયો વધુ સઘન બનાવવા સૂચન કર્યું હતું. લમ્પી સ્કિન ડીસીઝ સામે વહીવટી તંત્ર દ્વારા લેવામાં આવી રહેલા સારવાર ઉપાયોની સમીક્ષા પણ જિલ્લા તંત્રના અધિકારીઓ સાથે કરી હતી. ●

## લમ્પી સ્કીન ડીસીઝ નિયંત્રણ માટે સરકાર પ્રતિબદ્ધ



રાજ્યમાં પશુઓમાં લમ્પી સ્કીન ડીસીઝનાં લક્ષણો જણાતાં તે જ દિવસથી રાજ્ય સરકારે સતર્કતા દાખવી છે, જેના પરિણામે પશુપાલન વિભાગ દ્વારા સતત મોનિટરિંગ કરી પશુઓને સત્વરે સારવાર મળી રહે તે માટે વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. આ અંગે કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું કે, રાજ્યમાં આ રોગનો જ્યારથી પ્રથમ કેસ દેખાયો ત્યારથી જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે, જેના પરિણામે આ રોગને વધુ ફેલાતો રોકવામાં સફળતા મળી છે. અસરગ્રસ્ત જિલ્લાઓમાં સરવે સહિત સારવાર અને રસીકરણની કામગીરી હાલ યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, હાલની સ્થિતિએ અત્યાર સુધી રાજ્યના કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, રાજકોટ, પોરબંદર, મોરબી, સુરેન્દ્રનગર, અમરેલી, ભાવનગર, બોટાદ, જૂનાગઢ, ગીર સોમનાથ, બનાસકાંઠા, સુરત, પાટણ, અરવલ્લી અને પંચમહાલ મળી કુલ ૧૭ જિલ્લાનાં ૧૭૪૬ ગામોમાં ૫૦,૩૨૮ પશુઓમાં લમ્પી સ્કીન ડીસીઝના કેસ જોવા મળ્યા હતા અને અસરગ્રસ્ત તમામ ૫૦,૩૨૮ પશુઓને સારવાર આપવામાં આવી છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, આ ૧૭ જિલ્લાઓમાં પશુપાલન ખાતાના ૧૯૨ પશુચિકિત્સા અધિકારીઓ અને ૫૬૮ પશુધન નિરીક્ષકો દ્વારા અસરગ્રસ્ત ગામોમાં સઘન સરવે, સારવાર અને રસીકરણની કામગીરી ચાલુ છે. વધારાના ૨૯૮ આઉટસોર્સ્ડ પશુચિકિત્સકોને દસ ગામદીઠ મોબાઈલ પશુ-દવાખાનાનાં વાહન સહિત આ રોગની સરવે, સારવાર અને રસીકરણની કામગીરીમાં સામેલ કરવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું કે, પશુપાલકને આ રોગમાં તાત્કાલિક સારવાર અને અન્ય માહિતી માટે શરૂ કરેલા ટોલ-ફ્રી હેલ્પલાઈન ૧૯૬૨ ઉપર છેલ્લા આઠ દિવસમાં ૧૫,૫૮૩ એટલે કે દરરોજ સરેરાશ ૧૯૪૮ જેટલા કૉલ્સ લમ્પી સ્કીન ડીસીઝ માટે આવ્યા છે. ●

## લમ્પી સ્કીન ડીસીઝ નિયંત્રણ માટે CSની કચ્છમાં સમીક્ષા બેઠક



કચ્છ જિલ્લામાં લમ્પી સ્કીન ડીસીઝના સંક્રમણને ધ્યાને લઈને રાજયના મુખ્યસચિવ શ્રી પંકજકુમારની અધ્યક્ષતામાં ભુજ ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્ય સચિવ શ્રી પંકજકુમારે કચ્છ જિલ્લામાં લમ્પી વાઈરસ અંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી ભવ્ય વર્મા પાસેથી વિગતે માહિતી મેળવી હતી. તેમજ તેઓ વર્તમાન પરિસ્થિતિ, અસરગ્રસ્ત પશુ અને વિસ્તારોની વ્યવસ્થા તેમજ બિન અસરગ્રસ્ત પશુઓમાં તકેદારી બાબતે વાકેફ થયા હતા. જિલ્લાના પશુધનના રસીકરણ, સારવાર અને આઇસોલેશનવાળાં પશુઓ પર ધ્યાન રાખવા જણાવી દૈનિક કામગીરીની પરિણામલક્ષી વિગતોથી લમ્પી રોગને અંકુશમાં લેવાનાં પગલાંથી સંબંધિતોને સાર્વત્રિક માહિતગાર કરવાનો પણ તેમણે અનુરોધ કર્યો હતો. આ બેઠકમાં અધિક મુખ્યસચિવ (રેવન્યુ) અને સી.ઈ.ઓ. જી.એસ.ડી.એમ.એ. શ્રી કમલ દયાની, અગ્રસચિવ અને આરોગ્ય કમિશનર શ્રી શાહમીના હુસેન, મહેસૂલ અને સહકાર, પશુપાલન, ગાય-સંવર્ધન મત્સ્યપાલન સચિવ શ્રી કે.જી.ભીમજીયાણી સહિત વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●


AMBER GROUP
CONGRA

# ઝાલોદમાં વિશ્વ આદિવાસી દિવસની દબદબાભેર ઉજવણી

# રૂ. ૧૬૦૦ કરોડના વિકાસ કાર્યોથી આદિવાસી વિસ્તારોની થશે કાયાપલટ



ગુજરાત સરકાર સમાજના તમામ વર્ગોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે. તેમા પણ મહિલાઓ, બાળકો, ખેડૂતો, વંચિતો, આદિજાતિ વર્ગના વિકાસ માટે ગુજરાત સરકારે વિશેષ પ્રયાસો કર્યા છે. જેની પ્રતીતિ જનજનને થઈ રહી છે. ૯ ઓગસ્ટને વિશ્વ આદિવાસી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાતના આદિવાસીઓ માટે ૯ ઓગસ્ટનો દિવસ વિકાસ પર્વ બની રહ્યો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દાહોદ જિલ્લાના ઝાલોદ ખાતેથી વિશ્વ આદિવાસી દિવસની રાજ્યવ્યાપી ઉજવણીનો પ્રારંભ કરાવતા રાજ્યના આદિજાતિ વિસ્તારો માટે રૂ. ૧૬૦૦ કરોડના ૫૬૯૦ જેટલા વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ અવસરે જણાવ્યું હતું કે, આદિવાસીઓનો સામાજિક, આર્થિક વિકાસએ હંમેશા રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં આદિવાસીઓને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે શરૂ કરેલી વનબંધુ કલ્યાણ યોજનાને તેજ ગતિથી આગળ વધારી રહ્યા છીએ. છેલ્લા બે દાયકામાં રાજ્યના આદિવાસી સમાજના વિકાસ માટે બજેટમાં ૨૬ ગણો માતબર વધારો કર્યો છે. આદિવાસીઓના રોજગાર, શિક્ષણ, આરોગ્ય અને માળખાકીય સુવિધાઓ માટે અત્યાર સુધીમાં રૂ. એક લાખ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે તેની ભૂમિકા તેમણે આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શનમાં આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર છેલ્લા બે દાયકાથી સતત કર્તવ્યરત છે. આ બે દાયકામાં વિકાસ કામો થકી આદિવાસીઓનું જીવન વધુ સરળ બનાવ્યું છે અને તેમને વિકાસના રાહ પર લાવ્યા છીએ. આદિજાતિ વિભાગના બજેટમાં ક્રમશઃ જંગી વધારો કરીને વર્ષ ૨૦૨૧-૨૨ માં રૂ. ૨૬૫૬.૪૦ કરોડની આદિજાતિ બાંધવો માટે જોગવાઇ કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ આદિજાતિ વિભાગના વિવિધ યોજનાકીય લાભોનું લાભાર્થીઓને વિતરણ કરવા સાથે બિરસા મુંડા યુનિવર્સિટીના લોગોનું અનાવરણ અને તેજસ્વી છાત્રોનું બહુમાન પણ કર્યું હતું. આદિવાસી વિસ્તારોમાં થયેલા જનકલ્યાણના કામોની ભૂમિકા આપતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વનબંધુ કલ્યાણ યોજના અમલી બનાવી ગુજરાતમાં આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસના દ્વાર ખોલી આપ્યા છે. આદિવાસીઓના રોજગાર, શિક્ષણ, આરોગ્ય અને માળખાકીય સુવિધાઓ માટે અત્યાર સુધીમાં રૂ. એક લાખ કરોડનો ખર્ચ કર્યો હોવાનું જણાવ્યુ હતું.

પેસા કાયદાનો સુદ્રઢ અમલ કરી અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી પટ્ટાના ૧૪ જિલ્લાના ૫૩ તાલુકાના ૪ હજાર કરતા વધુ ગામોના ૯૦ લાખ આદિવાસીઓને વિશેષ અધિકારો આ સરકારે આપ્યા છે. શહેરોમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓ માટે ખાસ છાત્રાલયો, એકલવ્ય અને મોડેલ સ્કૂલ્સ, ગોધરામાં ગોવિંદ ગુરુ અને રાજપીપળામાં બિરસા મુંડા યુનિવર્સિટીનું નિર્માણ

કરી આદિવાસી છાત્રો માટે શિક્ષણના નવા આયામો આપવામાં આવ્યા છે. ગુજરાતની આદિવાસી સંસ્કૃતિને દેશવિદેશના પ્રવાસીઓ માણે તે માટે કેવડિયા ખાતે રૂ. ૧૩૦ કરોડના ખર્ચે નેશનલ ટ્રાયબલ મ્યુઝિયમ બનાવવામાં આવી રહ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું.

આદિવાસી જિલ્લાના ૧૧ લાખ એકર વિસ્તારને વિવિધ સિંચાઇ યોજનાનો લાભ આપી હરિયાળા બનાવવા સાથે આદિવાસી વિસ્તારના ૯૮ ટકા રેવન્યુ ગામોને પાકા રસ્તાથી જોડવામાં આવ્યા છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ આદિવાસી બંધુઓને વિકાસના વર્તમાન પ્રવાહો સાથે જોડી ટ્રાયબલ ડેવલપમેન્ટનું એક નવું મોડેલ દુનિયાને આપ્યું છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે. ભારતને અંગ્રેજ શાસનમાંથી આઝાદ કરવામાં આદિવાસી બાંધવોનું બલિદાન અનન્ય રહ્યું છે.

રાજય સરકારે આદિવાસીઓના આ બલિદાનને વિશ્વ સમક્ષ ઉજાગર કર્યું છે. પાલ દઢવાવના શહીદોની યાદમાં વન અને ગોવિંદ ગુરુની સ્મૃતિમાં તેમના નામ સાથેની યુનિવર્સિટી ઉપરાંત રાજપીપળા ખાતે રૂ. ૩૪૧ કરોડના ખર્ચથી બિરસા મુંડા યુનિવર્સિટીનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

આદિજાતિ મંત્રી શ્રી નરેશભાઇ પટેલે કહ્યું કે, આદિજાતિ બાંધવોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે શ્રી નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કરેલા





પ્રયત્નોને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ વધુ બળ આપી રહ્યા છે. તેઓ આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે સતત ચિંતા કરી જરૂરી બજેટનું પ્રાવધાન કરી આપે છે. આદિવાસીઓને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે શિક્ષણ ખૂબ જરૂરી હોવા પર ભાર મૂકતા મંત્રીશ્રીએ કહ્યું કે, રાજય સરકાર દ્વારા આદિવાસી વિસ્તારોમાં નવી નવી શિક્ષણ સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. મેડિકલ, ઈજનેરી કોલજો પણ આ વિસ્તારોમાં મળી રહી છે. આદિવાસી છાત્રોને ઘર બેઠા ઉચ્ચ શિક્ષણ મળી રહ્યું છે.

આદિવાસીના ગૌરવવંતા ઈતિહાસને યાદ કરતા સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના આદિવાસી સમાજના વિકાસનો પાયો મૂક્યો છે તેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટેની નેમ વિવિધ વિકાસ કાર્યોની ભેટ થકી વ્યક્ત કરી છે. મુખ્યમંત્રીશ્રીએ લીમડી પટ્ટીના ૪૫ ગામોના ૬૬ તળાવો ભરવા માટેની પણ મૌખિક સંમતિ આપી છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી શીતલબેન વાઘેલા, ધારાસભ્ય અને પૂર્વ મંત્રી શ્રી બચુભાઈ ખાબડ, પૂર્વ ધારાસભ્યો, અગ્રણી શ્રી શંકરભાઈ અમલીયાર સહિત વિશાળ સંખ્યામાં આદિવાસી બાંધવો ઉપસ્થિત રહ્યા હતા. ●

## કમ્બોઇધામમાં શ્રી ગોવિંદ ગુરૂને ભાવાંજલી આપતા CM

*ઝાલોદ ખાતે વિશ્વ આદિવાસી દિવસની રાજ્ય કક્ષાની ઉજવણીમાં સહભાગી બનવા પહોંચેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આદિવાસીઓના મસીહા અને સ્વાતંત્ર્ય સંગ્રામના વીર નાયક શ્રી ગોવિંદ ગુરૂની સમાધિ સ્થળ કંબોઈધામ ખાતે ભાવપૂર્વક દર્શન-અર્ચન કર્યા હતા તેમજ મંદિર પરિસરમાં શ્રી ગોવિંદ ગુરૂની મૂર્તિ પાસે નવધ્વજાનું આરોહણ કર્યું હતું. ઝાલોદ તાલુકાના કમ્બોઈ સ્થિત આ સમાધિ સ્થળ આદિવાસીઓ બાંધવો માટે શ્રદ્ધા અને આસ્થાનું ધામ છે. અહીં આદિવાસી પરંપરા પ્રમાણે લોકવાદ્યો સાથે સ્વાગત કરી આદિવાસી કન્યાઓએ કળશ-શ્રીફળ સાથે મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કર્યું હતું. આ વેળા અદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોર, કલેક્ટર ડૉ. હર્ષિત ગોસાવી, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સહિતના અધિકારીશ્રીઓ, આદિવાસી ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.*

**વિશ્વ આદિવાસી દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં ઝાલોદ ખાતે કરવામાં આવી હતી. આ ઉપરાંત, રાજ્યના વિવિધ 26 આદિજાતિ વિસ્તારોમાં વિશ્વ આદિવાસી દિવસની ઉત્સાહભેર ઉજવણી કરાઇ, જેમાં વિધાનસભાના અધ્યક્ષ સહિત મંત્રી મંડળના સદસ્યશ્રીઓ સહભાગી થયા હતા. અત્રે પ્રસ્તુત છે આ ઉજવણીની આછેરી ઝલક...**

## ખેડબ્રહ્મા, સાબરકાંઠા



સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં વિધાનસભાના અધ્યક્ષ શ્રી ડૉ.નીમાબેન આચાર્યની અધ્યક્ષતામાં જિલ્લાકક્ષાના વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ.નીમાબેન આચાર્યએ જણાવ્યું હતું કે આદિવાસી સમાજ મુખ્યત્વે શિક્ષણ મેળવી સામાજિક કૌટુંબિક રીતે આગળ વધશે તો વિકાસની દિશામાં અન્ય સમાજની જેમ પ્રગતિમાં ઝડપથી આગળ વધશે. આ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. આ અવસરે વિજયનગર, પોશીના, ખેડબ્રહ્મા તાલુકાના ૧૨૨૭ લાભાર્થીઓને વિવિધ યોજનાઓની કુલ રૂપિયા ૧.૪૫ કરોડની સહાય ચૂકવાઇ તેજસ્વી તારલાઓ અને વિશિષ્ટ વ્યક્તિઓનું પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યુ હતુ.

## દાહોદ

દાહોદમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીમાં સહભાગી થયા હતા. આરોગ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આદિવાસી સમાજના અંતરિયાળ



વિસ્તારોમાં પણ સ્થાનિક સ્તરે આરોગ્ય સુવિધાઓ પહોંચતી કરવામાં આવી છે. તેમજ રાજ્ય સરકારે છેલ્લા બે દાયકામાં પાયાની સુવિધાઓ સહિત અનેક યોજનાઓને અસરકારક રીતે આદિવાસી બાંધવો સુધી પહોંચતી કરવામાં સફળ થયા છે. આદિવાસી વિસ્તારોમાં આરોગ્ય સુવિધાઓ સહિતની તમામ પાયાની સુવિધાઓનો વ્યાપ છેલ્લા બે દાયકામાં વિસ્તારાયો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી વિસ્તારોમાં દરેક યોજનાઓના લાભ ઘરે - ઘરે પહોંચે એ માટે પ્રતિબદ્ધતા સાથે કામ કરી રહી છે. આદિવાસી વિસ્તારોમાં પાણીની ખૂબ મોટી સમસ્યાઓનો સફળ ઉકેલ રાજ્ય સરકાર લાવી છે. અહીં વડાપ્રધાનશ્રીએ વર્ષ ૨૦૧૮માં ખાતમુહૂર્ત કરેલી રૂ. ૬૦૦ કરોડની પાણીની યોજના હવે સાકાર થઇ છે અને અત્યારે ૪.૫ લાખ લોકોને ૭.૫ લાખ લીટર પાણી મળતું થયું છે.

## સુરત



રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા 'વિશ્વ આદિવાસી દિવસ'ની સુરત જિલ્લાના માંડવીમાં માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીના અધ્યક્ષસ્થાને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આદિવાસીબંધુઓ પોતાની પરંપરાગત વેશભુષામાં સજ્જ થઈને નૃત્ય ગાન, વાજિંત્રોની સુરાવલિઓ સાથે રંગેચંગે ઉજવણીમાં સામેલ થયા હતા. આ પ્રસંગે મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું હતું કે, આઝાદીની લડતમાં આદિવાસી બાંધવોનું અમૂલ્ય યોગદાન રહ્યું છે. આદિવાસી સંસ્કૃતિનું જતન અને સંવર્ધન થાય તે માટે સરકાર સક્રિય પ્રયાસો કરી રહી છે. આદિજાતિ વિસ્તારના લોકોને માળખાકીય સુવિધાઓ સહેલાઈથી મળી રહે તે આ સરકારની પ્રાથમિકતા છે.

## ધરમપુર, વલસાડ



વલસાડના ધરમપુરમાં રાજયના નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઇ દેસાઇની અધ્યક્ષતામાં આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ આ વેળાએ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે આઝાદીના લડતમાં ભાગ લેનાર સૌ સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રધ્ધાજંલિ આપતા જણાવ્યું હતું કે, આદિવાસીઓના ભગવાના એવા બિરસા મુંડાજીની પ્રતિમાની વંદન કરી આદિવાસીઓએ આઝાદીના લડતમાં આપેલા યોગદાનની ગાથા કહી આદિવાસીઓને આદિવાસી દિવસની શુભેચ્છા પાઠવી હતી.

## નિઝર, તાપી

તાપી જિલ્લાના નિઝર તાલુકામાં 'વિશ્વ આદિવાસી દિવસ'ની ઉજવણી સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી.



આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતના ૧૪ જિલ્લાઓમાં 'વિશ્વ આદિવાસી દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં લોકાર્પણ,ખાતમુહૂર્ત અને વિવિધ યોજનાઓના લાભ આપવામાં આવી રહ્યા છે. શિક્ષણ, આરોગ્ય અને વિવિધ યોજનાઓ માટે રાજ્ય સરકાર દ્વારા કરોડો રૂપિયાની યોજનાઓ કાર્યરત છે. ગુજરાત સરકાર દ્વારા આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ ગુણવત્તા પ્રાપ્ત થાય તે માટે કામો કરવામાં આવી રહ્યા છે. ગુજરાત સરકાર આદિવાસીઓની ચિંતા કરી હંમેશા આદિવાસીઓની પડખે ઊભી છે.

## દાંતા, બનાસકાંઠા



બનાસકાંઠા જિલ્લાના દાંતામાં ગ્રામ વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને “વિશ્વ આદિવાસી દિવસ”ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ વિશ્વ આદિવાસી દિવસની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, પ્રકૃતિના પૂજક આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર સંકલ્પબધ્ધ છે. સ્વતંત્રતા સંગ્રામમાં આદિવાસી સમાજે અનેક બલિદાન આપ્યા છે એમ કહી મંત્રીશ્રીએ તેમની રાષ્ટ્રભાવનાને બિરદાવી હતી.

## ક્વાંટ, છોટાઉદેપુર

કવાંટમાં આયોજિત વિશ્વ આદિવાસી દિનની ઉજવણી પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, સરકાર આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે. તેમણે સરકારની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે વિગતે જાણકારી આપતા જણાવ્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની મહત્વાકાંક્ષી નલ સે જલ યોજનાથી દેશના હરેક ઘરમાં



પીવાના શુદ્ધ પાણી પહોંચાડવા પ્રયાસ થઇ રહ્યો છે. આ ઉપરાંત તેમણે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ, ઉજ્જવલા યોજના, આવાસ યોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સહિત રાજય સરકારની અનેકવિધ વ્યક્તિલક્ષી યોજનાઓ અંગે વિગતે છણાવટ કરી હતી..

## લીમખેડા, દાહોદ

દાહોદના લીમખેડામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી પ્રસંગે રાજયના શ્રમ-રોજગાર રાજય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ જણાવ્યુ કે, રાજય સરકારની વનબંધુ



યોજનાઓ થકી આદિજાતિ સમાજને રોડ-રસ્તા, શિક્ષણ, આરોગ્ય, વીજળી, પાણી જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. રાજય સરકાર પરિણામલક્ષી નિર્ણયો લઇ આદિજાતિ સમાજના સર્વાંગીણ વિકાસ માટે પ્રતિબધ્ધ હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

## કપરાડા, વલસાડ

કપરાડા તાલુકામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કલ્પસર અને મત્સ્ય ઉદ્યોગ, નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠાના રાજ્ય કક્ષાના મંત્રી શ્રી જીતુભાઇ ચૌધરીની ઉપસ્થિતિમાં થઈ હતી. વિશ્વ આદિવાસી દિવસની સૌને શુભેચ્છાઓ પાઠવી મંત્રીશ્રીએ



જણાવ્યું કે, દેશના સર્વોચ્ચ રાષ્ટ્રપતિ પદે પણ પ્રથમવાર આદિવાસી મહિલા શ્રીમતી દ્રૌપદી મુર્મુ બિરાજમાન થયા છે, જે સમસ્ત આદિવાસીઓ માટે ગૌરવની વાત છે. ગુજરાતમાં આદિવાસીઓનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે. બે દાયકામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ગુજરાત સરકારે રસ્તાથી માંડીને સિંચાઇ, આરોગ્ય, વીજળી અને વાહનવ્યવહારની સુવિધા અંતરિયાળ વિસ્તારોમાં ઉપલબ્ધ કરતા આદિવાસી સમાજનો તેજ ગતિએ વિકાસ થઇ રહ્યો છે.

## રાજપીપળા, નર્મદા

રાજપીપળામાં વિશ્વ આદિવાસી દિવસ અન્વયે જિલ્લાકક્ષાનો વિશેષ કાર્યક્રમ મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી મનીષાબેન વકીલની અધ્યક્ષતામાં યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે આદિવાસી વિસ્તારના સર્વાંગી વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત અનેકવિધ યોજનાઓના સઘન અમલીકરણ થકી આદિવાસી સમાજ પણ અન્ય વિકસિત સમાજની હરોળમાં આવે તે દિશામાં નક્કર પગલાં લીધાં છે. નર્મદા જિલ્લામાં અંદાજે કુલ રૂા. ૧૩૮૩.૨૯ લાખના ખર્ચે ૭૮,૫૦૦ જેટલા લાભાર્થીઓને વિવિધ યોજનાકીય સહાયના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.



## વ્યારા, તાપી



તાપીના વ્યારામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કૃષિ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને થઇ હતી. મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે સૌને જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે રાજ્યના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે ૨૦૦૭માં વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકી આદિવાસી સમાજના ઉત્થાનનું બીડું ઉપાડ્યું હતું. આ કામને આગળ ધપાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા આ વર્ષે દસ લાખ આદિવાસી કુટુંબોને રોજગારી આપવાનું આયોજન કરાયું છે. ઉમરગામથી અંબાજી સુધીના આદિવાસી વિસ્તારમાં થતા વિવિધ વિકાસના કામોમાં નાગરિકોને સહભાગી થવા આહવાન કર્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, આપણે સૌ સહભાગી થઈશું તો વિકાસના કામો વધારે સારી રીતે થઇ શકશે. તેમણે નલ સે જલ યોજના, આવાસ યોજના જેવી વિવિધ યોજનાઓમાં સરકારશ્રીએ મેળવેલી સિદ્ધિઓ અંગે જાણકારી આપી હતી.

## મોરવા, પંચમહાલ



પંચમહાલ જિલ્લાના મોરવા તાલુકામાં આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી આદિજાતિ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી શ્રીમતી નિમીષાબેન સુથારના અધ્યક્ષસ્થાને કરવામાં હતી. મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે આદિવાસી લાભાર્થીઓને વન અધિકાર પત્રો,મકાન સહાય યોજનાના મંજુરીપત્ર,મિશન મંગલમ યોજના, કુંવરબાઇનું મામેરું યોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને હાઇબ્રીડ શાકભાજી કીટસ યોજના લાભ વિતરણ કરવામાં આવ્યા હતા. ઉપરાંત રમત ક્ષેત્રમાં અને અભ્યાસમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરી પ્રશસ્તિપત્રો આપવામાં આવ્યા હતા.

## ગરબાડા, દાહોદ



ગરબાડા ખાતે વાહન વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઇ રૈયાણી વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીમાં સહભાગી થયા હતા. અહીંથી મહાનુભાવોએ વિવિધ યોજનાકીય લાભોનું નાગરિકોને વિતરણ કર્યું હતું. તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓનું મહાનુભાવોએ મંચ ઉપરથી બહુમાન કર્યું હતું. રાજ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું કે, આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધતા સાથે કામગીરી કરી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શનમાં આદિવાસી સમાજના વિકાસ માટે અનેકવિધ યોજનાઓના અસરકારક અમલીકરણ થકી નોંધપાત્ર કામગીરી થઇ રહી છે.

## સંતરામપુર, મહીસાગર

આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસની મહીસાગર જિલ્લા કક્ષાની ઉજવણી સંતરામપુર ખાતે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ માનગઢ હત્યાકાંડના શહીદોને શ્રધ્ધાંજલિ આપતા માનગઢ ક્રાંતિના મહાનાયક ગોવિંદ ગુરૂને



નતમસ્તક નમન કરી યાદ કર્યા હતા. વિશ્વ આદિવાસી દિવસની શુભેચ્છાઓ પાઠવતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, સરકારે વનબંધુ કલ્યાણ યોજના, પેસા એક્ટ, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, સમરસ છાત્રાલય, આદિવાસી વિસ્તારમાં મેડિકલ કોલેજો, ગુણવત્તાયુક્ત શિક્ષણ, પ્રધાનમંત્રી આવાસ યોજનાઓનો અમલ કરી આદિવાસી સમાજની ચિંતા કરી છે. આ પ્રસંગે વિવિધ વિભાગના ૩૩૭૯ કામોનું રૂપિયા ૩૪૯૨.૮૭ લાખના ખર્ચે ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

## વાંસદા, નવસારી



નવસારીના વાંસદા તાલુકાના મોટીભમતીમાં શિક્ષણ રાજય મંત્રી શ્રી કિર્તિસિંહ વાઘેલાના અધ્યક્ષસ્થાને વિશ્વ આદિવાસી દિવસની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. વિશ્વ આદિવાસી દિવસે આદિવાસી બાંધવોને શુભકામનાઓ પાઠવતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વન અને ગિરિકંદરાઓમાં વસતા આદિવાસીઓનું દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ અનોખું યોગદાન રહ્યું છે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિજાતિના અનેક સપૂતોની ત્યાગ, સમર્પણ અને બલિદાનની યશ ગાથાઓ આપણને પ્રેરણા આપે છે. આ અવસરે મંત્રી અને મહાનુભાવોએ સ્ટેજ પરથી લાભાર્થીઓને મંજૂરી હુકમો, ચેક, કીટ અને સન્માનપત્રો એનાયત કર્યા હતા.

## ખેરગામ, નવસારી

નવસારી જિલ્લાના ખેરગામમાં રાજ્ય મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમારના અધ્યક્ષસ્થાને ‘વિશ્વ આદિવાસી દિવસ’ની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે મંત્રીશ્રીએ સમસ્ત આદિવાસી સમાજને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, આદિવાસી સમાજ એ પ્રકૃતિપ્રેમી અને સંસ્કૃતિપ્રેમી સમાજ છે. આદિવાસી સમાજ



પોતાની આગવી સંસ્કૃતિ, કલા અને પરંપરાઓ સાથે સંકાળાયેલો સમાજ છે. આ વેળાએ મંત્રીશ્રીએ આઝાદીની જંગમાં બલિદાન આપનારા બિરસા મુંડા અને શહીદવીરોને યાદ કરીને આદિવાસી સમાજનાં અનેરા યોગદાનને યાદ કર્યું હતા. સાથે આદિવાસી સમાજનાં શ્રીમતી દ્રૌપદી મુર્મુજીની ભારતવર્ષના રાષ્ટ્રપતિ તરીકે વરણી થઈ એ સમગ્ર આદિવાસી સમાજ માટે ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ બાબત છે.

### સંખેડા, છોટાઉદેપુર

રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી આર. સી. મકવાણાની ઉપસ્થિતિમાં સંખેડામાં જિલ્લા કક્ષાના 'વિશ્વ આદિવાસી દિવસ-૨૦૨૨'ની ઉજવણી કરવામાં આવી હતી. આદિવાસી દિવસને સભ્યતા, સંસ્કૃતિ, સ્વ-શાસન અને મૂલ્યો માટે ગૌરવપૂર્ણ દિવસ ગણાવી મંત્રીશ્રીએ જણાવ્યું કે, સરકારના અથાગ પ્રયત્નોના કારણે આદિવાસી સમાજ આગળ આવવાની સાથે સાથે જ મુખ્ય પ્રવાહમાં પણ ભળ્યો છે. આઝાદીની લડાઈમાં પોતાના



પ્રાણની આહૂતિ આપનાર વીર અને ક્રાંતિકારી આદિવાસી નાયકોને યાદ કરતા તેમણે ઉમેર્યું કે આદિવાસી સમાજ માટે વિકાસના દ્વાર ખુલવાની સાથે સરકાર અને વહીવટીતંત્ર યોજનાઓનો લાભ આપવા માટે લોકોના દ્વાર સુધી પહોંચે છે.

### છોટાઉદેપુર

છોટાઉદેપુર શહેરમાં રાજયના પશુપાલન અને ગૌસંવર્ધન રાજયમંત્રી શ્રી દેવાભાઇ




માલમની ઉપસ્થિતિમાં વિશ્વ આદિવાસી દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા રાજય મંત્રી શ્રી દેવાભાઇ માલમે જણાવ્યું હતું કે, આદિવાસી સમાજના હકક-અધિકારો, તેમની આગવી જીવનશૈલી અને તેમની સંસ્કૃતિના જતન અને સંવર્ધન માટે વિશ્વ આદિવાસી દિનની ઉજવણી કરવામાં આવે છે. તેમણે સરકાર દ્વારા આદિવાસી સમાજના વિકાસ માટે લેવામાં આવી રહેલા સીમાચિહ્નરૂપ પગલાઓ અંગે જાણકારી આપી બજેટમાં આદિવાસી સમાજના વિકાસ માટે કરવામાં આવેલી નાણાકીય જોગવાઇ અંગે જાણકારી આપી હતી. ●

## આહવાના 'રાખી મેળા'મા વાંસની રાખડી બની આકર્ષણનું કેન્દ્ર

✐ **જિલ્લા માહિતી કચેરી, ડાંગ**

રક્ષાબંધનના પાવન પર્વને અનુલક્ષીને આહવામાં 'મહિલા સપ્તાહ' અંતર્ગત મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન મળી રહે તે માટે, ડાંગ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા 'રાખી મેળા'નુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ રાખી મેળાના સ્ટોલમા સ્થાનિક બહેનો દ્વારા વાંસમાથી બનાવવામાં આવેલી રાખડી આકર્ષણનુ કેન્દ્ર બની હતી. ડાંગ જિલ્લાની સહેલી સખી મંડળ, ચિચિનાગાવઠાની બહેનો તેમજ એકલવ્ય ફાઉડેશન દ્વારા વાંસમાથી રાખડી બનાવવાની તાલીમ લીધા બાદ એક મહિનાના ઓછા સમયગાળામા જ સુંદર વાંસની રાખડીઓ બનાવી છે. સહેલી સખી મંડળ સાથે જોડાયેલા પ્રીતિબહેને જણાવ્યુ કે, તેઓના ગૃપને માટી કામ બોર્ડ વિભાગ પ્રોજેક્ટ ગાંધીનગર અંતર્ગત એકલવ્ય ફાઉડેશન દ્વારા તાલીમ આપવામા આવી હતી, જેઓ હવે અન્ય બહેનોને પણ તાલીમ આપી રહ્યા છે. તેઓની સાથે ૧૫ જેટલી મહિલાઓ જોડાયેલી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મહિલા સશક્તિકરણ માટે ગ્રામ વિકાસ વિભાગ હેઠળ ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ કાર્યરત મહિલાઓને તાલીમ આપીને, તેઓને આજીવિકાલક્ષી પ્રવૃતિઓ સાથે સાંકળવામા આવે છે. આ ઉમદા પ્રયાસના ભાગરૂપે અને રક્ષાબંધનના તહેવારને ધ્યાનમા રાખીને 'રાખી મેળા' આયોજિત કરવામા આવ્યા હતા. ●







# વાત છે સોનગઢના પ્રેરણાદાયી યુવાન અલ્પેશની...

✍ વૈશાલી પરમાર



જે વ્યક્તિ ધૈર્ય અને લગનથી લક્ષ્યસિદ્ધિ માટે પ્રયાસ કરે તેને જ સફળતા મળે છે. આ વાક્યને તાપી જિલ્લાના એક ગરીબ આદિવાસી પરિવારના દીકરાએ સાર્થક કર્યું છે. રાજ્યમાં છેવાડાના જિલ્લા તાપીમાં સોનગઢ તાલુકાના મેઢા ગામના ખેડૂત શ્રી પાંજીભાઈ ગામીત અને માતા મોતીલાબહેન ગામીતના પુત્ર અલ્પેશકુમાર ગામીત GPSC દ્વારા લેવાયેલી વાહન-વ્યવહાર વિભાગની ઈન્સ્પેક્ટર ઑફ મોટર વ્હીકલ્સ, ક્લાસ-૨ની સ્પર્ધાત્મક ભરતી પરીક્ષામાં પ્રથમ પ્રયાસમાં જ ઉત્તીર્ણ થઈ આદિવાસી સમાજ માટે પ્રેરણારૂપ બન્યા છે.

અલ્પેશકુમારનો પરિવાર ખેતી દ્વારા ગુજરાન ચલાવે છે. તેમણે હિંદલા ગામે ધો.૧૦ સુધી શિક્ષણ મેળવી ઉચ્ચતર અભ્યાસ માટે સુરતના દાતાશ્રી વી.કે. રવાણીની મદદથી પાલિતાણાની જેકુરબહેન કુંવરજી રવાણી હાયર સેકન્ડરી સ્કૂલમાં ધો.૧૧માં પ્રવેશ મેળવ્યો. ગરીબ પરિવારને પુત્ર ખેતીમાં મદદરૂપ થાય તેવી અપેક્ષા હતી અને પાલિતાણા મોકલવા રાજી ન હતા. પરંતુ આશ્રમશાળાના શિક્ષકોએ તેમનાં માતા - પિતાને સમજાવ્યાં. અલ્પેશકુમારે ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહ સાથે પાસ કરીને અમદાવાદમાં ઑટોમોબાઈલ એન્જિનિયરિંગ કર્યું, જેમાં મેઢા જૂથ ગ્રામ પંચાયતના ધૂળજીભાઈ ગામીતની મદદથી આર્થિક સહાય મળતાં પરિવારને થોડી રાહત મળી.

છેવાડાના અંતરિયાળ ગામમાં રહેતા આદિવાસી પરિવારનો દીકરો ગામથી બહાર નીકળીને બહારની દુનિયા નિહાળીને અવનવી બાબતો શીખ્યા. સરકારી નોકરી માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી.



જી.પી.એસ.સી. દ્વારા આર.ટી.ઓ. ઑફિસર ક્લાસ-૨ અને ક્લાસ-૩ની સ્પર્ધાત્મક ભરતીની તૈયારી શરૂ કરી. પોતાની આશ્રમશાળામાં બાળકોને અંગ્રેજી શીખવવા ઉપરાંત ખેતીમાં પણ પિતાને મદદ કરવા સાથે સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી અભ્યાસ ચાલુ રાખ્યો.

૨૦૨૧માં પરીક્ષા લેવાઈ અને ડિસેમ્બર-૨૦૨૧માં ક્લાસ-૨નું ઈન્ટરવ્યૂ લેવાયું. અલ્પેશકુમારે ૨૧૩.૩૫ માર્ક્સ મેળવી લીધા અને એસ.ટી. કેટેગરીમાં ક્લાસ-૨માં પાસ જાહેર થતાં જ તેમની સિદ્ધિની યશકલગીમાં વધારો થતાં અલ્પેશે બેવડી ખુશી વ્યક્ત કરી હતી.

અલ્પેશકુમારે જણાવ્યું હતું કે, "દરેક વ્યક્તિએ કોઈ પણ એક જ ધ્યેય નક્કી કરીને તેને જ મેળવવા ઝઝૂમવું જોઈએ. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઘણા મિત્રો એકસાથે અને ઘણીબધી પરીક્ષાની તૈયારી કરતા હોય છે, જેના કારણે એકસાથે ઘણા વિષયો વાંચવા પડે છે. પરિણામે લક્ષ્ય ખોરવાઈ જાય છે. જો એક જ પરીક્ષાની તૈયારી કરશો તો તેને લગતા અમુક જ વિષયોનું અસરકારક રીતે વાંચન કરી શકાશે અને રીવિઝન પણ સરળ રહેશે."

અલ્પેશ કુમારના માતા-પિતાએ દીકરાને સરકારી નોકરી મળી જતાં તેનુ ભવિષ્ય ઉજ્જ્વળ બનશે તે અંગે ખૂબ જ ખુશી વ્યક્ત કરી હતી. આર્થિક વિટંબણા છતાં સંકલ્પને સિદ્ધિમાં પરિવર્તિત કરનાર અલ્પેશકુમાર સમગ્ર તાપી જિલ્લા સહિત યુવાશક્તિ માટે રોલ મોડેલ બન્યા છે. ●

# ગુજરાતની એકમાત્ર પ્લાસ્ટિકમુક્ત ઈકો ટૂરિઝમ કેમ્પ સાઇટ પદમડુંગરી



જિલ્લા માહિતી કચેરી, નવસારી

પ્લાસ્ટિક વેસ્ટના દૂષણે વિશ્વને પ્રદૂષણની ગંભીર સ્થિતિમાં લાવીને મૂકી દીધું છે અને હવે પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવાની ઝુંબેશ ઠેર - ઠેર શરૂ કરવામાં આવી છે. ગુજરાત હંમેશા જાગૃતિ ઝુંબેશમાં આગળ પડતો ભાગ ભજવતું આવ્યું છે. તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં વ્યારા વનવિભાગ હસ્તકની ઉનાઈ રેન્જમાં આવેલા પદમડુંગરી ઈકો ટૂરિઝમ કેમ્પ સાઇટને 'સિંગલ યુઝ પ્લાસ્ટિક-ફ્રી ઝોન' બનાવવા માટે પ્રોજેક્ટ હાથ ધરાયો છે. વનવિભાગે એક નવતર પહેલ કરતાં કેમ્પ સાઇટ પરિસરમાં જ 'અંબિકા ગ્લાસ વૉટર બોટલિંગ પ્લાન્ટ'ની સ્થાપના કરી છે. પ્લાન્ટનું સંચાલન ગામની સ્થાનિક મહિલાઓ સંભાળે છે. અંબિકા વૉટરનો ટ્રેડમાર્ક પણ લેવામાં આવ્યો છે. પદમડુંગરી ઈકો કેમ્પસાઇટ અંબિકા નદીના કિનારે આવેલું હોવાથી નદીના પાણીને સીધું પમ્પ કરી નેનો ટેક્નોલોજીથી શુદ્ધ કરવામાં આવે છે, અને ગ્લાસ બોટલમાં પેકેજિંગ કરીને ટોકન દરે વેચાણ કરવામાં આવે છે.

દુર્ભાગ્યે પ્લાસ્ટિક એ આજના યુગમાં આપણા જીવનનો એક ભાગ બની ગયું છે, ત્યારે પ્લાસ્ટિકની અવેજીમાં સક્ષમ વિકલ્પોનો અભાવ એ પ્લાસ્ટિક-મુક્તિના અભિયાનમાં સૌથી મોટી અડચણ છે. ઈકો ફ્રેન્ડ્લી વિકલ્પોના અભાવે પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવાનું લગભગ અશક્ય હોવાથી અહીંયા તેના ઉકેલ તરીકે કાચની પાણીની બોટલનો વિચાર અમલી બનાવવામાં આવ્યો છે, જેનાથી અહીં આવતા મુલાકાતીઓ પાસે પ્લાસ્ટિકની બોટલનો વ્યવહારુ વિકલ્પ ઉપલબ્ધ થઈ શક્યો



છે. તેથી કેમ્પમાં આવતા મુલાકાતી-પ્રવાસીઓને પ્લાસ્ટિકની બોટલના સ્થાને કાચની બોટલમાં પીવાનું શુદ્ધ પાણી આપવામાં આવે છે.

વન-અધિકારી શ્રીમતી રુચિબહેન દવેએ જણાવ્યું હતું કે, ઈકોટુરિઝમ સેન્ટરનો મુખ્ય ઉદ્દેશ્ય પિકનિક નહીં, પણ લોકોને આપણાં જળ-જંગલ અને જમીન પ્રત્યે સંવેદનશીલ બનાવવાનો છે, અને પ્રકૃતિ-શિક્ષણ થકી લોકો તેની રક્ષા કરે તે સમજાવવાનો છે. સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકી જનજાગૃતિ અને પ્રકૃતિ-શિક્ષણ તરફનો અમારો નાનકડો પ્રયાસ છે અને લોકોએ તેને ઉમળકાભેર આવકાર્યો છે. પરિવહન સાથે સંલગ્ન કાર્બન ફૂટપ્રિન્ટને ઘટાડવામાં પણ આ પહેલ ઉપયોગી બનશે. પ્લાસ્ટિક વેસ્ટ તેમજ ગંદકીને કાયમી બંધ કરવાના ભાગરૂપે પદમડુંગરી ઈકોટૂરિઝમ સેન્ટરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક લાવવા અને વપરાશ પર પૂર્ણતઃ પ્રતિબંધ છે. પદમડુંગરી સેન્ટરમાં 'પ્લાસ્ટિક ચેકીંગ પોસ્ટ' પર પ્રવાસીઓનો સામાન તપાસીને જ પ્રવેશ અપાય છે. આ પ્રયોગની સફળતા બાદ હવે વ્યારા વનવિભાગ નીચે આવતી અન્ય ઈકોટૂરિઝમ કેમ્પસાઇટ પર પણ આ પહેલનો અમલ કરવાની દિશામાં આગળ વધી રહ્યાં હોવાનું તેમણે જણાવ્યું હતું.

'અંબિકા વૉટર'ની સફળતા અંગે વ્યારા વન-વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી આનંદ કુમારે જણાવ્યું હતું કે, બોટલિંગ પ્લાન્ટમાં નદીના કુદરતી ખનિજ-સમૃદ્ધ પાણીને ફિલ્ટર અને ટ્રીટમેન્ટ સાથે અલગ અલગ ભૌતિક, રાસાયણિક અને જૈવિક શુદ્ધીકરણની પ્રક્રિયા કરવામાં આવે છે. સાથોસાથ પાણીમાં તુલસી, ફુદીનો, આદુ અને વરિયાળી જેવા હર્બલ અર્કની થોડી માત્રા ઉમેરવામાં આવે છે, જેનાથી સ્વાસ્થ્ય પણ જળવાઈ રહે છે. પેકેજિંગ પૂર્વે બોટલોને સારી રીતે સાફ અને સેનિટાઇઝ

પણ કરવામાં આવે છે.

શ્રી આનંદ કુમારે આ પ્લાન્ટની વિશેષતા અંગે કહ્યું કે, મશીન ચલાવવાથી માંડીને પેકેજ્ડ પાણીના વિતરણ સુધીની પ્રક્રિયાનાં તમામ કાર્યોમાં સ્થાનિકો અને ખાસ કરીને આદિજાતિ મહિલાઓને નિયંત્રણ સોંપાયું છે, જે સ્થાનિક સહભાગિતાને સુનિશ્ચિત કરવા સાથે સ્થાનિક જનસમુદાય માટે આજીવિકાનો એક ઉમદા સ્રોત પણ બન્યો છે.

કાચની બોટલોના વપરાશનો અર્થ એ કે હવે અહીં પ્લાસ્ટિકના ઉપયોગની કોઈ જરૂરિયાત નથી. પર્યાવરણને અનુકૂળ વિકલ્પ હોવા ઉપરાંત કાચની બોટલો ફરીથી વાપરી શકાય છે, અને પેકેજ્ડ પાણીને માઇક્રો પ્લાસ્ટિક, BPA અને ઝેરથી દૂષિત પણ કરતી નથી.

શ્રી આનંદ કુમારે આધુનિક ટૅક્નોલોજીના ઉપયોગ અંગે જણાવ્યું કે, આ પ્લાન્ટની કાચની દરેક બોટલ ઉપર એક અનોખો QR કોડ છપાયેલો છે, જેનાથી મશીનને એ ખબર પડે છે કે બોટલો ક્યારે ભરવાની છે. મશીન ફક્ત ત્યારે જ બોટલો ભરે છે, જ્યારે સંબંધિત QR કોડ સૂચવે કે બોટલ યોગ્ય રીતે સાફ કરી તેને જંતુરહિત કરવામાં આવી છે કે કેમ. પૅક કરેલા પાણીને કાગળના સ્ટીકરથી સીલ કરવામાં આવે છે, જે પૅકેજિંગની તારીખ દર્શાવે છે. તેમણે આ પ્રયોગને પ્રવાસીઓ તરફથી બહોળો પ્રતિસાદ મળ્યો હોવાનું જણાવતાં ઉમેર્યું કે, પ્લાસ્ટિકની બોટલના ભાવે જ આ પ્રિમીયમ ગુણવત્તાનું પાણી ગ્લાસની બોટલમાં વેચવામાં આવે છે. ૫૦૦ મિલીની બોટલની કિંમત રૂ. ૧૦ છે અને ૨૫૦ મિલીના રૂ. ૫ છે. આ બોટલની ડિપોઝીટ રૂ. ૪૦ છે. પ્રવાસી ગ્લાસની બોટલ ઢાંકણા સાથે પાછી આપે એટલે રૂ.૪૦ની ડિપોઝીટ પરત આપવામાં આવે છે.

આમ, પદમડુંગરી ઈકો ટૂરિઝમ કેમ્પ સાઇટની વધતી લોકપ્રિયતા, અહીં આવતા પ્રવાસીઓને વાસ્તવિક અર્થમાં આ પરિસરને જ નહીં, પણ તેમના ગામ કે શહેરને પ્લાસ્ટિક-મુક્ત બનાવવા માટેનો મૂક સંદેશ અને પ્રેરણા આપે છે. ●

# સફેદ મુસળીની સફળ ખેતી



✎ **જિલ્લા માહિતી કચેરી, ડાંગ**

સરકારની વિવિધ યોજનાઓ અને પ્રોત્સાહનોનો લાભ લઈને રાજ્યના ખેડૂતો આજે બે પાંદડે થઈ રહ્યા છે. આવા જ એક પ્રગતિશીલ ખેડૂત એટલે ડાંગ જિલ્લાના જયેશભાઈ મોકાશી... જયેશભાઈ પહેલા પરંપરાગત પદ્ધતિથી ખેતી કરતા હતા પરંતુ તેમાં તેમને માત્ર જીવનનિર્વાહ જેટલું જ ખેત ઉત્પાદન મળી રહેતું હતુ. પરંતુ થોડા વર્ષો પહેલા તેમને સફેદ મુસળીની સાહસિક ખેતી કરવાનો વિચાર આવ્યો અને તેમણે એ ક્ષેત્રે ઝંપલાવ્યુ. શરૂઆતમા તેમણે છુટાછવાયા ક્યારા પદ્ધતિથી મુસળીની ખેતી કરવાની શરૂઆત કરી. ત્યારબાદ રાજ્ય સરકારના 'આત્મા' પ્રોજેક્ટમા જોડાઈને પદ્ધતિસરની તાલીમ સહિત ખેડૂતોની વૈજ્ઞાનિક ગોષ્ઠિમાંથી વધુ સુક્ષ્મ જાણકારી પ્રાપ્ત કરી. આ માર્ગદર્શન મળ્યા બાદ ગાદી ક્યારા તૈયાર કરી સફેદ મુસળીના ઉચ્ચ ગુણવત્તા ધરાવતા બિયારણનો ઉપયોગ કરી, ખેતીની શરૂઆત કરી. તેઓ મુસળીના પાકનુ ગ્રેડિંગ કરી સુકવણી કરી તેનો પાવડર બનાવીને વેચાણ કરે છે જેનાથી તેમને પહેલાની તુલનાએ સારી એવી આવક અને નફો મળી રહ્યો છે.



ચાલુ વર્ષે અંદાજે ૪૦ હેક્ટરથી વધુ વિસ્તારમા સફેદ મુસળીના વાવેતર સાથે ૧૫૦૦થી વધુ ખેડૂતોને આ કિંમતી વનૌષધિના વાવેતરમા જોતરનારા જયેશભાઈ મોકાશીએ જુદા જુદા દસેક જેટલા પારિતોષિકો મેળવ્યા છે. ખેડૂત જયેશભાઈ મોકાશી સપરિવાર સફેદ મુસળીના વાવેતરના પરિણામે સધ્ધર થયા છે અને સાથે જ તેઓ છેલ્લા પાંચ વર્ષથી ગુજરાત વન ઔષધીય બોર્ડ-ગાંધીનગર સાથે જોડાઈને ડાંગ ઉપરાંત વલસાડ, નવસારી, સુરત, તાપી, દાહોદ, ગાંધીનગર, ભાવનગર જેવા જિલ્લાઓના ખેડૂતોને પણ સફેદ મુસળીની ખેતીમા પ્રવૃત્ત કરાવી રહ્યા છે. આમ, સાહસિક ખેડૂત જયેશભાઈ મોકાશી ડાંગ જિલ્લાનું રતન બની રહ્યા છે. ●

# ચાફકટર મશીનથી આત્મનિર્ભર બન્યાં મહિલા પશુપાલક

✍ અલ્કેશ ચૌધરી



રાજ્યમાં ખેતી અને પશુપાલન બંને સમૃદ્ધ છે. પશુપાલક પણ કેવી રીતે આગળ આવે અને ઓછી મહેનતે વધુ દૂધનું ઉત્પાદન કેવી રીતે મળે તે માટે કૃષિ-પશુપાલન ક્ષેત્રે અવનવાં સંશોધનો સતત થતાં રહે છે. આ સંશોધનોને રાજ્ય સરકાર ખેડૂતો અને પશુપાલકોને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવા માટે પ્રોત્સાહિત કરતી આવી છે. આદિજાતિ વિસ્તારોના ખેડૂતો અને પશુપાલકોનું જીવનધોરણ ઊંચું લાવવા રાજ્ય સરકાર વિવિધ સંસાધનો માટે સહાય આપતી હોય છે, જેનાથી તેઓને ઘરઆંગણે જ રોજગારીની તકો પ્રાપ્ત થઈ છે.

તાપી જિલ્લાના ગોડધા ગામનાં પશુપાલક પન્નાબહેન ચૌધરી ખેતીની સાથે જ પશુપાલનનો પણ વ્યવસાય કરે છે. તેમને પશુપાલન ખાતા તરફથી પશુઓને ઘાસચારો કાપીને નાખવા માટે ચાફકટર મશીનની સહાય વર્ષ ૨૦૧૭-૧૮માં આપવામાં આવી હતી. આ મશીન પશુઓને ખાવાનો ઘાસચારો પૈકી શેરડીની ચીમળી, ભાતના પૂળા, જુવારની કળબ, હુંડિયું વગેરે મિનિટોમાં ટુકડા કરી નાખે છે.

પન્નાબહેન ચૌધરીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે સહાય આપતાં ચાફકટર વસાવી શકી છું. ચાફકટર મશીનથી કામ બહુ જ સરળ થઈ ગયું છે. જે કામ માટે કલાકો થતા હતા તે હવે મિનિટોમાં થઈ જાય છે. મારી પાસે ચાર ગાય અને બે ભેંસ છે. આ પશુઓને અમે આ રીતે તૈયાર થયેલો ઘાસચારો આપવાનું શરૂ કર્યું એટલે દૂધના ઉત્પાદનમાં વધારો થયો છે. પશુઓ ઘાસચારાનો બગાડ કરતાં નથી, જેથી સારા પ્રમાણમાં ઘાસચારાની બચત પણ થાય છે. આજે અમને દૂધમાંથી મહિને રૂા.૨૫ હજારની સરેરાશ આવક મળી રહે છે. સરકારની ચાફકટર મશીનની યોજના ખૂબ સારી છે. આ મશીનની કિંમત રૂા.૨૭ હજાર છે, જેમાં અમને રૂા.૧૫ હજારની સહાય મળી છે. આમ, સરકારની યોજનાથી અમે આત્મનિર્ભર બન્યાં છીએ. સરકારનો ખૂબ - ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ.

આમ, નાનકડી સહાય પણ ગરીબ વ્યક્તિઓને સુખનો રોટલો રળી આપવામાં નિમિત્ત બનવા સાથે આત્મગૌરવ આપી જાય છે. તેમને જીવનનિર્વાહ માટે કોઈની સામે હાથ લાંબો કરવો પડતો. ●

# સરકારની સહાયથી ગ્રીન હાઉસ ખેતી કરતા સુમનભાઈ ગાવિત

✍ રાજ જેઠવા



આપણા દેશનું કૃષિક્ષેત્ર વરસાદ પર આધારિત છે, પરંતુ ગુજરાત સરકારના પ્રયાસથી રાજ્યના ખેડૂતો નવી ટૅકનોલોજીનો ઉપયોગ કરીને જમાના સાથે તાલ મિલાવી રહ્યા છે. હવે 'ગ્રીન હાઉસ'ના કન્સેપ્ટથી ખેડૂતો પાકને અનુકૂળ વાતાવરણ સર્જીને મબલખ પ્રમાણમાં ઇચ્છિત પાક મેળવી રહ્યા છે. નવસારી જિલ્લાના ખેડૂતો પણ દિન-પ્રતિદિન ગ્રીનહાઉસથી ખેતી તરફ વળતા થયા છે. આવા જ એક ખેડૂત એટલે વાંસદાના ખાનપુર ગામના સુમનભાઈ ગાવિત. સુમનભાઈએ ખેતીમાં ગ્રીન હાઉસ ટૅકનોલોજીથી પ્લગ ટ્રેમાં મરચી, ટમેટી, રીંગણ, કારેલાં, દૂધી, કોબી, ફલાવર જેવા શાકભાજી પાકોને ઉછેરીને લાખોની કમાણી કરી છે.

સુમનભાઈએ પોતાના નવા પ્રયોગના પ્રથમ વર્ષે બે લાખ ગુણવત્તાસભર છોડ ઉછેરી આસપાસનાં ૧૫થી ૨૦ ગામોના ખેડૂતોને પ્રતિ છોડ એક રૂપિયાના ખર્ચે પૂરા પાડ્યા. સુમનભાઈ જણાવે છે કે, વર્ષ ૨૦૨૧માં ખેડૂતોની માંગ વધતાં આશરે છ લાખ જેટલા ધરુ ઉછેરીને આશરે ૩૦ ગામોના ખેડૂતોને પૂરા પાડ્યા. ધરુ-ઉછેર માટે જગ્યા ઓછી પડતાં વર્ષ ૨૦૨૧–

# ડાંગનો યુવાન આધુનિક ખેતી દ્વારા મજૂરમાંથી માલિક બન્યો

મનોજ ખેંગાર





ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના મલીન ગામનો યુવાન કે જે દ્રાક્ષ અને ડુંગળીની વાડીમાં ખેતમજૂર તરીકે મહારાષ્ટ્રનાં ખેતરો ખૂંદતો હતો. તે આજે આધુનિક ખેત-પદ્ધતિના પરિણામે મજૂરમાંથી માલિક બન્યો છે. મલીન ગામના યુવાન યોગેશ ભીવસેને મર્યાદિત જમીનમાં ઓછા પાણીએ આધુનિક ખેત-પદ્ધતિનો ઉપયોગ કરી ચાર હેક્ટરમાં માત્ર ૮૦ દિવસની તરબૂચની ખેતી કરીને, બધો ખર્ચ કાઢતાં અંદાજે રૂપિયા આઠેક લાખનો નફો મેળવ્યો છે. તેનાથી તે ખેતી-બાગાયત વિભાગના અધિકારીઓ, કૃષિ કેન્દ્રોના તજજ્ઞો અને અન્ય ખેડૂતો માટે પ્રેરણાસ્રોત બન્યો છે. આ યુવા ખેડૂત જણાવે છે કે, પરંપરાગત ખેત-પદ્ધતિમાં વધુ મહેનતે પણ જોઈએ એવું વળતર નહીં મળવાને કારણે, ખેડૂતો ખેતીથી વિમુખ થતા જાય છે. જ્યારે કૃષિ વૈજ્ઞાનિકોના માર્ગદર્શન હેઠળ, આધુનિક ખેત-ઉત્પાદન ખેડૂતોને ફરીથી ખેતી તરફ વાળી રહ્યું છે.

યોગેશભાઈએ અન્ય વ્યક્તિ પાસેથી દસ હજાર રૂપિયા ઉછીના લઈ, મલીનની વાટ પકડી હતી. શરૂઆતમાં તેઓએ જમીન સુધારણા સાથે એક ગાય લઈ પશુપાલનને પણ સાથે રાખીને રાતદિવસ પરિવારજનો સાથે કાળી મજૂરી કરીને, એકમાંથી સાત ગાયો કરી. પોતાની જમીનમાં ડાંગર, ચણા, અને રીંગણાની પરંપરાગત ખેતીને સ્થાને પ્લાસ્ટિક મલ્ચિંગ, ડ્રીપ ઇરિગેશન જેવા નવા આયામો ઉમેરી, ઓછા પાણીએ ચાર હેક્ટરમાં તરબૂચની ખેતી કરીને, સફળતાનાં બીજનું વાવેતર કર્યું. યોગેશભાઈ જણાવે છે કે, વઘઈના કૃષિ વિજ્ઞાન કેન્દ્રના તજજ્ઞોના માર્ગદર્શનને કારણે, તેણે તરબૂચની ખેતીમાં માત્ર ૮૦ દિવસમાં જ ૧૨૦ ટનથી વધુ તરબૂચનો પાક લણી લીધો, જેને વેપારીઓ દ્વારા ખેતર બેઠાં ખરીદી લેવાયો. આજે યોગેશ પોતે તો તરબૂચની ખેતી કરે જ છે, પણ સાથે આસપાસનાં ગામોના ખેડૂતોને પણ આ માટે તૈયાર કરી, રોકડિયા પાકથી પ્રગતિ તરફ વાળી રહ્યો છે.

આજે ડાંગ જિલ્લાના ખેડૂતો તરબૂચની ખેત-પદ્ધતિમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે, એ માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-વઘઈ દ્વારા, વિવિધ વિસ્તરણ પ્રવૃત્તિઓ, જેવી કે, ફિલ્ડ વિઝીટ, ડાયગ્નોસ્ટીક વિઝીટ, નિદર્શનો તથા વિવિધ તાલીમો દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે, જેના કારણે ખેડૂતો તરબૂચની ખેતીમાં અત્યારે ઘણા આગળ વધી શક્યા છે. ●

---

૨૨માં ફરી રાજ્ય સરકારની બાગાયત વિભાગ દ્વારા ચાલતી ૫૦૦ ચો.મી.ની પ્લગ નર્સરી યોજનામાં સહાય મેળવીને વધારે ૫૦૦ ચો.મી.નું પ્લાસ્ટિકનું ઘર બનાવ્યું અને સાથે સાથે વર્ષ ૨૦૨૧–૨૨માં પ્લગ નર્સરીની ટ્રે ભરવા અને રાખવા માટે બાગાયત વિભાગની એન.એમ.એસ.એ. યોજનામાંથી પૅક-હાઉસ બનાવવાની યોજનામાં સહાય મેળવી. સુમનભાઈની ખેતીથી પ્રભાવિત થઈને અન્ય ખેડૂતો પણ આ તરફ વળ્યા છે. છેલ્લા એક વર્ષમાં સુમનભાઈને ત્યાં આશરે ૧૨૦૦–૧૫૦૦ ખેડૂતો મુલાકાતે આવ્યા છે. સુમનભાઈ સરકારશ્રીની ખેડૂતોને પ્રોત્સાહિત કરતી યોજનાઓની જાણકારી તથા શિક્ષણ આપી રહ્યા છે.

સુમનભાઈ જણાવે છે કે, વર્ષ-૨૦૨૦-૨૧માં મને ધરુ-વેચાણથી રૂ. એક લાખની ચોખ્ખી આવક મળી હતી. તેમજ વર્ષ ૨૦૨૧-૨૨માં મને રૂ.૪ લાખની આવક મળી છે. આવી વિવિધ યોજનાઓનો લાભ ખૂબ જ સરળતાથી આપવા માટે હું સરકારશ્રીના બાગાયત વિભાગ અને જિલ્લા વહીવટી તંત્રનો ખૂબ આભારી છું. સુમનભાઈ ગાવિત



જણાવે છે કે, ખરેખર જેમને સારી રીતે મહેનત કરવી છે તેઓ માટે સરકારશ્રીની આવી લોકોપયોગી યોજનાઓ ખૂબ જ મદદરૂપ બને છે અને આવી યોજનાઓના લાભને કારણે ખેડૂત વધારે સાહસ કરી ઝડપથી આગળ વધી શકે છે. ●

# હર ઘર તિરંગો લહેરાવવામાં તાપીનું તપ જાણવા જેવું છે

✎ નિનેશ ભાભોર

'આઝાદી કા અમૃત મહોત્સવ'ની દબદબાભેર ઉજવણી થઈ રહી છે, જેના ભાગરૂપે 'હર ઘર તિરંગા' અભિયાન શરૂ કરાયું. સમગ્ર રાજ્યમાં ઘરે ઘરે તિરંગો આન, બાન અને શાનથી લહેરાવવામાં આવ્યો. રાષ્ટ્રભક્તિના આ અમૂલ્ય અવસરને લોકોએ અદકેરા ઉત્સાહથી વધાવી લીધો. પરંતુ શું તમને ખબર છે....? હર ઘર તિરંગો લહેરાવવામાં સૌથી મહત્ત્વનું યોગદાન તો તાપી જિલ્લાના વ્યારા તાલુકાથી માત્ર ૫ કિ.મી.ના અંતરે આવેલા છિંડિયા ગામના આદિમ જૂથના કોટવાડિયા સમાજના લોકોએ આપ્યું છે. વિશ્વાસ ન આવે પરંતુ ટૂંક સમયમાં જ વાંસની 5 લાખ સ્ટીક બનાવવાનો પડકાર ઝીલી તેને પાર પાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે કોટવાડિયા સમાજની મહિલાઓએ...!

જિલ્લા ગ્રામવિકાસ વિભાગ અને સમગ્ર પંચાયત તંત્રના સંકલનથી તાપી જિલ્લાના અંતરિયાળ વિસ્તારના કોટવાડિયા જાતિના લોકો સમક્ષ જ્યારે 'હર ઘર તિરંગા' અભિયાન માટે વાંસમાંથી સ્ટીક બનાવવાની વાત કરાઈ, ત્યારે લોકોમાં ખુશીની લહેર દોડી ગઈ. તહેવાર ટાણે જ આર્થિક રોજગારીના અવસરે દરેકના ચહેરા પર સૂર્યનું ઝળહળ તેજ આણ્યું. તાપી જિલ્લામાં વિકાસ માટે ખૂબ જ તત્પર જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.ડી. કાપડિયાના માર્ગદર્શન હેઠળ એક નાનકડો આઈડિયા મોટું કામ કરી ગયો.



મહદંશે દક્ષિણ ગુજરાતમાં વસતા કોટવાડિયા જાતિના લોકો આદિવાસી વિસ્તારમાં સૌથી વધુ પછાત છે. તેઓની વાંસમાંથી ચીજવસ્તુઓ બનાવવાની કલા પ્રખ્યાત છે. પ્રવાસન ઉદ્યોગને વેગ આપતી કલાત્મક સુશોભનની વસ્તુઓ બનાવવા માટે સરકાર તરફથી વિશેષ તાલીમ આપીને તેમને આર્થિક રીતે સધ્ધરતાના માર્ગે લઈ જવાના પ્રયાસો સતત ચાલુ છે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.ડી. કાપડીયાએ જણાવ્યું હતું કે, 'હર ઘર તિરંગા અભિયાન' માટે મોટા જથ્થામાં વાંસની લાકડીની જરૂરિયાત ઊભી થઈ અને ખાસ કરીને વાંસકામની કલામાં માહેર કોટવાડિયા સમાજે આ ચેલેન્જને સ્વીકારી. લોકોને રોજગારી પણ મળી અને તેમના ઉત્સાહમાં વધારો પણ થયો.



વનવિભાગના નાયબ વનસંરક્ષક શ્રી આનંદકુમારે જણાવ્યું હતું કે, કોટવાડિયા સહિત જંગલ વિસ્તારનાં ગામોમાં જોઈન્ટ મેનેજમેન્ટ કમિટી બનાવવામાં આવે છે, જેની મારફત દર વર્ષે જંગલોમાંથી વાંસ નિઃશુલ્ક પૂરા પાડવામાં આવે છે. ગત વર્ષે ૩.૫ લાખનું વાંસ રોજગારી માટે વિતરણ કરાયું હતું.

ગ્રામવિકાસ નિયામક શ્રી અશોકભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, તાપી, જામનગર, અમરેલી, ગીર-સોમનાથ, વલસાડ, ભરૂચ, સુરત, ઘોઘા-ભાવનગર, અમરેલી સહિતના જિલ્લાઓમાંથી વાંસની સ્ટીકના ઓર્ડર મળ્યા છે, જેના વેચાણથી સખીમંડળની આ બહેનો સહિત અન્ય લોકોને સારી આવક મળી રહેશે.

ગામના સરપંચ શ્રી હેમંત ગામીતે જણાવ્યું હતું કે, અમારા ગામના લોકોને આટલા મોટા પ્રમાણમાં રોજગારી મળી એ બહુ મોટી વાત કહેવાય. અમારી આજુબાજુનાં ગામના અંતાપુર, ગડત, પાલાવાડી, ધંતુરી, બેડકૂવા વગેરે ગામના લોકો પણ આ કામમાં જોડાયા છે. મદાવ ગામનાં મહિલા ખેડૂત સુધાબહેન ગામીતે પોતાના મોટા બામ્બુ વાંસની આખી જાળ વેચી દીધી અને એક વાંસના સો રૂપિયા લેખે તેમને અંદાજે દસ હજાર રૂપિયા મળી રહેશે.

વિકાસની મુખ્ય ધારામાં તેઓને લાવવા માટે સરકાર વિવિધ કાર્યક્રમો થકી તેમને સહયોગી બની રહી છે, જેમાં તાપી જિલ્લાનું ઉદાહરણ આ ઉક્તિને સાર્થક કરે છે. ●

# ડબલ એન્જિનવાળી સરકારે બે દાયકામાં આદિવાસીઓનાં જીવનમાં ફેલાવ્યો સોનેરી ઉજાસ

રીના દક્ષિણી



રાજ્યના એકે એક માનવીની સુખાકારી, સમૃદ્ધિ, હકો અને તેમના વિકાસ માટે કામ કરતી ગુજરાત સરકારના વિવિધ પગલાઓની ફલશ્રુતિ એ છે કે છેલ્લા બે દાયકામાં આદિવાસી બાંધવોના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. તેઓ શિક્ષિત થયા, આર્થિક રીતે સમૃદ્ધ થયા અને પરિણામે સામાજિક રીતે ઊંચા આવ્યા અને સ્વમાનભેર જીવતા થયા. આદિવાસી બાંધવોનું રાજ્યની પ્રગતિમાં યોગદાન વધ્યું તેના પાયામાં તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આદિવાસી બાંધવોના સર્વાંગીણ વિકાસ માટેનો મક્કમ નિર્ધાર છે. આદિવાસી બાંધવોના ઉત્થાનને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એક મિશન તરીકે સ્વીકાર્યું છે જેના મીઠા ફળ આજે આદિવાસીઓને મળ્યા છે. છેલ્લા બે દાયકામાં વિવિધ ક્ષેત્રે તેમણે મેળવેલી સફળતાના પરિણામે આજે આદિવાસીઓની જીંદગી ઉજળી બની છે. તેઓ અદ્યતન ટેક્નોલોજી સાથે જોડાયા છે અને પોતાના વ્યવસાયમાં આ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પોતાનું જીવન સરળ તેમજ ઉન્નત બનાવી રહ્યા છે.

“મારી પ્રગતિ બીજા નોકરીયાત વર્ગથી કંઈ કમ નથી, જેનું મને ગૌરવ છે.” આ શબ્દો છે મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના પટ્ટણ ગામમાં રહેતા લીલાબહેન માચીના... 2001માં એક જર્સી ગાયથી પશુપાલનનો વ્યવસાય શરૂ કરનાર લીલાબહેન પાસે આજે 30 ગાય, 2 ભેંસ અને 12 અન્ય પશુઓ છે જેનો શ્રેય તેઓ આત્મા પ્રોજેક્ટ અને રાજ્યના પશુપાલન વિભાગને આપે છે.

શિક્ષણ કેવી રીતે પગભર બનાવે છે તેનુ ઉદાહરણ દાહોદ જિલ્લાની મહિલા ઔદ્યોગિક તાલીમ કેન્દ્રમાં જોવા મળ્યું છે. અહીં કરાવવામાં આવતો બેઝીક કોસ્મોટોલોજીનો કોર્સ અનેક છાત્રાઓની આવકનું સાધન બન્યો છે. અહીંથી તાલીમ મેળવીને સ્વનિર્ભર બનેલી રાણાપુર ગામની સીતાબહેન જણાવે છે કે તેમના કુટુંબની આર્થિક સ્થિતિ સારી ન હતી પરંતુ આ કોર્સ કર્યા બાદ તે હવે પગભર બની છે. આવી અનેક છાત્રાઓ તાલીમ મેળવીને આજે પોતાને ‘સેલ્ફ એમ્પલોઇ’ તરીકે ઓળખાવતી થઈ છે.

અહીં માત્ર બે ઉદાહરણો ટાંક્યા છે પરંતુ રાજ્યની પૂર્વ પટ્ટીમાં વસતા 90 લાખથી વધુ આદિવાસી બાંધવોનાં જીવનમાં નવો ઉજાસ આવ્યો છે. રાજ્યમાં આદિવાસીઓની 14% વસ્તી છે તેઓ જે વિસ્તારમાં રહે છે ત્યાં પહાડો અને જંગલો આવેલા છે. આ આદિવાસીઓ એક સમયે પોતાની ભૌગોલિક પરિસ્થિતિના કારણે વિકાસથી વંચિત હતા. પરંતુ તેમની ભૌગોલિક પરિસ્થિતિઓને પડકાર ફેંકીને તેમને પણ મુખ્યધારા સાથે જોડવા માટે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ 2007માં વનબંધુ કલ્યાણ યોજના -1ને એક મિશન તરીકે શરૂ કરવામાં આવી. વનબંધુ કલ્યાણ યોજનામાં આદિવાસીઓના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસની સાથે આંતરમાળખાકીય સુવિધાઓ અને ગુણવત્તાયુક્ત જીવન આપવાના વ્યાપક ધ્યેયને આવરી લેવામાં આવ્યો. તેનો હેતુ આદિવાસીઓને તમામ સુવિધાઓ આપીને અને તેમનામાં જાગૃતિ લાવીને તેમને મુખ્યધારામાં જોડવાનો હતો. શિક્ષણ માટેની જાગૃતિ આવે. તેઓ પોતાના કૌશલ્યો પ્રત્યે જાગૃત બને, તેમનામાં શિક્ષણ માટેની જાગૃતિ વધે અને તેમને રોજગારી મળી રહે તેવા હેતુઓ સાધવામાં આવ્યા. વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આદિજાતિ વિસ્તારમાં પાકા રસ્તા, વીજળી, શુદ્ધ પાણી અને આરોગ્યને લગતી સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે. જેના પરિણામે તેઓએ વિકાસની વાટ પકડી અને તેઓ ગુણવત્તાયુક્ત જીવન જીવતા થયા છે. એટલું જ નહી સરકારે તેઓને આપેલી સુવિધાઓ અને તેમના માટે શરૂ કરાયેલી

વિવિધ યોજનાની ફળશ્રુતિ એ છે કે આજે કોઈ આદિવાસી વિદ્યાર્થી પાઈલોટ બન્યો છે તો કોઈ આદિવાસી મહિલા આત્મનિર્ભર બની છે તો કોઈ આદિવાસી બાંધવ એ વિસ્તારમાં થતા ઉત્પાદનોનું વિદેશમાં વેચાણ કરી આવક મેળવતો થયો છે.

વનબંધુ કલ્યાણ યોજનાની સફળતા બાદ વર્ષ 2021-22 થી વર્ષ 2025-26 સુધી વનબંધુ કલ્યાણ યોજના -2ની શરૂઆત કરવામાં આવી છે જેના માટે રૂપિયા એક લાખ કરોડથી વધુનો ખર્ચ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં આદિવાસી બાંધવોને આવાસ મળી રહે, તેમને ઉચ્ચ અભ્યાસની તકો ઉપલબ્ધ થાય, તેમને સાર્વત્રિક વીજળી મળી રહે અને આરોગ્યની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના ધ્યેય રાખવામાં આવ્યા છે. વનબંધુ કલ્યાણ યોજના-2માં રોજગારીની વધુમાં વધુ તકો ઊભી થાય, પ્રવાસન ક્ષેત્રોનો વિકાસ થાય, આદિવાસીઓના જીવન સરળ બને, તેઓમાં જાગૃતિ વધે અને તેમની સંસ્કૃતિ જળવાઈ રહે તે માટેનું નક્કર આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ 2022માં જાહેર થયેલા બજેટમાં આદિજાતિ વિકાસ વિભાગ માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે કુલ રૂ.૨૯૦૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.



પૂર્વ પટ્ટીના આદિવાસી વિસ્તારોમાં આધુનિક ટેક્નોલોજીના સમૂચિત ઉપયોગ દ્વારા જળસંચય, જળ વિતરણ અને જળવ્યવસ્થાપન દ્વારા પાણીની અછત મહદઅંશે દૂર થઈ છે. આદિજાતિ વિસ્તારના કુલ 21,48,527 ઘરોમાંથી 17,34,366 ઘરોને એટલે કે 84.30% ઘરોને માર્ચ-2022ની સ્થિતિએ નળ જોડાણ આપવામાં આવ્યા છે. બાકી રહેતા નળ જોડાણ સપ્ટેમ્બર 2022 સુધીમાં પૂર્ણ કરવાનું નક્કર આયોજન છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરી વિસ્તારોની સાથે ગ્રામીણ વિસ્તારોને પણ વર્ષ 2024 સુધીમાં 'નલ સે જલ' યોજના અંતર્ગત ઘેર ઘેર પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે સંકલ્પ કર્યો છે જે અંતર્ગત પૂર્વ પટ્ટીના દુર્ગમ વિસ્તારોમાં પણ પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. જેના પરિણામે આ ગામો પાણીદાર બન્યા છે. પૂરતું પાણી મળી રહેવાને કારણે અહીં વસતા લોકોનું જીવન સરળ બન્યું છે.

એન્જિનિયરિંગની દ્રષ્ટિએ એક ચમત્કારિક સિદ્ધિ એવા એસ્ટોલ પ્રોજેક્ટનું 10 જૂન 2022ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ વલસાડ જિલ્લાના અંતરિયાળ આદિવાસી વિસ્તારોના 174 ગામડાઓ અને 1028 ફળિયાઓમાં રહેનારા 4.50 લાખ લોકોના જીવનમાં એક નવું પરિવર્તન લાવશે. તેના દ્વારા લગભગ 200 માળ (1875 ફીટ)ની ઊંચાઈ સુધી પાણીને ઉપર પહોંચાડીને આ પહાડી વિસ્તારમાં પાણીનું વિતરણ શક્ય બનાવાયુ છે. પીવાનું શુદ્ધ પાણી અને સિંચાઈનું પાણી મળતા આદિવાસીઓનો પાણી માટેનો રઝળપાટ દૂર થયો છે અને તેમને અન્ય અનેક ક્ષેત્રે પણ ફાયદો થયો છે.





સમાજના અનેક પ્રશ્નોનો હલ ઉચ્ચ શિક્ષણમાં રહેલો છે. છેલ્લા બે દાયકામાં આદિવાસીઓની શિક્ષણની ક્ષિતિજો વિસ્તરી છે. આદિવાસી વિસ્તારોમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવાથી લઈને તેમને તબીબી અને ઈજનેરી કક્ષાનું શિક્ષણ મળી રહે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી છે જેના પરિણામે આજે આદિવાસી બાળકો-યુવાનો ભણી ગણીને વિશ્વભરમાં ગુજરાતનો ડંકો વગાળી રહ્યા છે. આદિજાતિ વિસ્તાર એવા પંચમહાલના ગોધરામાં ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.

રાજપીપળા નજીક વીર શહીદ બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી 250 એકરમાં આકાર લઈ રહી છે. જે પૈકી 39 એકર જમીનની ફાળવણી કરવામાં આવી છે. યુનિવર્સિટીના વિકાસ માટે રૂપિયા 340 કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ ઉપરાંત તબીબી પ્રવેશ પરીક્ષા માટે વિના મૂલ્યે કોચીંગ વર્ગોની યોજના અંતર્ગત 5272 આદિજાતિ વિદ્યાર્થીઓને N.E.E.T.,/GUJCET માટે કોચીંગ પૂરૂ પાડવામાં આવે છે જે થકી 1444 આદિજાતિ વિદ્યાર્થીઓ તબીબી અભ્યાસક્રમ માટે પાત્ર ઠર્યા છે. થોડા વર્ષો પહેલા એવી સ્થિતિ હતી કે રાજ્યની ઈજનેરી, ડિપ્લોમા તથા ફાર્મસી જેવી કોલેજોમાં આદિજાતિ સમાજની બેઠકોની સંખ્યા ખાલી રહેતી હતી. તેનું કારણ એ હતું કે એ સમયે આદિજાતિ વિસ્તારોમાં વિજ્ઞાનશાળાનો અભાવ હતો. પરંતુ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તમામ આદિજાતિ વસતી ધરાવતા તાલુકાઓમાં ધોરણ-11ની વિજ્ઞાન શાળા શરૂ કરવાનો ક્રાંતિકારી નિર્ણય કરીને તેનો અમલ કર્યો છે. રાજ્ય સરકાર દ્વારા

કરવામાં આવેલા આ નિર્ણયોથી એક એવી શિક્ષિત પેઢી તૈયાર થઈ રહી છે જે રાજ્યના વિકાસમાં સિંહફાળો આપશે.

ધોરણ 1 થી 8 ની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોમાં વિવિધ પોષકતત્વો મળી રહે તે તે હેતુથી વર્ષ 2007માં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દૂધ સંજીવની યોજના અમલમાં મૂકવામાં આવી હતી. આ યોજના હેઠળ બાળકદીઠ 200 ગ્રામ ફ્લેવર્ડ દૂધ નિયમિત ધોરણે આપવામાં આવે છે. દૂધ સંજીવની યોજના અંતર્ગત ૫૩ આદિજાતિ તાલુકાનાં ૮ લાખ જેટલા વિદ્યાર્થીઓને પોષણક્ષમ આહાર આપવા માટે રૂ.૧૪૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આદિવાસીઓમાં જોવા મળતા સિકલ સેલ એનિમિયાની સારવાર માટે 90 લાખથી વધુ આદિવાસી બાંધવોનું સ્ક્રીનીંગ કરાયું છે. આ ઉપરાંત આ રોગના દર્દીઓને દર માસે નાણાકીય તબીબી સહાય આપવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે જેનો સીધો લાભ આ રોગના 29,000 જેટલા આદિજાતિ દર્દીઓને મળી રહ્યો છે. વર્ષ 2022-23ના બજેટમાં ટી.બી., કેન્સર, રકતપિત્ત અને સીકલસેલ એનીમીયા જેવા રોગોની સારવારની મફત તબીબી સહાય યોજના હેઠળ રૂ.૧૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

પેસા એક્ટ અંતર્ગત રાજ્યની 2,584 ગ્રામ પંચાયતો હેઠળની 4,503 ગ્રામસભાઓની ગૌણ વન પેદાશો, ગૌણ ખનીજો અને ગામના વિકાસને લગતી યોજનાઓને મંજૂરી આપવાનો અને વિકાસના નિર્ણયો સ્થાનિક કક્ષાએથી જ કરવાના વિશેષ અધિકારથી વનબંધુઓના આર્થિક ઉત્થાનનો દૂરંદેશીભર્યો નિર્ણય કરવામાં આવ્યો છે. તેના કારણે આદિવાસીને પોતાની સંસ્કૃતિ, રિવાજ અને પરંપરાના જતન અને સંવર્ધન માટે પ્રોત્સાહન મળી રહ્યું છે. પશુપાલનના વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ અંતર્ગત આદિજાતિ વિસ્તારની મહિલાઓને આ કાર્યક્રમમાં ભાગીદાર બનાવવામાં આવે છે. આ યોજના અંતર્ગત પશુપાલન સાથે જોડાયેલા કુટુંબોને દૂધાળા પશુ અને અન્ય સાધન સહાય અંતર્ગત વાસણોની કીટ, કેટલ ટ્રાન્સપોર્ટેશન, પશુવીમો, પશુ સારવાર, પશુદાણ અને તાલીમ આપવામાં આવે છે તથા ડેરી સંઘ સાથે જોડવામાં આવે છે. આ યોજનાના પરિણામસ્વરૂપે આજે અનેક પશુપાલકો અને ખાસ કરીને મહિલા પશુપાલકો પગભર બન્યા છે અને અર્થતંત્રમાં પોતાનું યોગદાન આપતા થયા છે. આદિજાતિ લાભાર્થીઓ માટે સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ રૂપિયા 27 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.







આદિવાસી ખેડૂતો છેલ્લા કેટલાક વર્ષોમાં આધુનિક પદ્ધતિથી ખેતી કરતા થયા છે. સિંચાઈ અને સાધનો તેમજ પૂરતું માર્ગદર્શન મળી રહેતા તેઓ આજે પરંપરાગત પાકોથી આગળ વધીને વિવિધ પાકોની ખેતી કરતા થયા છે. આદિવાસી વિસ્તારોમાં મુખ્યત્વે મકાઈ અને જુવારના પાકો લેવામાં આવતા હતા. હવે તેમાં પરિવર્તન આવતા તેઓ કપાસ, ડાંગર, વટાણા, ટમેટા, કેળા, ચણા, મગફળી જેવા પાકો ઉપરાંત બાગાયતી પાકો અને ફુલોની ખેતી પણ કરતા થયા છે. ગુજરાતમાં કેન્દ્ર સરકાર દ્વારા લાગુ કરાયેલ કૃષિ વૈવિધ્યકરણ પ્રોજેક્ટનો સારી રીતે અમલ થઈ રહ્યો છે. જેના પરિણામે આદિવાસીઓના ખેતરે ખેતરે હરિયાળી ખુશી આવી છે.

'જ્યાં નાગરીક ત્યાં સુવિધા'ના સુત્ર સાથે આગળ વધી રહેલી ગુજરાત સરકારે આદિવાસીઓના ઉત્થાન માટે જે પગલા લીધા છે તેના પરિણામ સ્વરૂપે એક સમયે વંચિત ગણાતી જાતિ મુખ્યધારામાં જોડાઈ શકી છે. તેમના જીવનના તમામ પાસાઓ માટે લેવાયેલા શ્રેણીબદ્ધ નિર્ણયના પરિણામે તેઓનો અવિરત વિકાસ થઈ રહ્યો છે. તેઓમાં ઉચ્ચ અભ્યાસથી લઈ રમતગમત સુધી અને શિક્ષણના મહત્વથી લઈને ટેક્નોલોજીની માહિતી સુધીની સમજ અને તેનો સ્વ-વિકાસમાં ઉપયોગ કરવાની પદ્ધતિ વિશે જાગૃતિ આવી છે. છેલ્લા બે દાયકામાં આદિવાસીઓના જીવનધોરણમાં જે પરિવર્તન આવ્યું છે તેનાથી એક વાત તો સાફ કહી શકાય કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ગુજરાત સરકારે અવિરત વિકાસ કર્યો છે. રાજ્ય સરકારે લીધેલા નક્કર પગલાને કારણે રાજ્યના 14 જિલ્લામાં વસતા આદિવાસી નાગરીકોના ઘરઆંગણે સુવિધાઓ પહોંચી છે જેના કારણે તેમની સંસ્કૃતિ ન માત્ર સચવાઈ પરંતુ તેને વૈશ્વિક ઓળખ મળી, તેઓનું વિસ્થાપન અટક્યું અને સમાજનો એક મોટો વર્ગ પોતાનું યોગદાન રાજ્યના વિકાસમાં આપતો થયો છે. ●

# ધી ડ્રોન પ્રમોશન એન્ડ યુસેઝ પોલિસી જાહેર

રાજ્યના નાગરિકોને તમામ સુવિધાઓ સરળ અને ઉચ્ચ કક્ષાની મળી રહે તે માટે ગુજરાત સરકાર હરહંમેશ પ્રતિબધ્ધ રહી છે. ટેક્નોલોજિનો ઉપયોગ કરી નાગરિકોને પારદર્શી રીતે સારામાં સારી સવલતો પુરી પાડવા ગુજરાત સરકારે જરૂર પડે નિયમોમાં ફેરફાર કર્યા છે. તેમજ જરૂર પડે નવી પોલિસી પણ બનાવી છે. ગુજરાતે અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગથી સરકારી સેવાઓ સહિતની વિવિધ જાહેર સેવાઓ વધુ અસરકારક, લોકભોગ્ય અને કાર્યક્ષમ તથા ઝડપી બનાવવાની દિશામાં એક નવતર કદમ ભર્યુ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ હેતુસર ગુજરાતની મહત્વાકાંક્ષી 'ધી ડ્રોન પ્રમોશન એન્ડ યુસેઝ' પોલિસી જાહેર કરી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ટેક્નોલોજીના આ દશક ટેકેડમાં ટેક્નોલોજિકલ પ્રગતિનો મહત્તમ લાભ લોકોને પહોચાડી ''ઇઝ ઓફ લીવીંગ'' સરળ બનાવવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. રાજ્ય સરકારે આવી સેવાઓ વધુ લોકભોગ્ય બનાવવા સાથે ડ્રોન ઇકો સિસ્ટમના માધ્યમથી રોજગાર નિર્માણની નવીન તકોના સર્જનનો અભિગમ પણ આ 'ધી ડ્રોન પ્રમોશન એન્ડ યુસેઝ પોલિસી' જાહેર કરવામાં રાખ્યો છે.



ગુજરાતમાં પોલીસ દળ પાસે ડ્રોનનો કાફલો હાલ કાર્યરત છે અને તેનો ઉપયોગ કાયદાના અમલીકરણ માટે કરવામાં આવે છે. તાજેતરની રથયાત્રા દરમિયાન ડ્રોનનો વ્યાપક ઉપયોગ કરવામાં આવ્યો હતો. એટલું જ નહિ, ગેરકાયદે ખનન પ્રવૃત્તિ પર નિયંત્રણ રાખવા ઉદ્યોગ ખાણ વિભાગે 'ત્રિનેત્ર' ડ્રોન પણ લોંચ કરેલા છે. ડ્રોનની વૈશ્વિક પહોચની વિપૂલ સંભાવનાઓ અને સ્કેલને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે ડ્રોનના પ્રમોશન અને ઉપયોગ માટેની આ નીતિ જાહેર કરી છે.

**'ધી ડ્રોન પ્રમોશન એન્ડ યુસેઝ' પોલીસિની વિશેષતાઓ :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જાહેર કરેલી આ નીતિની સમયાવધિ-પાંચ વર્ષની રાખવામાં આવી છે. આ ડ્રોન પ્રમોશન એન્ડ યુસેઝ પોલિસીમાં જે ધ્યેય રાખવામાં આવેલા છે તેમાં રાજ્યમાં કાર્યક્ષમતા વધારવા તેમજ સેવાઓની ડીલીવરી માટે ડ્રોનના ઉપયોગને પ્રોત્સાહન આપી મેન્યૂફેક્ચરીંગ અને ઇનોવેશન સહિતની વાયબ્રન્ટ ડ્રોન ઇકો સિસ્ટમનું નિર્માણ કરવાનો સમાવેશ થાય છે. તેમજ ડ્રોન સેવા ઇકો સિસ્ટમમાં રોજગારીની તકો વધારીને ૨૫ હજાર જેટલી પ્રત્યક્ષ, પરોક્ષ રોજગારીનું સર્જન કરવાનું લક્ષ્યાંક છે.

**ઈનોવેશન માટે યંગ ટેલેન્ટને પ્રોત્સાહન :** યુવા પ્રતિભાઓ ડ્રોન ટેક્નોલોજી ક્ષેત્રે પોતાનું કૌશલ્ય અને સામર્થ્ય દર્શાવી શકે તે માટે ઇનોવેશન્સ માટે યંગ ટેલેન્ટને જોડવામાં આવશે. આ હેતુસર પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ પર કામ કરવા માટે સરકારના વિવિધ વિભાગો, પ્રતિષ્ઠિત સંસ્થાનો અને ઉદ્યોગ કમિશનર કચેરીના સ્ટાર્ટઅપ ગુજરાત સેલ સાથે સહભાગીતાથી હેકાથોન અને ગ્રાન્ડ ચેલેન્જના આયોજનને પ્રોત્સાહન અપાશે. આવા આયોજનના વિજેતા સોલ્યુશન્સને પુરસ્કારો અપાશે અથવા સંબંધિત વિભાગો સાથે પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવાની તક આપવામાં આવશે.

રાજ્ય સરકારે જાહેર કરેલી આ ધી ડ્રોન પ્રમોશન એન્ડ યુસેઝ પોલિસી અંતર્ગત વિવિધ વિભાગો, પબ્લિક સેક્ટર અંડર ટેકીંગ અને બોર્ડ, સંસ્થાઓ ૬ મહિનામાં તેમના સંબંધિત કાર્યક્ષેત્રમાં ડ્રોનના ઉપયોગને પ્રોત્સાહન આપવા યોજનાઓ અને કાર્યક્રમો નિર્ધારીત કરશે. જે વિભાગો ડ્રોનનો પોતાના કાર્યક્ષેત્રમાં ઉપયોગ કરવાના છે તે આ મુજબ છે-

**ગૃહ વિભાગ :** ભીડ સંચાલન, વાઇટલ ઇન્સ્ટોલેશન સિક્યોરિટી, વીવીઆઈપી સુરક્ષા, બોર્ડર અને તટીય સુરક્ષા, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, મોટા કાર્યક્રમો અને શોભાયાત્રાની સુરક્ષા, સર્ચ ઓપરેશન, ટ્રાફિક મેનેજમેન્ટ. **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ :** જંતુનાશક દવાઓનો છંટકાવ, ખાતરનો ઉપયોગ, બીજ વાવણી, માટીની ગુણવત્તાની દેખરેખ, Survey of Soil Erosion. **ભૂસ્તરશાસ્ત્ર અને ખાણકામ કમિશનર, ઉદ્યોગ અને ખાણ વિભાગ :** ભૂસ્તરશાસ્ત્ર અને ખાણકામ માટે ખાણકામ વિસ્તારોની દેખરેખ, ગેરકાયદેસર ખાણકામ અટકાવવા, ખનીજ લીઝ અને બ્લોક્સનું સર્વેક્ષણ. **ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ :** તેલ અને કુદરતી ગેસની પાઇપલાઇનની દેખરેખ, પાવરલાઇનની દેખરેખ, ઓનશોર અને ઓફશોર એસેટને સુરક્ષિત કરવા. **શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ :** પાયલટ અને યુઝરની તાલીમ. **સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ :** તબીબી સપ્લાય અને લોહીની ડિલીવરી.

**ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ :** બચાવ અને રાહતકાર્ય. **શહેરી વિકાસ વિભાગ :** શહેરી જમીનના ઉપયોગનું પ્લાનિંગ, સ્વચ્છતા સર્વેક્ષણ. **સિંચાઈ વિભાગ :** જળાશયો અને સિંચાઈ નહેરોની દેખરેખ. **વન વિભાગ :** સિંહ ગણતરી, વન્યસંપદાનું ટ્રેકિંગ, મેપિંગ અને મોનિટરીંગ, ઇકોલોજીકલ ઓડિટ, શિકારને અટકાવવા. **ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ :** ઉત્સર્જનની દેખરેખ. **મહેસૂલ વિભાગ :** GIS આધારિત સરવે અને સરવે નંબરનું મેપિંગ. **માર્ગ અને મકાન વિભાગ :** રિપેર કાર્યનો અંદાજ, ચાલુ પ્રોજેક્ટની દેખરેખ વગેરે. ●

# VSCIC યુવા સંશોધકોને સન્માનિત કરતા CM




અમદાવાદમાં ગુજરાત યુનવર્સિટી ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વિક્રમ સારાભાઈ ચિલ્ડ્રન ઇનોવેશન સેન્ટર"ના યુવા સંશોધકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ વિક્રમ સારાભાઈ ચિલ્ડ્રન ઇનોવેશન સેન્ટરના "VSCIC Innovation, Entrepreneurship and Design Thinking Massive Online Open Course (MOOC)" અને GUSEC (ગુજરાત યુનિવર્સિટી સ્ટાર્ટ અપ એન્ડ એન્ટરપ્રેન્યોરશિપ કાઉન્સિલ) ની કૉફી ટેબલ બૂક "75 startups of GUSEC Accelerating Aatmanirbhar Bharat"નું લોન્ચિંગ કરાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, યુવા સંશોધકો અને ઉદ્યોગસાહસિકોના વિચારબીજને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડીને એક વિચારને પ્રોડક્ટ સુધી પહોચાડવા માટે રાજ્ય સરકારે “સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન” પોલીસી અમલમાં મૂકી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર "સ્ટાર્ટ અપ" શબ્દની પરિભાષાને ખરા અર્થમાં ચરિતાર્થ કરવા સતત પ્રયત્નશીલ છે.

શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આવનારા વર્ષોમાં ભારતમાં ઈનોવેશન ક્ષેત્રે કામગીરી કરતા લોકોની સંખ્યા બમણી હશે અને ભારત સ્ટાર્ટ અપ અને ઈનોવેશન ક્ષેત્રે વિશ્વમાં આગવું સ્થાન પ્રાપ્ત કરશે. સ્ટાર્ટ અપ અને ઈનોવેશન ક્ષેત્રે ગુજરાત સરકાર દ્વારા આ વર્ષે ૫૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે, જે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સફળ નેતૃત્વમાં સ્ટાર્ટ અપ અને ઈનોવેશન ક્ષેત્રના વિકાસ માટે સરકારની પ્રતિબધ્ધતા દર્શાવે છે.

આ પ્રસંગે શિક્ષણ સચિવ શ્રી એસ.જે. હૈદર, ઉચ્ચ શિક્ષણના કમિશનર શ્રી એમ. નાગરાજન, ગુજરાત યુનવર્સિટીના કુલપતિ શ્રી હિમાંશુ પંડ્યા અને રજિસ્ટ્રાર ડૉ.પી. એમ.પટેલ, GUSEC, VSCIC, ગુજરાત યુનવર્સિટી અને UNICEF ગુજરાતના સભ્યો, યુવા સંશોધકો તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગોબરધન યોજના અન્વયે સહકારી ડેરી સંઘોને સહાય અર્પણ



ગોબરધન યોજના અન્વયે રાજ્ય સરકાર સાથે સહભાગી થયેલા સહકારી ડેરી સંઘોને પ્રથમ હપ્તા પેટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂ.૧ કરોડની રકમના ચેક વિતરણ કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ મુખ્ય સહકારી દૂધ ઉત્પાદક સંઘો સાબર ડેરી, અમૂલ ડેરી, બનાસ ડેરી અને દૂધ સાગર ડેરીઓના ચેરમેન, વાઈસ ચેરમેન અને પદાધિકારીઓને આ ચેક અર્પણ કર્યા હતા. આ સહકારી દૂધ સંઘો પોતાના સભાસદોને વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ બનાવવા માટે લાભાર્થી દીઠ ૨૫૦૦૦ રૂપિયાની સહાય આ ભંડોળમાંથી આપે છે.

આ દૂધ ઉત્પાદક સહકારી સંઘો દ્વારા ૨૦૦ સભાસદોના ક્લસ્ટર બનાવી ગોબરધન પ્રોજેક્ટ અંતર્ગત વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવે છે. આ ગોબરધન પ્રોજેક્ટ ભારત સરકારના સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અન્વયે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સહયોગથી કાર્યરત કરવામાં આવેલો છે.

રાજ્યના ૮ જિલ્લામાં ૧૬૦૦ લાભાર્થીઓને આ ગોબરધન પ્રોજેક્ટ માટે વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ માટે આ ચાર દૂધ સંઘો સહાયરૂપ થશે. આ પ્રસંગે ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણ, રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઇ મેરજા, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, ગ્રામ વિકાસ અગ્ર સચિવ શ્રીમતી સોનલ મિશ્રા અને મુખ્ય અમલીકરણ એજન્સીઓના પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગુજરાતના વિદ્યાર્થીઓને ઘરઆંગણે શિક્ષણની શ્રેષ્ઠ સુવિધા ઉપલબ્ધ કરાવવા સરકાર પ્રતિબદ્ધ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમયની જરૂરિયાત મુજબ ડિજિટલ યુગમાં ઘેર બેઠાં શિક્ષણ મળે તેવી વ્યવસ્થાઓ ઊભી કરી શિક્ષણને વધુ સુલભ અને સરળ બનાવ્યું છે. ગુજરાતના વિદ્યાર્થીઓને ઘરઆંગણે શિક્ષણની શ્રેષ્ઠ સુવિધા ઉપલબ્ધ કરાવવા સરકાર પ્રતિબદ્ધ હોવાનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં નડિયાદ ખાતે 'મગનભાઈ એડનવાલા મહાગુજરાત યુનિવર્સિટી'ના લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતે સમયની માંગ સાથે આગળ વધતાં નાનામાં નાના અને છેવાડાના માનવીને કેન્દ્રસ્થાને રાખીને કૃષિ, શિક્ષણ, ઉદ્યોગ, સ્વાસ્થ્ય અને સુરક્ષાનાં ક્ષેત્રોમાં ઉત્તમ વ્યવસ્થાઓ ઊભી કરી છે, જેના પરિણામે ગુજરાત સમગ્ર દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે.

કોરોના મહામારી દરમિયાન આપણા ઘરગથ્થુ ઈલાજો કેટલા લાભકારી છે, તે બાબતનો ખ્યાલ આવ્યો હતો. આપણી પ્રાચીન આયુર્વેદિક ચિકિત્સા-પદ્ધતિ કોરોના મહામારીમાં ઘણી અસરકારક સાબિત થઈ હતી. આ પદ્ધતિને ગ્લોબલ બનાવવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વ આરોગ્ય સંસ્થા અને કેન્દ્રીય આયુષ મંત્રાલયના સહયોગથી જામનગર ખાતે 'ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસીન'ની સ્થાપના કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશ અને દુનિયામાંથી આયુર્વેદિક ચિકિત્સા માટે મહાગુજરાત સોસાયટી સંચાલિત આયુર્વેદિક હૉસ્પિટલમાં લોકો સારવાર માટે આવે છે. જેમના રોગનો ઈલાજ કોઈ સ્થળે ના હોય તેવા દર્દીઓને અહીં સારવાર આપવામાં આવે છે, જે આયુર્વેદિક ચિકિત્સા-પદ્ધતિની સિદ્ધિ છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

નડિયાદની ધરતીએ અખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબ, મહાગુજરાત આંદોલનના પ્રણેતા ઈન્દુલાલ યાજ્ઞિક, જાણીતા સાક્ષરો શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી અને બકુલભાઈ ત્રિપાઠી, મણિલાલ દ્વિવેદી જેવાં અનેક માનવરત્નો આપ્યાં છે. આ સાથે, ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની રચના પણ નડિયાદની ભૂમિમાં કરી હોવાનો મુખ્યમંત્રીશ્રીએ ખાસ ઉલ્લેખ કર્યો હતો.

'મગનભાઈ એડનવાલા મહાગુજરાત યુનિવર્સિટી'ના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પદ્મશ્રી પુરસ્કૃત ડૉ. હર્ષદભાઈ દેસાઈનું સન્માન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રી સન્માન કરવા માટે તેમની બેઠક સુધી સામે ચાલીને ગયા હતા અને ઋજુતા દર્શાવી હતી.

આ સાથે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આયુષમાન ભારત યોજના હેઠળ PMJAY કાર્ડનું વિતરણ કર્યું હતું. તેમજ 'મગનભાઈ એડનવાલા મહાગુજરાત યુનિવર્સિટી'ની સ્થાપના કરવા બદલ મુખ્યમંત્રીશ્રીએ સંસ્થાના હોદ્દેદારોને અભિનંદન આપ્યા હતા.

કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, સ્વ. મગનભાઈ દ્વારા નડિયાદ જિલ્લામાં કરાયેલાં સખાવતી કાર્યો ત્યાગીને ભોગવી જાણવાના સૂત્રને સાકાર કરે છે. ગરીબ લોકોની સેવાના ધ્યેય સાથે જ અહીં હૉસ્પિટલ શરૂ કરવામાં આવી હતી અને તે જનસેવાનું કેન્દ્ર બની છે. ત્યારે આ હૉસ્પિટલને યુનિવર્સિટીનો દરજ્જો મળ્યો તે સમગ્ર નડિયાદ માટે આનંદની વાત છે. વધુમાં તેમણે કોરોના કાળમાં આ હૉસ્પિટલ દ્વારા કરાયેલી સરાહનીય સેવા બદલ સમગ્ર હૉસ્પિટલ સ્ટાફને બિરદાવ્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સૌનો સાથ અને સૌનો વિકાસ'ના સૂત્રને યાદ કરાવતાં ગ્રામવિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે 'મગનભાઈ એડનવાલા મહાગુજરાત યુનિવર્સિટી'ના લોકાર્પણની ક્ષણને નડિયાદ માટે ગૌરવની ક્ષણ ગણાવી હતી. તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રી અને સરકારના સતત પ્રયત્નોથી આરોગ્યનું સ્તર સુધર્યું છે અને નવી નવી યુનિવર્સિટીઓની સ્થાપનાથી રાજ્યના યુવાનો વૈશ્વિક સ્તરનું શિક્ષણ મેળવી રહ્યા છે.

સરદાર પટેલની જન્મભૂમિ નડિયાદમાં નવી આયુર્વેદિક યુનિવર્સિટી અંગે મુખ્ય દંડક શ્રી પંકજભાઈ દેસાઈએ વિકાસમાં શિક્ષણના મહત્ત્વને અમૂલ્ય ગણાવ્યું હતું.

આ પ્રસંગે શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, મહિલા અને બાળ કલ્યાણ રાજ્ય મંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલ, વિવિધ કૉલેજોના ડીન, ફેકલ્ટી, અગ્રણીઓ, કૉલેજના આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ સહિત વિશાળ સંખ્યામાં નગરજનો હાજર રહ્યા હતા. ●

## નડિયાદમાં 'મગનભાઈ એડનવાલા મહાગુજરાત યુનિવર્સિટી'નું લોકાર્પણ કરતાં CM

# જળાશયોની પ્રવર્તમાન સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા



ગુજરાતમાં પ્રવર્તમાન ચોમાસાના વ્યાપક વરસાદની સ્થિતિને પગલે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના જળાશયોની સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા માટે ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. પાણી પુરવઠા અને સિંચાઇ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલી આ બેઠકમાં જળસંપત્તિ વિભાગે જળાશયોની તા.૧૦ ઓગસ્ટ-૨૦૨૨ સુધીની સ્થિતિનું વિસ્તૃત વિવરણ પ્રસ્તુત કર્યુ હતું.

રાજ્યમાં સરદાર સરોવર પરિયોજના સહિત કુલ-૨૦૭ જળાશયોની કુલ જળસંગ્રહ ક્ષમતા ૨૫,૨૬૬ MCM છે તેની સામે અત્યાર સુધીમાં ૧૭,૩૯૫ MCM પાણી જળાશયોમાં આવ્યું છે એટલે કે ૬૯ ટકા જેટલું પાણી આ જળાશયોમાં છે તેની વિગતો બેઠકમાં આપવામાં આવી હતી. પાણીનો આ આવરો પાછલા ૧૩ વર્ષોમાં સૌથી વધુ અને ગયા વર્ષની તા.૧૦મી ઓગસ્ટ કરતાં ૨૧ ટકા વધારે છે.

મુખ્યમંત્રીશ્રીએ જળાશયોની સ્થિતિની સમીક્ષા દરમિયાન એવા દિશાનિર્દેશ આપ્યા હતા કે જે વિસ્તારોમાં વરસાદ વધુ પડે છે અને પાણી વહી જાય છે ત્યાં નાના ચેકડેમ બાંધી આવું પાણી રોકીને જળસંગ્રહ-જળસંચય કરી શકાય. તેમણે એવી પણ સૂચના આપી હતી કે હાલ જ્યાં વરસાદ પડેલો છે ત્યાં સિંચાઇ થઇ શકે તે માટે જરૂરિયાત મુજબ સિંચાઇ યોજનાના કામો પણ સત્વરે હાથ ધરાવા જરૂરી છે.

આ સમીક્ષા બેઠકમાં રાજ્યના જળાશયોની વિસ્તાર પ્રમાણે સમીક્ષા કરતાં જણાવવામાં આવ્યું કે, કચ્છ પ્રદેશમાં ૨૦ મધ્યમ અને ૧૭૦ નાની સિંચાઇ યોજનાઓના જે જળાશયો છે તેમાં સરેરાશ ૭૦ ટકા પાણી છે. સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં તા.૧૦મી ઓગસ્ટ-૨૦૨૨ ની સ્થિતિએ ૬૩ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૭૪ ટકા, મધ્યમ ગુજરાતના ૧૭ જળાશયોમાં ૪૪ ટકા તેમજ ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૩૧ ટકા પાણી છે. રાજ્યના જે ૭૩ જળાશયોમાંથી પીવા માટે પાણી લેવામાં આવે છે તે પૈકીના ૬૨ જળાશયોમાં આગામી ઓગસ્ટ-૨૦૨૩ સુધી ચાલે તેટલો પર્યાપ્ત પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં વરસાદની સ્થિતિની પણ સમીક્ષા આ બેઠક દરમિયાન હાથ ધરી હતી. વરસાદની સ્થિતિની સમીક્ષા સંદર્ભમાં જણાવાયું હતું કે, રાજ્યના ૩૩ જિલ્લાના બધા જ તાલુકાઓમાં ૧૨૫ મિ.મી કરતાં વધુ વરસાદ વરસી ગયો છે. ●

# અમદાવાદમાં આઇટીસી નર્મદા હોટેલનો પ્રારંભ

અમદાવાદમાં નિર્માણ પામેલી આઇટીસી નર્મદા હોટેલનું મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતની પરંપરા અને કલ્ચરને ધ્યાનમાં રાખીને આ હોટેલનું નિર્માણ થયું છે એ આપણા સૌ માટે એક ગર્વની વાત છે. આઇટીસી ગુજરાતમાં ઘણા બધા ક્ષેત્રોમાં કાર્યરત છે અને ગુજરાતની ઈકોનોમીમાં મહત્વનો ફાળો આપી રહી છે. ગુજરાતની સકારાત્મક વેપારનીતિના કારણે આજે ગુજરાત દેશ વિદેશના રોકાણકારોને આકર્ષવામાં સફળ રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસની જે દિશા આપી હતી. તેના કારણે દેશ વિદેશના અનેક રોકાણકારો ગુજરાત તરફ આકર્ષાયા છે. જેનાથી આજે ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન બન્યું છે.

ઉલ્લેખનીય છે કે, આઇટીસી નર્મદા એ ગુજરાતની પ્રથમ LEED પ્લેટિનમથી પ્રમાણિત હોટલ છે અને તે ભારતમાં આઇટીસી હોટલના વૈભવી કલેક્શનની 15મી હોટલ છે. આઇટીસી નર્મદા એ ગુજરાત રાજ્યમાં આઇટીસી હોટેલ્સની 12મી પ્રોપર્ટી છે. શહેરના ધમધમતા વ્યવસાયિક ક્ષેત્રમાં અત્યંત અનુકૂળ સ્થળે આવેલ આ હોટલ 291 રૂમ, 19 માળ અને 70 મીટરનું ભવ્ય માળખું ધરાવે છે. આઇટીસી નર્મદા તેની ઉત્કૃષ્ઠ સેવાઓ દ્વારા અમદાવાદના આતિથ્ય-સત્કારનું સમગ્ર પરિદ્રશ્ય બદલી નાખશે અને અમદાવાદને વૈશ્વિક MICE ટુરિઝમ અને ઈવેન્ટ્સ માટેનું એક આદર્શ સ્થળ બનાવી દેશે. ●

# L&Tએ વડોદરા નજીક IT પાર્કમાં વધુ રોકાણો માટે MoU કર્યા



ગુજરાતે દરેક ક્ષેત્રે અગ્રેસર રહેવાનો સંકલ્પ કર્યો છે. રાજ્યમાં નવી પૉલિસીઓના કારણે ગુજરાત રોકાણનું હબ બન્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દૃષ્ટિવંત નેતૃત્વમાં રાજ્ય સરકારે તાજેતરમાં જાહેર કરેલી IT અને ITeS (૨૦૨૨-૨૭) પૉલિસીને વ્યાપક ફળદાયી પ્રતિસાદ મળી રહ્યો છે. આ સંદર્ભમાં ગુજરાતે વધુ એક મહત્ત્વપૂર્ણ સફળતા મેળવી છે. વિશ્વવિખ્યાત ઉદ્યોગ જૂથ લાર્સન એન્ડ ટુબ્રો લિમિટેડ દ્વારા વડોદરા નજીક IT અને ITeS ઈનેબલ્ડ સર્વિસીસના ટૅક્નોલૉજી પાર્કમાં વધુ રોકાણો માટે રાજ્ય સરકાર સાથે MoU કરાયા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં અને સાયન્સ ટૅક્નોલૉજી મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીના માર્ગદર્શનમાં આ MoU રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટૅક્નોલૉજી વિભાગ અને L&Tએ કર્યા હતા.

આગામી પાંચ વર્ષમાં ડાયરેક્ટ અને ઈનડાયરેક્ટ એમ્પ્લોયમેન્ટ મળી કુલ ૧૦ હજાર જેટલી સૂચિત રોજગારી પૂરી પાડવાનું L&Tનું આયોજન છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે મજબૂત નીતિ-માળખું ઘડીને એક એવી અનુકૂળ બિઝનેસ ઈકોસિસ્ટમનું નિર્માણ કર્યું છે, જેમાં ઉદ્યોગો માટે પ્રોત્સાહન, તકો અને ITને લગતી કામગીરી ગુજરાતમાં શરૂ કરવા માટેની સરળ પ્રક્રિયાઓ અને સાનુકૂળ વાતાવરણ છે.

માહિતી ટૅક્નોલૉજી ક્ષેત્રે 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'ના વિઝનને સાકાર કરવા માટે, ઉત્કૃષ્ટ આઈ.ટી. ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ અને રાજ્યમાં ૧ લાખ આઈ.ટી. નોકરીઓનું સર્જન કરવાના પ્રયાસોના ભાગરૂપે રાજ્ય સરકારે મુખ્યમંત્રીશ્રીના દિશાદર્શનમાં ગુજરાત આઈટી/ITeS નીતિ (૨૦૨૨-૨૭) જાહેર કરેલી છે.

વધુમાં, વિજ્ઞાન અને ટૅક્નોલૉજી વિભાગના મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આ MoUs અન્વયે કુલ રૂ. ૨૪૦૦ કરોડના સૂચિત રોકાણ સાથે, આશરે ૧૩,૭૫૦ ઉચ્ચ કૌશલ્ય ધરાવતી IT રોજગારીની તકો ઊભી કરવામાં આવશે.

હવે L&Tની વડોદરામાં IT/ITeS ટૅક્નોલૉજી પાર્ક માટે ગુજરાત સરકાર સાથેની સહભાગિતાથી સંસ્કાર નગરી વડોદરા હવે IT/ ITeS ક્ષેત્રે પણ ઉત્કૃષ્ટ નગરી બનશે.

આ મહત્ત્વપૂર્ણ MoUના સાઈનિંગ અવસરે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કૈલાસનાથન, મુખ્યસચિવ શ્રી પંકજકુમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્યસચિવ શ્રી પંકજ જોષી અને L&Tના પ્રતિનિધિઓ જોડાયા હતા. ગુજરાતની IT ઈકોસિસ્ટમમાં આ મહત્ત્વપૂર્ણ IT/ITeS નીતિ (2022-27)થી રાજ્યના માહિતી પ્રૌદ્યોગિક લૅન્ડસ્કેપમાં પરિવર્તન લાવવાની કલ્પના છે. ●

# તમામ ક્ષેત્રે ગુજરાતે ઉડીને આંખે વળગે એવો વિકાસ કર્યો છે : CM

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું કે, ગુજરાતે બહુઆયામી વિકાસ કર્યો છે અને તેની અનુભૂતિ દરેક નાગરિકને થઈ રહી છે. ગુજરાત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં બે દાયકાની વિકાસયાત્રા કરીને દેશનું મોડેલ સ્ટેટ બન્યું છે. તાજેતરમાં વીટીવી દ્વારા આયોજિત કોન્કલેવમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, બે દાયકા પહેલાની સરખામણીએ આજે ગુજરાતે શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા ક્ષેત્રે વિકાસ સાધ્યો છે.

ગુજરાતના દરેક ગામમાં ૨૪ કલાક વીજળી ઉપલબ્ધ થઈ છે, ગામે ગામ પાણી પહોચ્યું છે. અત્યારે સમગ્ર દેશ આઝાદીના 75મા વર્ષની ઉજવણી કરી રહ્યો છે. નાનામાં નાના અને છેવાડાના માણસનું ધ્યાન રાખીને ગુજરાતે આજે સર્વાંગી વિકાસ કર્યો છે.

ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસમાં ગુજરાત દેશમાં અગ્રેસર છે. હવે ઈઝ ઓફ લિવિંગમાં પણ ગુજરાત અગ્રીમ બનવા જઈ રહ્યું છે. ગુજરાતના વિકાસના મૂળમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાખેલો સુશાસનનો મજબૂત પાયો છે. તેમણે રાજ્યને એક પૉલિસી ડ્રીવન સ્ટેટ બનાવ્યું છે અને રાજ્યને હોલિસ્ટીક વિકાસની દિશા આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, વર્ષ 2002માં MSME ઉદ્યોગોની સંખ્યા 2.74 લાખ હતી જે આજે વર્ષ 2022માં 8.66 લાખ થઈ છે. સાથો સાથ ઔદ્યોગિક ઉત્પાદન પણ વધ્યું છે. આમ ગુજરાતનો સર્વાંગી વિકાસ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દ્રઢ રાજકીય ઈચ્છાશક્તિને પરિણામે જ શક્ય બન્યો છે. ગુજરાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દરેક આહ્વાનને સ્વીકારી કાર્યો આગળ ધપાવ્યા છે. આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન પણ સત્વરે સાકાર થશે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.●

# અમદાવાદના આંગણે ઢગલાબંધ વિકાસકાર્યો




અમદાવાદને રૂ.૧૮૭ કરોડના વિકાસ કાર્યોના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે લોકાર્પણ કરીને પ્રજાસુખાકારીના કાર્યો પ્રજાને ભેટ ધર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, જે વિકાસકાર્યોનુ ખાતમુહૂર્ત કરીએ તેનું લોકાર્પણ પણ એ જ સરકાર કરે તેવી કાર્યસંસ્કૃતિ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આત્મસાત કરાઇ છે. અમદાવાદ શહેર સુનિયોજિત વ્યવસ્થાપનના પરિણામે વિકાસ પામ્યું છે. શહેરના ઉત્તરોત્તર વિકાસની ભાવિ રૂપરેખાનુ સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂ.૧૩૬.૧૧ કરોડના વિકાસકાર્યોના લોકાર્પણ અને રૂ.૫૧.૨૫ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યું હતું. જેમાં ખોખરા બ્રિજ, ચાંદખેડા વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન, કાંકરિયા રેલવે ટ્રેક, નિકોલ કોમ્યુનિટી હોલ અને ગાર્ડન, પરિમલ ગાર્ડન, ૨૫ ફાયર ટેન્કરના કાર્યોનું લોકાર્પણ કરીને નગરજનોની સેવામાં કાર્યરત કરાવ્યા હતા. જયારે પિન્ક ટોયલેટ, દાણીલીમડામાં લીલાધર કોમ્યુનિટી હોલ અને વીરમાયાનગર આવાસોનું રીડેવલપમેન્ટ કાર્ય, બાપુનગર શેલ્ટર હોમ અને ઠક્કરબાપાનગર વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનનું ખાતમુહૂર્ત કાર્ય સંપન્ન કરવામાં આવ્યું હતુ.

વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત બાદ મુખ્યમંત્રીશ્રીએ તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. આઝાદી મળ્યાના વર્ષો સુધી આઝાદી દિન જેવા રાષ્ટ્રીય પર્વોની ઉજવણી ફક્ત સરકારી કાર્યક્રમ બની રહી હતી.પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આવી ઉજવણી આજે રાષ્ટ્રીય તહેવાર તરીકે સૌ કોઈ ઉમંગથી ઉજવે છે. અમદાવાદના મેયર શ્રી કિરીટભાઇ પરમાર, સાંસદ સર્વ શ્રી કિરીટભાઇ સોલંકી, હસમુખભાઇ પટેલ, નરહરિભાઈ અમીન, ધારાસભ્ય સર્વશ્રી વલ્લભભાઈ કાકડિયા, રાકેશભાઈ શાહ, બાબુભાઈ પટેલ, કાઉન્સિલરશ્રીઓ, પદાધિકારી-અધિકારીગણ સહિત મોટી સંખ્યામાં નગરજનોએ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગૌરવ ગુરૂ શિખર ગ્રંથનું લોકાર્પણ




લેખક અને વરિષ્ઠ પત્રકાર શ્રી મહેન્દ્રભાઈ શાહના જીવન અને કવનને આવરી લેતા 'ગૌરવ ગુરુ શિખર' અભિનંદન ગ્રંથનું લોકાર્પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં અમદાવાદ ખાતે કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, આ ગ્રંથ આપણા સૌ માટે ગૌરવનું ગુરુ શિખર છે. આ ગ્રંથ જેના પર લખવામાં આવ્યો છે એવા શ્રી મહેન્દ્રભાઈ શાહ ખરેખર મળવા અને માણવા જેવા માણસ છે તેમજ તેમની પાસેથી આજની પેઢીને ઘણું શીખવા મળી શકે છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, દેશને આઝાદી અપાવનારા સૌ ક્રાન્તિવીરોએ આપણને રાષ્ટ્રને સમર્પિત થઈ જવાની પ્રેરણા આપી છે અને વર્તમાનમાં શ્રી મહેન્દ્રભાઈ શાહ જેવા મહાનુભાવો આપણને આવી જ પ્રેરણા આપતું જીવન જીવી રહ્યા છે; એટલું જ નહિ, શ્રી મહેન્દ્રભાઈનું દરેક ડગલું સમાજ અને રાષ્ટ્રના હિત માટે રહ્યું છે.

અમૃત મહોત્સવ અંગે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ સાબરમતીના તટ પરથી આ અમૃત મહોત્સવનો પ્રારંભ કરાવતાં કહ્યું હતું કે, દરેક ભારતીય એક ડગલું આગળ વધશે તો એ દેશને કરોડ ડગલાં આગળ લઈ જશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા મંત્ર 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો પ્રયાસ અને સૌનો વિશ્વાસ' થકી આજે દેશ આગળ વધી રહ્યો છે. આજે આપણે એકસાથે રહીને ધારેલાં તમામ કાર્યો પાર પાડી રહ્યા છીએ અને એ આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશ અને દુનિયાને દેખાડ્યું પણ છે.

આ અવસરે રાજયના પૂર્વ મુખ્ય સચિવ શ્રી પી. કે. લહેરી, પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, વરિષ્ઠ પત્રકાર શ્રી અજયભાઈ ઉમટ, શ્રી પ્રમોદભાઈ શાહ, જીસીસીઆઈના પ્રમુખ- હોદ્દેદારો તેમજ વિવિધ ક્ષેત્રોમાંથી આવેલા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ●

# અમદાવાદનાં વિશ્વ ઉમિયાધામ કેમ્પસમાં ૭૫ હજાર રોપાનું વાવેતર




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદના જાસપુર સ્થિત વિશ્વ ઉમિયાધામ કેમ્પસમાં ૭૫ હજાર વૃક્ષારોપણ અને ૭૫ હજાર તિરંગા વિતરણ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં સામાજિક સંસ્થાઓ અને સરકાર એકસાથે રહીને કામ કરવા ટેવાયેલાં છે. જે સંસ્થા સમાજોપયોગી કામ કરે છે એને સહકાર આપવા સરકાર કટીબદ્ધ છે.

હર ઘર તિરંગા અભિયાનમાં જન જનને જોડવા અનુરોધ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાષ્ટ્રીય તહેવાર એવો તહેવાર છે જેમાં ગરીબ, તવંગર સહિતના તમામ લોકો જોડાય છે. દરેક પોતાના ઘર પર તિરંગો લહેરાવે. વીજળી કે પાણીની બચત કરવી એ પણ દેશસેવા છે.

વધુમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે , વિશ્વ ઉમિયાધામમાં સૌથી ઊંચું મંદિર બનવાનું છે. આવનારા સમયમાં આ એક ઐતિહાસિક સ્થળ બની રહેશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં વિકાસની વાત હોય કે કોરોના મહામારી સામેની લડત હોય, ભારતની સાથે ગુજરાત પણ હંમેશા અગ્રણી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા વિઝનરી નેતૃત્વનો લાભ સમગ્ર દેશને મળ્યો છે.

મા ઉમિયાના ધામનું નિર્માણ થતાં અનેક લોકોને રોજગારી ઉપલબ્ધ બનશે. વિશાળ જગ્યામાં નિર્માણાધીન આ કેમ્પસમાં શિક્ષણ, આરોગ્ય ઉપરાંતની સમાજસેવા, સમાજ-ઉત્થાન અને સેવાકીય પ્રવૃત્તિ અને સમૃદ્ધિનું કેન્દ્ર બની રહેશે. ૭૫ હજાર વૃક્ષારોપણ અને ઉછેરની જવાબદારી સંસ્થા અને સમાજસેવીઓએ સ્વૈચ્છિકપણે શિરે સ્વીકારી છે, જે સરાહનીય કદમ છે.

ઉમિયાધામ કેમ્પસમાં થનાર ૭૫ હજાર વૃક્ષારોપણથી કાર્બન ક્રેડિટમાં વધારો થશે તેમજ ઑક્સિજનની માત્રામાં વધારો થશે, તેવો ભાવ આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે વ્યક્ત કર્યો હતો.

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, વિશ્વ ઉમિયાધામનું નિર્માણ થતાં ગુજરાતને વૈશ્વિક સ્તરની ધાર્મિક ધરોહર પ્રાપ્ત થશે. અસંખ્ય ભાવિક-ભક્તો માટે વિશ્વ ઉમિયાધામનું પ્રાંગણ અને સમગ્ર કેમ્પસ આસ્થા સાથે સુદૃઢ વ્યવસ્થાનું કેન્દ્ર સાબિત થશે.

વિશ્વ ઉમિયાધામ ખાતેના કાર્યક્રમમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, સાંસદ શ્રીમતી શારદાબહેન પટેલ, વિશ્વ ઉમિયાધામના પ્રમુખ શ્રી આર.પી. પટેલ સહિત આગેવાનોના હસ્તે વૃક્ષારોપણ કરીને ૭૫ હજાર વૃક્ષારોપણનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ●

# 'છનાલાલ જોશી માર્ગ'નું નામાભિધાન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દક્ષિણ-પશ્ચિમ ઝોનના જોધપુર વોર્ડમાં દિશમાન ફાર્મા હાઉસથી સ્પ્રિંગવેલી સર્કલ સુધીના નવનિર્મિત માર્ગને 'છનાલાલ જોશી માર્ગ' નામાભિધાનનો કાર્યક્રમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, છનાલાલ જોશી બધાને 'આપણા' લાગે એવું વ્યક્તિત્વ ધરાવતા હતા. જાહેર જીવનમાં અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરનારા છનાલાલ જોશી સૌ કોઈની સાથે પારિવારિક ભાવનાથી જોડાયેલા રહેતા હતા, એમ તેમણે ઉમેર્યું હતું.

છનાલાલ જોશીના સાથીદાર તરીકે દાયકાઓ સુધી કામ કરનારા શ્રી ધર્મેશભાઈ શાહે આ પ્રસંગે સંસ્મરણો વાગોળતાં જણાવ્યું હતું કે છનાલાલનું વ્યક્તિત્વ પ્રેરણાદાયી હતું. વરિષ્ઠ નેતાઓ પણ તેમને સન્માનની નજરથી જોતા હતા. જાહેર જીવન કે અંગત જીવનની કોઈ પણ સમસ્યા હોય, તેમની પાસે જઈએ એટલે તરત ઉકેલ મળી જતો.




આ પ્રસંગે આરોગ્ય અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, સાંસદ શ્રી નરહરિભાઈ અમીન, મેયર શ્રી કિરીટભાઈ પરમાર, જગન્નાથ મંદિરના મહંત શ્રી દિલીપદાસજી મહારાજ, ઔડાના પૂર્વ ચેરમેન શ્રી ધર્મેન્દ્રભાઈ શાહ, સર્વે ધારાસભ્યશ્રીઓ, મ્યુ.કમિશનર શ્રી લોચન સહેરા સહિત નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●

## સમાજસેવા કરનારા સજ્જનો સેવા, સમર્પણ અને ત્યાગના પ્રતીક



અમદાવાદમાં યોજાયેલા 'ધરતીરત્ન એવોર્ડ' સમારંભમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૧૧ એવોર્ડ વિજેતાઓને એવોર્ડ એનાયત કર્યા હતા. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, આપબળે સેવાકાર્યો કરવાનું કે સમાજના કોઈ ચોક્કસ વર્ગને મદદરૂપ થવાનું કાર્ય ખરેખર પડકારરૂપ હોય છે. આવાં કાર્યો માટે અંગત જીવનમાં ઘણાં ત્યાગ અને બલિદાન આપવાં પડે છે. આજે જેઓનું સન્માન થઈ રહ્યું છે તે સૌ એવોર્ડ વિજેતાઓએ આવા તમામ પડકારોનો સામનો કરીને લોકસેવા અને સમાજસેવાની જ્યોત અવિરત પ્રજ્વલિત રાખી છે. આવા સજ્જનો ખરેખર સેવા, સમર્પણ અને ત્યાગના પ્રતીક છે.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, નિ:સ્વાર્થભાવે જરૂરતમંદોની સેવા કરનારા આવા લોકો ખરેખર સમાજ માટે પ્રેરણારૂપ છે. આવા મહાનુભાવોના સેવાપ્રસંગોમાંથી સેવાભાવનાની ચાહના રાખતા અન્ય લોકોને પ્રેરણા મળે છે અને આ જ રીતે સમાજ-ઉત્કર્ષનું આ ભગીરથ કાર્ય અવિરતપણે ચાલતું રહે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે જ્યારે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નું સ્વપ્ન સાકાર કરવા સમગ્ર દેશ એકસાથે આગળ વધી રહ્યો છે, ત્યારે રાજ્ય સરકાર પણ લોકહિત અને જનલાભાર્થે અનેકવિધ મદદલક્ષી યોજનાઓથી જરૂરતમંદોની સેવા કરી રહી છે. કોવિડ મહામારીમાં પણ સરકાર અને ઘણા ટ્રસ્ટ તેમજ NGOએ સાથે મળીને 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ'- સૂત્રને સાર્થક કર્યું છે, જે આપણી અતૂટ સેવાભાવના અને જનસેવાની સાબિતી છે.

આ કાર્યક્રમમાં અલગ અલગ ક્ષેત્રે નિ:સ્વાર્થભાવે સેવા આપનારા કુલ ૧૧ સેવાભાવી લોકોને રૂ. ૧૧ હજારનો કૅશ એવોર્ડ અર્પણ કરીને અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. ●

## 'The Pride of GUJARAT' એવોર્ડ એનાયત કરતા CM

સકારાત્મક સમાચારો સમાજ અને વ્યક્તિના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આજે સમાચારોમાં વિકાસલક્ષી પત્રકારત્વ તરફ ઝોક વધી રહ્યો છે ત્યારે ગુજરાતના વિકાસ મોડલની ચર્ચા સમગ્ર દેશમાં થઈ રહી છે. તાજેતરમાં 'ન્યુઝ-18' ગુજરાતી ચૅનલ દ્વારા આયોજિત ધ પ્રાઈડ ઑફ ગુજરાત એવોર્ડ સમારોહમાં ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વર્તમાન ગુજરાત સરકાર સમાજના છેવાડાના નાગરિકો સુધી સુવિધા પહોંચાડવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ધ્યેયને સાકાર કરવા પ્રતિબદ્ધ છે.



ભૂતકાળની સાપેક્ષમાં વર્તમાન વિકાસ તરફ નિર્દેશ કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, 2002 સુધી રાજ્યમાં MSME ઉદ્યોગોની સંખ્યા 2.75 લાખ હતી, જે 2022માં વધીને 8.66 લાખ થઈ છે. ઉદ્યોગોનો વિકાસ એ સર્વગ્રાહી વિકાસની સાબિતી છે. આમ, ઉદ્યોગ, કૃષિ અને સેવાક્ષેત્રે અને શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષાની દૃષ્ટિએ ગુજરાત અગ્રેસર છે. આજે સૌ ગુજરાતીઓ માને છે કે ખરા અર્થમાં વિકાસ થયો છે.

આ સમારોહમાં વિવિધ 29 કેટેગરીમાં 'The Pride of GUJARAT' એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. એવોર્ડ સમારોહમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, એવોર્ડ વિજેતાઓનાં પરિવારજનો તેમજ ન્યૂઝ ચેનલનાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# રાજ્યભરમાં 'નારી વંદન ઉત્સવ'ની ઉજવણી

સમાજ કે રાષ્ટ્રના વિકાસમાં મહિલાઓની ભાગીદારી અગત્યની છે. એમા પણ મહિલાઓ જો શિક્ષિત હોય, તો તે સમાજ કે રાષ્ટ્રના વિકાસને કોઈ આંબી શકે નહીં. ગુજરાતે હર હંમેશ મહિલા શક્તિને મજબુત બનાવવાનું કાર્ય કર્યુ છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'વિશ્વ સ્તનપાન સપ્તાહ' અને 'નારી વંદન ઉત્સવ'ની રાજ્ય કક્ષાની ઉજવણીનો શુભારંભ અમદાવાદથી કરાવ્યો હતો.



મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે જણાવ્યુ કે, શિક્ષિત અને સશક્ત નારી ઉન્નત રાષ્ટ્રનો પાયો છે. સક્ષમ મહિલા ઘર, પરિવાર, સમાજમાં બીજાની તાકાત બની શકે છે. નારી સશક્તીકરણનો આગવો અભિગમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા દાખવ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સરકાર માતૃશક્તિ અને બાળકોના વિકાસ માટે સદૈવ પ્રતિબદ્ધ છે. 'સક્ષમ નારી, સશક્ત ગુજરાત' એ સરકારનો ધ્યેય છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ કે, સગર્ભા માતા માટે, માતૃશક્તિ યોજના, માતૃત્વ વંદના યોજના, નાની દીકરીઓ માટે વ્હાલી દીકરી યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, ભણેલી દીકરીઓ માટે સરસ્વતી વંદના યોજનાથી લઈ શિષ્યવૃત્તિ, હોસ્ટેલની સુવિધાઓ છે. આ વર્ષના બજેટમાં ૪૨ ટકાનો વધારો કરી ૪૯૭૬ કરોડની માતબર રકમ મહિલા અને બાળ વિકાસ વિભાગને ફાળવી છે.

આ પ્રસંગે મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતિ મનીષાબહેન વકીલે જણાવ્યું હતું કે, આ ઉજવણીના વિચારથી લઈને સંપૂર્ણ આયોજનમાં મુખ્યમંત્રીશ્રીનો સંપૂર્ણ સહયોગ સાંપડ્યો છે. મહિલાઓને સક્ષમ અને આત્મનિર્ભર બનાવવા માટે સરકારે અનેક યોજનાઓ કાર્યરત કરી છે. દેશ અને સમાજના વિકાસમાં મહિલાઓની અડધો અડધ ભાગીદારી છે. આજે મહિલાઓ કામ કરવા અને કામ કરાવવા સક્ષમ બની છે. સરકાર દ્વારા આયોજિત શક્તિ મેળા થકી મહિલાઓની પ્રતિભાના વિકાસની સાથે આગવી ઓળખ પણ મળી રહી છે. રાજ્ય સરકાર મહિલાઓના સ્વાવલંબન અને સ્વાસ્થ્યની સંપૂર્ણ ચિંતા કરી રહી છે.

આ કાર્યક્રમમાં અમદાવાદ શહેરમાં નિર્ભયા સેફ સીટી પહેલ હેઠળ સોલા સ્થિત 'વન સ્ટોપ સેન્ટર'નું ઇ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે 'સંકટ સખી' મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી હતી. ઉપરાંત ઘરેલુ હિંસા સામે ચુપ્પી તોડો શીર્ષક સાથે ફિલ્મ પ્રદર્શિત કરાઈ. આ ઉપરાંત મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના તેમજ અન્નપ્રાશન યોજનાના લાભાર્થીઓને પ્રતીકરૂપે કીટ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ અને જાગૃત મહિલાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ●

# તાપીના રમત-ગમત સંકુલ તથા DMEના કાર્યનું નિરીક્ષણ કરતાં મુખ્યમંત્રી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં તેમની દક્ષિણ ગુજરાતની મુલાકાત દરમિયાન તાપીમાં આકાર લઈ રહેલા રમત-ગમત સંકુલ તથા સુરતમાંથી પસાર થનારા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેનાં કાર્યપ્રગતિનું જાતનિરીક્ષણ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વ્યારાના કાનપુરામાં નિર્માણાધીન રમત-ગમત સંકુલનાં પ્રગતિ હેઠળનાં કાર્યોનું નિરીક્ષણ કર્યું હતું. આ સંકુલનું નિર્માણ આઠ એકર જમીન ઉપર થઈ રહ્યું છે.

આ સંકુલમાં રૂ. ૫.૫૦ કરોડનાં ખર્ચે ઈન્ડોર મલ્ટીપર્પઝ હૉલ બનશે. આ સંકુલમાં ૨૦૦ ખેલાડીઓની ક્ષમતાવાળી હૉસ્ટેલ બિલ્ડીંગ, ચાર લેન સિન્થેટીક એથ્લેટિક ટ્રેક સાથેનું ફૂટબૉલ ગ્રાઉન્ડ સહિતનું કામ અંદાજે રૂપિયા ૬.૮૦ કરોડ, બાસ્કેટ બૉલ-૧ તથા ટેનિસ કોર્ટ-૧ના ગ્રાઉન્ડ રૂપિયા ૧.૩૯ કરોડ મળી કુલ રૂપિયા ૨૨.૧૯ કરોડના ખર્ચે કામો શરૂ થનાર છે. આમ, જિલ્લામાં કુલ રૂ.૨૮.૬૯ કરોડના ખર્ચે તમામ સુવિધા-સંપન્ન રમતગમત સંકુલ નિર્માણ પામશે.

આ સ્પોર્ટસ સંકુલ તાપી જિલ્લાના આદિજાતિ યુવાઓ સહિત ખેલકૂદ ક્ષેત્રે વધુ હોનહાર ખેલપ્રતિભા ઊભી કરશે.

આ ઉપરાંત, મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના વિકાસને નવી ઉર્જા આપનાર નિર્માણાધિન દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેનું સુરત જિલ્લા કરંજ ગામ ખાતે નિરીક્ષણ કર્યું હતું. ભારતના સૌથી લાંબા ૧૩૫૦ કિ.મી. અને અંદાજે રૂ.૯૮ હજાર કરોડના ખર્ચે તૈયાર થઈ રહેલા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેના નિર્માણનું કાર્ય રૉકેટ ગતિએ ચાલી રહ્યું છે. તે પૈકી ગુજરાતમાંથી ૪૨૩ કિ.મી.નો એક્સપ્રેસ-વે પસાર થાય છે. આ એક્સપ્રેસ વેના નિર્માણથી મુસાફરીનો સમય ૨૪ કલાક ઘટીને ૧૩ કલાકનો થશે. આ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર વિવિધ માળખાકીય સુવિધાઓ હશે.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ કરંજ ગામની પ્રાથમિક શાળાને બે કોમ્પ્યુટર લૅબ અર્પણ કરાઈ હતી. આ પ્રસંગે નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, ઊર્જા રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, ધારાસભ્યો સર્વ શ્રી ગણપતસિંહ વસાવા, ઈશ્વરભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગોબરધનથી રાંધણ ગેસ વિનામૂલ્યે મળતો થયો



દર્શન ત્રિવેદી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલી ઉજ્જવલા યોજનામાં ગરીબ પરિવારોને મફત રાંધણગૅસ કનેકશન આપવાની યોજનાથી એક પગલું આગળ એવા ગોબરધન અભિયાને ગ્રામીણ પરિવારો માટે એકદમ સરળતા ઊભી કરી છે. ઘરઆંગણે જ બાયોગૅસ પ્લાન્ટ નાખીને સાવ મફતમાં રાંધણગૅસ આપવાની યોજના અંતર્ગત સીઆરએસ ફંડમાં ગોરજ પાસે આવેલા દોલાપુરા ગામનાં ૬૦ જેટલાં ઘરો પૈકી ૫૦ ઘરોમાં બાયોગૅસ નાખવામાં આવતાં હવે ત્યાં રાંધણગૅસ સાવ મફતમાં મળી રહ્યો છે.

વાઘોડિયા તાલુકાના ગોરજ પાસે આવેલા દોલાપુર ગામની વસ્તી માત્ર ૩૫૦ જેટલી અને ઘરો ૬૦ છે. ત્યાં તાજેતરમાં કોર્પોરેટ સોશ્યલ રિપોન્સબિલિટી હેઠળ સિન્ટેક્સ આધારિત બાયોગૅસ પ્લાન્ટ નાખવામાં આવ્યા છે. ગામના મોટાભાગના પરિવારો પશુપાલન સાથે સંકળાયેલા છે, એટલે આ પ્લાન્ટ તેમને માટે બહુ અનુકૂળ છે.

સિન્ટેક્સનો બાયોગૅસ પ્લાન્ટ રૂ. ૨૦થી ૨૨ હજારમાં આવે છે, જેની ક્ષમતા એક સો કિલોની હોય છે. તેને નાનો ખાડો ખોદીને ઊભો કરી દેવાનો રહે છે. ત્રણ મીટર જેટલી ગોળાઈ ધરાવતા પીવીસીના આ પ્લાન્ટમાં ગોબર નાખવા માટે અને તેના નિકાલ માટે અલગ વ્યવસ્થા હોય છે, જે એકદમ સરળ છે. અત્યાર સુધી કૉંક્રીટના પ્લાન્ટમાં ગોબર નાખવા માટે અલગ ટાંકી બનાવવી પડતી હતી, જેમાં ગોબર અને પાણી મિક્સ કરીને નાખવું પડતું હતું. વળી, તેના કાયમી બાંધકામનો ખર્ચ અને માથાકૂટ અલગથી! તેની સાપેક્ષે આ પ્લાન્ટ ઉપયોગમાં એકદમ સરળ છે. દોલાપુરા ગામનાં ઉદ્યમી શ્રીમતી પાર્વતીબહેન બુદ્ધિસાગર પરમારે પોતાના ઘરમાં ગોબરધન પ્રોજેક્ટ અમલમાં મૂક્યો છે. તે કહે છે, અમારા પરિવારમાં દસ વ્યક્તિ છે. તે તમામનું જમવાનું આ પ્લાન્ટથી બની જાય છે. સિલિન્ડર બદલવાની ઝંઝટથી સાવ મુક્તિ તો મળી, સાથેસાથે આ પ્લાન્ટથી રાંધણગૅસ પાછળ માસાંતે થતો ખર્ચ પણ બચ્યો છે. વળી, ચૂલા પર રાંધ્યું હોય એવો સ્વાદ ભોજનમાં મળે છે. ઘરનાં પશુઓ દ્વારા નિર્મિત ગોબર સાવ નિરર્થક રીતે ખાતરમાં જતું હતું, તેની સામે હવે આ ગોબરથી ગૅસ મળવાની સાથે તેનાથી કમ્પોસ્ટ થયેલું ખાતર પણ મળે છે. ●

# જોધપુરમાં માત્ર બે વાર જ ચૂંટણી થઈ છે

વૈશાલી રાવલિયા

પૂજ્ય મહાત્મા ગાંધીજી કહેતા કે, સાચું ભારત ગામડાઓમાં વસે છે. ગાંધીજીના આ શબ્દોને મંત્ર બનાવીને ગુજરાત સરકારે ગામડાઓના સર્વાંગી વિકાસ માટે અનેક પ્રકલ્પો શરૂ કર્યા છે. તેના પરિણામે ગામડાઓ વધુ લિવેબલ અને લવેબલ બન્યાં છે. ઘણાં ગામડાઓએ સહકારની ભાવના અને એકતા દ્વારા પોતાના ગામનો નમૂનેદાર વિકાસ કર્યો છે. આવું જ એક ગામ એટલે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાનું જોધપુર ગામ. આ ગામમાં અત્યાર સુધીમાં માત્ર બે વાર જ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ છે !

૮૫૦થી ૯૦૦ લોકોની વસ્તી ધરાવતું આ રળિયામણું ગામ સૌ લોકોને ગમી જાય એવું છે. જો આપણે ગામના વિકાસની વાત કરીએ તો, ગામમાં રોડ-રસ્તા, દરેક ઘરમાં નળનું જોડાણ, ૧૦૦ ટકા શૌચાલય, અદ્યતન આંગણવાડી અને પ્રાથમિક શાળા પણ મજાની. ખેડૂતો પણ ખેતીમાં આધુનિક સાધનોનો ઉપયોગ કરે. અને ગામના લોકોમાં એકજૂથ થઈને રહેવાની ભાવના જોઈને કોઈના પણ મનમાં આ ગામ વસી જાય.



ગામના સરપંચ શ્રી ભીખુભાઈ ડાભીએ ગામના વિકાસની વાત કરતાં જણાવ્યું કે, અમારા ગામમાં લોકો સરકારની દરેક યોજનાનો લાભ મેળવે છે. પછી તે રોડ-રસ્તાની હોય, આવાસની હોય કે હર ઘર નલ સે જલ યોજના હોય. ગામના લોકો યોજનાની માહિતી પણ એકબીજાને આપે છે, જેથી જરૂરતમંદ લોકો યોજનાનો લાભ લઈ આત્મનિર્ભર બની શકે. અને જો વાત આવે આરોગ્યની, તો ગામમાં એક આરોગ્યકેન્દ્ર પણ ખરું. લોકો આયુષ્માન કાર્ડ કઢાવે તે માટે તલાટી, વી.સી.ઈ. પણ માર્ગદર્શન આપી રહ્યા છે.

વર્ષ ૨૦૧૭માં ગામને ખુલ્લામાં શૌચમુક્ત જાહેર કરવામાં આવ્યું છે. જે લોકોના ઘરે શૌચાલય નહોતાં તેમને યોગ્ય માર્ગદર્શન આપીને શૌચાલય બનાવડાવવામાં આવ્યાં. આ ઉપરાંત સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ તળાવ ઊંડાં ઉતારવાની પણ કામગીરી કરવામાં આવી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણનાં લાભાર્થી પમીબહેન સોનગરાએ પણ સરકારનો આભાર વ્યકત કર્યો હતો. અને જણાવ્યું કે અમે પહેલાં કાચા મકાનમાં રહેતાં હતાં, અમારે પાકું મકાન બનતાં આજે અમે લોકો ખુશી-ખુશી અમારા પાકા મકાનમાં રહીએ છીએ.

ગામડાઓની વાત આમ તો નિરાલી હોય છે. શુદ્ધ હવા, સાફ વાતાવરણ, ટ્રાફિક નહિવત્ અને એક પોતીકું વાતાવરણ હોય છે. જોધપુર ગામ માત્ર શિક્ષણ કે સ્વચ્છતા જ નહી પણ તમામ ક્ષેત્રે એક અનોખું ઉદાહરણ પૂરૂ પાડે છે. ●

# રાજ્યમાં વધુ ૧૨ ટી.પી. સ્કીમ મંજૂર

રાજ્યમાં શહેરી વિકાસને વધુ વ્યાપક અને વેગવંતો બનાવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં અમદાવાદ, સુરત અને ભાવનગર મહાનગરો સહિત કુલ 12 ટાઉન પ્લાનીંગ સ્કીમને મંજૂર કરી છે. મુખ્યમંત્રીશ્રીએ આ જે 12 ટાઉન પ્લાનીંગ સ્કીમને મંજૂરી આપી છે તેમાં સુરતની ૪ પ્રિલીમીનરી ટી.પી, અમદાવાદની અને ભાવનગરની 2-2, ગાંધીનગરની 1 પ્રિલીમીનરી ટી.પી તેમજ રાજકોટ, જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અને બાવળાની 1-1 ડ્રાફ્ટ ટી.પી.નો સમાવેશ થાય છે.



મુખ્યમંત્રીશ્રીએ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રારંભિક ટી.પી સ્કીમ નં.૨૭ ભટાર-મજૂરા, સ્કીમ નં.૫૧ ડભોલી, સ્કીમ નં. ૫૦ વેડ-કતારગામ અને સુરત શહેરી વિકાસ સત્તામંડળ-સુડાની પ્રારંભિક ટી.પી સ્કીમ નં. ૮૫ સરથાણા-પાસોદરા-લાસકાણાની મંજૂરી આપી છે. સુરત મહાનગરપાલિકાની આ ૩ પ્રારંભિક ટી.પી સ્કીમ મંજૂર થવાના પરિણામે બાગ-બગીચા, રમત-ગમતના મેદાન માટે કુલ ૮.૯૪ હેક્ટર્સ જમીન સંપ્રાપ્ત થશે. એટલું જ નહિ, જાહેર સુવિધાના કામો માટે ૧૬.૯૬ હેક્ટર્સ જમીન ઉપલબ્ધ થશે. આર્થિક રીતે નબળા વર્ગના EWS આવાસોના નિર્માણ માટે ૮.૫૮ હેક્ટર્સ જમીન પર ૭૬૦૦ આવાસોનું નિર્માણ થઈ શકશે.

સુરત મહાનગરની ત્રણ પ્રારંભિક ટી.પી સ્કીમ સ્કીમ નં-૫૧ ડભોલી સ્કીમ નં-૨૭, ભટાર-મજૂરા અને સ્કીમ નં. ૫૦ વેડ કતારગામ ત્રણેયમાં આંતરમાળખાકીય સુવિધાના ખર્ચને પહોંચી વળવા વેચાણના હેતુસર કુલ મળીને ૬.૮૪ હેક્ટર્સ જમીન ઉપલબ્ધ થવાની છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં જે ટી.પી સ્કીમ મંજૂર કરી છે તે અન્વયે અમદાવાદ મહાનગરપાલિકાની પ્રિલીમીનરી ટી.પી સ્કીમ ૮૧ લાંભા-લક્ષ્મીપુરા-૧ માં કુલ ૧૯.૬૮ હેક્ટર્સ જમીન સંપ્રાપ્ત થશે. આ ઉપરાંત બાગ-બગીચા તેમજ રમત-ગમતના મેદાન માટે ૩.૧૨ હેક્ટર્સ અને સામાજિક, આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે અંદાજે ૨૭૦૦ આવાસોના નિર્માણ માટે ૩.૦૧ હેક્ટર્સ જમીન મળશે.

ભાવનગર મહાનગરપાલિકાની પ્રિલીમીનરી ટી.પી સ્કીમ ૭ અધેવાડાને પણ મંજૂરી આપી છે. આ સ્કીમ મંજૂર થવાના કારણે કુલ ૧૧.૩૨ હેક્ટર્સ જમીન સંપ્રાપ્ત થશે અને બાગ-બગીચા, રમત-ગમત મેદાન તથા ખૂલ્લી જગ્યા માટે ૧.૫૭ હેક્ટર્સ, જાહેર સુવિધા માટે ૨.૮૧ હેક્ટર્સ તેમજ આંતરમાળખાકીય સુવિધાઓના ખર્ચને પહોંચી વળવા વેચાણના હેતુ માટે ૪.૫૭ હેક્ટર્સ જમીન મળશે. આ ઉપરાંત ભાવનગરની આ પ્રિલીમીનરી ટી.પી નં.૭ અધેવાડામાં ૨.૯૪ હેક્ટર્સ જમીન પર ૨૬૦૦ EWS આવાસોના બાંધકામ માટે પણ જમીન મળશે.

મુખ્યમંત્રીશ્રીએ આ ત્રણ મહાનગરો ઉપરાંત અમદાવાદ જિલ્લાની બાવળા નગરપાલિકાની ડ્રાફ્ટ ટી.પી સ્કીમ નં.૪ (બાવળા)ને પણ મંજૂરી આપી છે. આ સ્કીમમાં કુલ ૫૪.૮૮ હેક્ટર્સ જમીન સંપ્રાપ્ત થવાની છે. બાવળાની ડ્રાફ્ટ ટી.પી સ્કીમ નં. ૪ માં આંતરમાળખાકીય સુવિધાઓના ખર્ચને પહોંચી વળવા વેચાણના હેતુસર ૨૫.૬૪ હેક્ટર્સ, ખુલ્લા મેદાનો-બાગ બગીચા માટે ૭.૮૧ હેક્ટર્સ, જાહેર સુવિધા માટે ૧૧.૨૬ હેક્ટર્સ તથા ૮ હજાર જેટલા EWS આવાસો માટે ૮.૯૫ હેક્ટર્સ જમીન ઉપલબ્ધ થશે. ●

# તહેવારોમાં રાહત દરે ડબલ ફિલ્ટર્ડ સીંગતેલ અપાશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વની ટીમ-ગુજરાત રાજ્યના તમામ વર્ગના નાગરિકોની ચિંતા કરે છે. જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાજ્ય સરકાર દ્વારા જન્માષ્ટમી અને દિવાળી બંને તહેવારોને ધ્યાનમાં રાખીને રાજ્યના દરેક એન.એફ. એસ.એ. કાર્ડધારકો એટલે કે, ૭૦ લાખથી વધુ કાર્ડધારકોના ૩.૫ કરોડ નાગરિકોને પ્રથમ વખત ડબલ ફિલ્ટર્ડ સીંગતેલ રાહતદરે આપવા માટેનો પ્રજા-હિતકારી નિર્ણય કર્યો છે.



રાજ્ય સરકારના આ નિર્ણય અંગે મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં તથા નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના વડપણ હેઠળ લેવામાં આવેલા આ નિર્ણય અંતર્ગત રાજ્ય સરકાર રૂ.૧૯૭ પ્રતિ લિટરની પડતર કિંમત સામે સરકાર દ્વારા રૂ.૯૭ પ્રતિ લિટરની સબસીડી આપીને લાભાર્થીઓને માત્ર રૂ. ૧૦૦ પ્રતિ લિટરના રાહત ભાવથી આ તેલનું વિતરણ કરવામાં આવશે.

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી નરેશભાઈ પટેલ તથા રાજ્ય કક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમારના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર દ્વારા ગરીબ પરિવારોના હિતમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમાં રાજ્યના ૭૦ લાખથી વધુ કાર્ડધારકો કે જેની જનસંખ્યા ૩.૫ કરોડ જેટલી થાય છે તેમને તહેવારોની ઉજવણી દરમિયાન રાહત દરે ડબલ ફિલ્ટર્ડ સીંગતેલનું વિતરણ કાર્ડદીઠ ૧ લિટર લેખે જન્માષ્ટમીના તહેવાર પહેલાં શરૂ કરવામાં આવશે.

મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, ગત વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન જન્માષ્ટમી અને દિવાળીના તહેવારો દરમિયાન ૧ લિટર રિફાઈન્ડ કપાસિયા તેલનું રૂ.૭૦ પ્રતિ લિટરની સબસિડી ભોગવીને રૂ.૯૩ પ્રતિ લિટરના રાહતદરે વિતરણ કરવામાં આવ્યું હતું. ●

# ગોધરા અને પોરબંદરમાં મેડિકલ કૉલેજને મંજૂરી



રાજ્યમાં તમામ નાગરિકોને ઉત્તમ પ્રકારની સારવાર મળી રહે તે માટે સરકારે અનેકવિધ નિર્ણયો કર્યા છે. ગુજરાત રાજ્યમાં હયાત જિલ્લા હૉસ્પિટલોને અપગ્રેડ કરીને મેડિકલ કૉલેજની સ્થાપના કરવા માટે રાજ્ય સરકાર દ્વારા બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આ જોગવાઈ હેઠળ મળેલી મંજૂરી અનુસાર ગોધરા અને પોરબંદર ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી મેડિકલ કૉલેજની સ્થાપના માટે નેશનલ મેડિકલ કમિશનને અરજી કરવામાં આવી હતી. તે અન્વયે નેશનલ મેડિકલ કમિશન દ્વારા તા.૨૯મી જુલાઈ, ૨૦૨૨ના રોજ આ બંને કૉલેજો ખાતે વર્ચ્યુઅલ ઈન્સ્પેક્શન સહિત તબક્કાવાર ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું.

આ વર્ચ્યુઅલ ઈન્સ્પેક્શનના પગલે ખૂબ જ ટૂંકા ગાળામાં નેશનલ મેડિકલ કમિશન દ્વારા ગોધરા અને પોરબંદર ખાતે મેડિકલ કૉલેજની સ્થાપના માટે 'લેટર ઑફ ઈન્ટેન્ટ' આપવામાં આવ્યા છે. હવે 'લેટર ઑફ પરમિશન' મળશે એટલે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં આ બંને કૉલેજો ખાતે ૧૦૦-૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલ સરકારી, ગ્રાન્ટ ઈન એઈડ અને ખાનગી એમ કુલ ૩૧ મેડિકલ કૉલેજો મળીને ૫૭૦૦ સીટ છે. ગોધરા અને પોરબંદરમાં મેડિકલ કૉલેજ શરૂ થશે પછી રાજ્યની ૩૩ મેડિકલ કૉલેજમાં બેઠકોની કુલ સંખ્યા ૫૯૦૦ થશે. બંને મેડીકલ કૉલેજોને નેશનલ મેડિકલ કાઉન્સિલની પરવાનગી મળી છે તે કુલ રૂ. ૬૬૦ કરોડના ખર્ચે કાર્યરત થશે. આ રકમમાં કેન્દ્ર સરકારનો ૬૦ ટકા અને રાજ્ય સરકારનો ૪૦ ટકા હિસ્સો છે.

આવનારા દિવસોમાં પાંચ નવી મેડિકલ કૉલેજો શરૂ થવાથી ગુજરાતના વિદ્યાર્થીઓને તબીબી અભ્યાસ માટે મોંઘી ફી ભરીને રાજ્ય બહાર ગયા વિના રાજ્યમાં ઘરઆંગણે જ તબીબી શિક્ષણની સુવિધા મળી રહેશે. ●

## એક હજારથી વધુ નાગરિકોની અવર-જવર હોય ત્યાં CCTV ફરજિયાત

રાજ્યમાં નાગરિકોની સલામતી અને સુરક્ષામાં વધારો કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારે એક મહત્ત્વનો નિર્ણય કર્યો છે, જે અંતર્ગત મોટી સંખ્યામાં નાગરિકોની અવર-જવર ધરાવતા વિસ્તારોમાં નાગરિકોની સલામતી તથા સુરક્ષામાં વધારો કરવા સી.સી.ટીવી કેમેરા લગાડવામાં આવશે. પ્રારંભિક તબક્કામાં આ નિર્ણય રાજ્યની આઠ મહાનગરપાલિકાના વિસ્તારમાં લાગુ કરવામાં આવશે.

રાજ્ય સરકારે નાગરિકો પણ સુરક્ષા અને સલામતીમાં સામેલ થાય તેવા હેતુથી જનભાગીદારીથી સીસીટીવી કેમેરા સિસ્ટમ લગાડવા અને પ્રવેશ-નિયંત્રણ પગલાં ફરજિયાત કરવાના હેતુથી ગુજરાત જાહેર સલામતી (પગલાં) અમલીકરણ અધિનિયમ-૨૦૨૨નો સોમવાર તા.૧લી ઑગસ્ટ-૨૦૨૨થી અમલ કરવાનો નિર્ણય કર્યો છે.

આ અધિનિયમ પ્રથમ તબક્કે રાજ્યનાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર એમ આઠ મહાનગરોમાં અમલમાં મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ અધિનિયમ અનુસાર એક જ સમયે એક હજાર લોકો ભેગા થતા હોય અથવા દિવસ દરમિયાન એક હજાર લોકોની અવર-જવર રહેતી હોય તેવી સંસ્થાઓએ સી.સી. ટી.વી. કેમેરા લગાડવાના રહેશે. એટલું જ નહીં, ૩૦ દિવસના ફૂટેજ સાચવવાના રહેશે. પી.એસ.આઈ. કે તેથી ઉપરની કક્ષાના અધિકારીઓ ગુનાની તપાસ માટે આવા વિડીયો ફૂટેજ માગી શકશે. આ અધિનિયમનો અમલ થતાં રાજ્યનાં નગરો-મહાનગરોમાં નાગરિકોની સલામતી અને સુરક્ષાના ઉપાયો વધુ સંગીન બનશે. ●

## પોલીસ વિભાગ માટે વાર્ષિક રૂ.૫૫૦ કરોડનું પેકેજ મંજૂર



ગુજરાત સરકારે પોલીસ વિભાગ માટે રૂ. ૫૫૦ કરોડનું પેકેજ જાહેર કર્યું છે. ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ સુરત ખાતેથી પોલીસ વિભાગના વિશાળ હિતમાં મહત્વપૂર્ણ જાહેરાત કરી રાજ્ય સરકારે પોલીસ વિભાગ માટે વાર્ષિક રૂ.૫૫૦ કરોડનું પેકેજ મંજૂર કર્યું હોવાનું જણાવ્યું હતું. આ નિર્ણયથી પોલીસ વિભાગના વિવિધ સંવર્ગના કર્મચારીઓમાં આનંદની લાગણી છવાઈ છે. આ અંગે ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પોલીસ પરિવારના લોકરક્ષકથી લઈ એ.એસ.આઈ. સુધીના કર્મચારીઓની વિવિધ માંગણીઓ પર વિચારણા કરવા માટે ગૃહ વિભાગ દ્વારા વરિષ્ઠ અધિકારીઓની સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું. કર્મચારીઓની વિવિધ રજૂઆતોનો આ સમિતિ દ્વારા તલસ્પર્શી અભ્યાસ કરીને સમિતિની ભલામણ સહિતનો આખરી અહેવાલ સુપ્રત કરવામાં આવ્યો હતો. આ માંગણીઓ પ્રત્યે સંવેદનશીલ સરકારે સંવેદના દાખવીને રાજ્યના લોકરક્ષક/એ.એસ. આઈ (ફિક્સ પગાર), પોલીસ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ તથા એ.એસ.આઈ. માટે રૂ.૫૫૦ કરોડનું પેકેજ ફાળવવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય થકી રાજ્ય સરકાર દ્વારા પોલીસ પરિવારને રૂ.૫૫૦ કરોડથી વધુ વાર્ષિક ચુકવણુ કરવામાં આવશે. રાજય સરકારના ઐતિહાસિક નિર્ણયથી આ પોલીસકર્મીઓને વાર્ષિક ૬૪,૦૦૦ થી લઈને ૯૬,૦૦૦ સુધીનો પગાર વધારો મળશે. આ પ્રસંગે ગૃહરાજ્ય મંત્રીશ્રીએ પોલીસકર્મીઓને મીઠાઈથી મોં મીઠું કરાવ્યું હતું. ●

# મહેસૂલી નિયમોમાં મહત્ત્વના જનહિતલક્ષી નીતિવિષયક સુધારા કરાયા



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના સામાન્ય માનવીના વ્યાપક હિતને હૈયે રાખીને મહેસૂલી નિયમોમાં નીતિવિષયક મહત્ત્વપૂર્ણ સુધારા કર્યા છે. તેમાં સખાવતી હેતુસર જમીન તબદીલી, ટ્રસ્ટને ફાળવેલી સરકારી જમીનના કિસ્સામાં સ્પષ્ટતા, રિવાઈઝડ એન.એ. સમયે પુનઃઅભિપ્રાયમાંથી મુક્તિ, વારસાઈમાં પડતી તકલીફમાં નિવારણ, લીસ પેન્ડેન્સીનાં રજિસ્ટ્રેશન જેવી મહત્ત્વની બાબતો અંગેના નિયમોમાં સુધારા જેવા મહત્ત્વપૂર્ણ નિર્ણયોનો આમાં સમાવેશ થાય છે.

મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, આ સુધારાને પરિણામે હવે ખેતીની જમીન જ્યારે સખાવતી હેતુસર કોઈ પણ સરકારી/અર્ધસરકારી/સ્થાનિક સ્વરાજની સંસ્થાને બિનઅવેજમાં ભેટ કરવામાં આવે ત્યારે પ્રવર્તમાન સ્ટેમ્પ ડ્યુટીના બદલે ફક્ત ૧૦૦૦ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી જ ભરવાની રહેશે. એટલે કે સ્ટેમ્પ ડ્યુટીનું અગાઉ પડતું ભારણ હવે રહેશે નહીં. એટલું જ નહીં, ખેડૂત ખાતેદારના મૃત્યુ બાદ વારસાઈ વખતે દીકરીનાં સંતાનોને પણ જંત્રીના ૪.૯૦ ટકાની સ્ટેમ્પ ડ્યુટીના બદલે ફક્ત ૩૦૦ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ભરવાની રહેશે, તેવો નીતિવિષયક નિર્ણય મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે.

રાજ્ય સરકારે ટ્રસ્ટને ફાળવેલી સરકારી જમીનના કિસ્સામાં ટ્રસ્ટ ઍક્ટની કલમ-૩૬ તથા મહેસૂલ વિભાગ/સરકારની મંજૂરી જરૂરી છે તથા પ્રિમિયમ ભરવાપાત્ર છે, તે મુજબની સ્પષ્ટતા સરકારનું હિત જળવાય તે હેતુસર ગામ નં.૭માં કરવાનો નિર્ણય કર્યો છે. નવી શરતની/સાંથણીની/ગણોતધારા હેઠળ પિતા-માતાને મળેલી અથવા વારસાઈ હક્કથી ધારણ કરેલી જમીન કે જેમાં માત્ર મોટાભાઈનું નામ ચાલતું હોય તેમનું અવસાન થવાના સંજોગોમાં મહેસૂલી રેકર્ડમાં કાયદેસરની કાર્યવાહી કરીને બાકી રહેતાં ભાઈ/બહેનોનાં નામો પણ મહેસૂલી રેકર્ડમાં દાખલ કરવાનો ખેડૂતલક્ષી નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. પારિવારિક વિવાદ કે અસમંજસતા આના પરિણામે દૂર થશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહેસૂલી નિયમોમાં કરેલા નીતિવિષયક સુધારા અનુસાર હવે, એક હેતુ માટે બિનખેતી મળેલી હોય અને ત્યારબાદ અન્ય હેતુ માટે બિનખેતીની અરજી (રહેણાંકમાંથી વાણિજ્ય વગેરે) સમયે પ્રિમિયમ, ઝોનિંગ, જી.ડી.સી.આર., એન.એ. શરતભંગ સિવાય અન્ય કોઈ પણ અભિપ્રાયો જરૂરી રહેશે નહીં. ફક્ત જે તે રિવાઈઝડ એન.એ.ના હેતુ માટેનો જ અભિપ્રાય જરૂરી રહેશે.

મુખ્યમંત્રીશ્રીએ તલાટી દ્વારા ગ્રામ્ય/શહેરી વિસ્તારનાં મકાન, ફ્લેટ, દુકાનો, ઑફિસોનાં પેઢીનામાં કરવા બાબતે લોકોને સરળતા કરી આપી છે. વ્યક્તિનું અવસાન રહેણાંક/વતનના સ્થળ સિવાય અન્ય સ્થળે થાય ત્યારે મૃતકના સ્થાયી રહેઠાણ અથવા વતનના સ્થળના તલાટી દ્વારા પેઢીનામું બનાવવાનો મહત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત, ખેતીની જમીન બિનખેતી થયા બાદ, પ્રોપર્ટીકાર્ડ ન બનેલાં હોય તેવા કિસ્સામાં બિનખેતીનો હુકમ રજૂ કરીને પ્રોપર્ટીકાર્ડ બનાવવાનો અને તેમાં ઉત્તરોત્તર ફેરફાર નોંધ કરી શકાશે, તેવો જનહિતલક્ષી નિર્ણય પણ તેમણે કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ ખેતીની જમીનના હક્ક-દાવા સંદર્ભે બિનજરૂરી ટાઇટલનો વિવાદ ટાળવા, આવા દાવા સંદર્ભે કોઈ સ્ટે-ઓર્ડર ન હોય ત્યારે, પડતર દાવા (લીસ પેન્ડેન્સી)ની નોંધ ગામ નમૂના-૭માં નોંધ ન કરવા અને સબ-રજિસ્ટ્રાર દ્વારા લીસ પેન્ડેન્સીનું રજિસ્ટ્રેશન ન કરવાનો નિર્ણય પણ કર્યો છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ફળઝાડ તથા અન્ય વૃક્ષના ઉછેર માટે ભાડાપટ્ટે આપેલી જમીનોનો મહત્તમ ઉપયોગ થાય તથા પટ્ટેદારની આજીવિકામાં વધારો થાય તે હેતુસર આવી જમીનો ઉપર ખેતી કરવાની મંજૂરી આપવાનો રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ હિસ્સા માપણીના પેચીદા પ્રશ્નોનું નિરાકરણ લાવવા જમીનના પેટાવિભાગ અર્થાત્ હિસ્સા માપણીના કિસ્સામાં સહકબ્જેદારો વચ્ચે જ્યારે સહમતિ સધાતી ન હોય તેવા કિસ્સામાં હિત ધરાવતા પક્ષકારોને બે વખત દસ-દસ દિવસની નોટિસ આપ્યા બાદ પણ જો કોઈ પક્ષકાર સંમત ન થાય, તો સરવે નંબરની હિસ્સા માપણી કરી આપવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના સીમતળના વાડા નિયત કિંમત વસૂલીને નિયમિત કરવાનો સૈદ્ધાંતિક નિર્ણય પણ કર્યો છે. આ નિર્ણયથી ગ્રામવિસ્તારના આશરે પાંચથી છ લાખ લોકોને તેમ જ શહેરી વિસ્તારના બહોળા વર્ગને મોટો લાભ થશે.

મુખ્યમંત્રીશ્રીએ મહેસૂલી સેવાઓમાં સુશાસનનો અભિગમ અપનાવતાં અન્ય પણ બે મહત્ત્વના નિર્ણયો કર્યા છે. તદનુસાર, ગણોત ધારાની કલમ ૪૩/૬૩ની મંજૂરી બાદ એન.એ. બિનખેતી પરવાનગીની સમયમર્યાદા બે વર્ષથી વધારીને પાંચ વર્ષ તથા બિનખેતી ઉપયોગ કરવાની સમયમર્યાદા દૂર કરવાનો પ્રજાલક્ષી નિર્ણય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યો છે. આ ઉપરાંત, ગણોત કાયદાની ૩૨ એમ હેઠળ ખરીદ કિંમત ભરવાની મર્યાદા તા. ૩૧-૧૨-૨૦૨૪ સુધી લંબાવવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, શહેરોમાં સિટી સરવે છે ત્યાં બિનખેતીની મિલકતોના દસ્તાવેજોની નોંધણીના સમયે ફરજિયાત પુરાવાના કારણે નાગરિકોને પડતી મુશ્કેલીઓના નિરાકરણ અર્થે રાજ્ય સરકારે હકારાત્મક નિર્ણય કર્યો છે. તેમાં બિનખેતીનો હુકમ, બી.યુ. પરમિશન, લે-આઉટ પ્લાન વગેરે દસ્તાવેજી પુરાવાના દસ્તાવેજોની નોંધણી સમયે ફરજિયાત ગણાશે નહીં. વધુમાં, ગામતળની જમીનમાં બિનખેતી કરવાની જોગવાઈ ન હોઈ, આવી જમીનનો બિનખેતી હુકમ ઉપલબ્ધ ન હોય તેથી તેમાં પણ છૂટછાટ અપાશે. તેના નિરાકરણ અર્થે આ પુરાવા જૂનાં મકાનોના સંદર્ભે ફરજિયાત ગણાશે નહીં. ●

## પારિવારિક સંબંધો સુદૃઢ બનાવવા રાજ્ય સરકારનો નવતર અભિગમ

# ફેમિલી ફર્સ્ટ-સમજાવટનું સરનામું



રાજ્યમાં કૌટુંબિક સુરક્ષા સાથે સૌહાર્દભર્યું વાતાવરણ સર્જાય તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. પારિવારિક સંબંધો સુદૃઢ બને અને કૌટુંબિક વિવાદો ટળે તે માટે રાજ્ય સરકારે નવતર અભિગમ કર્યો છે. આ નવતર અભિગમ અંતર્ગત કૌટુંબિક વિવાદોના નિવારણ અને સુલેહ માટે 'ફેમિલી ફર્સ્ટ-સમજાવટનું સરનામું' યોજના અમલી બનાવવામાં આવી છે. આ યોજના હેઠળ જિલ્લા અને તાલુકા કક્ષાએ સમિતિની રચના કરીને લોકોના ઘરઆંગણે પારિવારિક પ્રશ્નોનું સમાધાન કરાશે.

'ફેમિલી ફર્સ્ટ-સમજાવટનું સરનામું' યોજના અંગે રાજ્યના મહેસૂલ અને કાયદામંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, જિલ્લા અને તાલુકા કક્ષાએ કૌટુંબિક વિવાદોના જે કેસો નોંધાય તે તમામ કેસોના પક્ષકારોને સાંભળીને સ્થાનિક કક્ષાએ સમજાવટથી વિવાદોનો વધુમાં વધુ નિકાલ થાય તે મુજબની કામગીરી કરવામાં આવશે. કામગીરી નિભાવતા પક્ષકારોનાં પારિવારિક ને વ્યક્તિગત પ્રતિષ્ઠા તેમજ માન-મર્યાદા જળવાઈ રહે તેનું પણ ધ્યાન રાખવામાં આવશે.

પક્ષકારો સાથે યોગ્ય કાઉન્સલીંગ કરીને કેસનો નિકાલ કરાશે. પરિવાર કાયદાકીય પ્રક્રિયાઓ આધીન હેરાન-પરેશાન થાય નહિ તે ધ્યાને રાખી સુલહ કરાવવાના બને તેટલા પ્રયત્નો કરવાના રહેશે. કૌટુંબિક સલામતી અને સુખાકારીને અસર કરતા બધા જ મુદ્દાઓની તપાસ બાદ નિર્ણય કરાશે. જરૂર જણાય તો તત્કાલ આશ્રય સહિત જરૂરી કાળજી અને રક્ષણની પણ ચોકસાઈ કરાશે. સમિતિ સમક્ષ આવેલા દરેક કેસનું દસ્તાવેજીકરણ કરીને જે-તે કેસોની સવિસ્તર અને સંક્ષિપ્ત નોંધ પણ રાખવામાં આવશે. પારિવારિક વિવાદોમાં સ્ત્રી અને બાળકોનાં હિતો જળવાય તે માટે જરૂર જણાય ત્યાં સરકારી-બિનસરકારી સંસ્થાઓ તથા સંગઠનોની મદદથી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સામાજિક તપાસ, પુન:વસવાટ અને પુન:સ્થાપનનું પણ ધ્યાન રાખવામાં આવશે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, રાજ્યના લોકકલ્યાણને ઉત્તેજન આપવા તથા સામાજિક દૃષ્ટિએ ન્યાય ઉપલબ્ધ થઈ શકે તેવી અસરકારક સામાજિક વ્યવસ્થાનું સર્જન કરવું એ રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. કૌટુંબિક વિવાદોનું નિવારણ કોર્ટની બહાર તથા સામાજિક, ધાર્મિક અને સમાજના પ્રતિષ્ઠિત માણસોની દરમિયાનગીરીથી સમાધાન થાય તેવા શુભ આશયથી આ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ સમિતિના માળખા સંદર્ભે જણાવ્યું કે, સ્થાનિક કક્ષાએ આ યોજનાના સુગમ અમલીકરણ માટે સાત સભ્યોની સમિતિની રચના કરાશે. જિલ્લાકક્ષાએ હોદ્દાની રૂએ જિલ્લા કલેક્ટર કે જિલ્લા કલેક્ટર દ્વારા રેસીડેન્સીયલ એડીશનલ ક્લેક્ટર અને તાલુકા કક્ષાએ હોદ્દાની રૂએ મામલતદાર આ સમિતિના અધ્યક્ષ રહેશે. સમિતિમાં સભ્ય તરીકે સ્થાનિક કક્ષાના સામાજિક દૃષ્ટિએ પ્રતિષ્ઠા અને વર્ચસ્વ ધરાવતા આગેવાનો, સ્થાનિક કક્ષાએ ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા કાયદાના જાણકાર વ્યક્તિનો સમાવેશ કરાશે. તેમાં ઓછામાં ઓછા બે વકીલ સભ્ય હશે. વળી, સમિતિમાં શક્ય હોય ત્યાં સુધી એક મહિલા સભ્યની પણ નિમણૂક કરાશે. વધુમાં, બે આમંત્રિત સભ્યો તરીકે ચૂંટાયેલા પ્રતિનિધિઓને બોલાવી શકાશે.

સંબંધિત જિલ્લા કલેક્ટર દ્વારા જિલ્લા અને તાલુકા સમિતિના સભ્યોની નિમણૂક કરાશે, જ્યારે જિલ્લા અને તાલુકા કક્ષાએ સમિતિનાં કાર્યો માટે જરૂરી જણાયે સ્ટાફની વ્યવસ્થા તથા સમિતિમાં આકસ્મિક રીતે કોઈ જગ્યા ખાલી પડે તો તાત્કાલિક નિમણૂક સમિતિના અધ્યક્ષે કરવાની રહેશે. સમિતિના અધ્યક્ષની ભલામણના આધારે કે કાયદા વિભાગ પોતાની જાતે કોઈ પણ સભ્યને તેની મુદત પૂર્ણ થતાં પહેલાં સભ્યપદેથી દૂર કરી શકશે, જેને દૂર કરવાનાં કારણો આપવાનાં રહેશે.

જિલ્લાકક્ષાની સમિતિનું કાર્યક્ષેત્ર જિલ્લામથકનો વિસ્તાર રહેશે અને તાલુકાકક્ષાની સમિતિનું કાર્યક્ષેત્ર તાલુકા-મથકનો વિસ્તાર રહેશે.

સમિતિના માત્ર બિનસરકારી સભ્યોને દરેક કેસને સાંભળવા માટે આયોજિત કરેલા હોઈ તેના પ્રતિદિન રૂ.૧૫૦૦ મળવાપાત્ર થશે, જેમાં વધુમાં વધુ પ્રતિમાસ રૂ.૮૦૦૦ સુધી જ બિનસરકારી સભ્યોને માનદ વેતન મળવાપાત્ર રહેશે.

મંત્રીશ્રીએ સમિતિ સંદર્ભે જણાવ્યું કે, સમિતિની બેઠકનું કોરમ ત્રણ હાજર સભ્યોથી બનશે. સમિતિની બેઠકમાં લેવાયેલો નિર્ણય અન્ય સભ્યો પાસે અનુમોદિત કરાવવો જરૂરી રહેશે. સમિતિ સમક્ષ પક્ષકારે કરેલી રજૂઆત ખાનગી રાખવાની રહેશે.

અરજદાર/પક્ષકારની અરજીના રજિસ્ટરમાં પક્ષકારની પૂર્ણ વિગત સાથે નોંધવાનું રહેશે. અરજીનું જે પણ પરિણામ આવેલ હોય તે પણ ટૂંકી વિગત સાથે નોંધવાનું રહેશે. સંબંધિત જિલ્લાના પોલીસ અધિક્ષક અથવા પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ અધિકારી સામાજિક પ્રશ્ન સમજાવટ માટે મોકલી શકશે.

સમિતિ સંદર્ભે કરવામાં આવતો ખર્ચ જિલ્લા અને તાલુકા કક્ષાએ વખતોવખત ફાળવેલી ગ્રાન્ટની રકમમાં ઉધારવાનો રહેશે. સરકારશ્રીના વર્તમાન નીતિનિયમ પરિપત્ર તથા નાણાં વિભાગે બહાર પાડેલી માર્ગદર્શિકાઓનું પાલન કરીને નાણાંકીય ઔચિત્ય જળવાય તે રીતે નાણાંનો ખર્ચ કરવો અને તેનો હિસાબ સમિતિના અધ્યક્ષે રાખવાનો રહેશે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, કૌટુંબિક વિવાદો ટળે અને રાજ્યના નાગરિકોની માનસિક અને શારીરિક સ્વસ્થતા જળવાઈ રહે તેવા ઉમદા આશયથી રાજ્ય સરકારે 'ફેમિલી ફર્સ્ટ-સમજાવટનું સરનામું' યોજનાની પહેલ કરી છે. તે ધ્યાને રાખીને પારિવારિક વિવાદો લઈને આવેલા પરિવારનાં સભ્યો તેમજ બાળકોને કેસ ચાલે ત્યાં સુધી બેસાડવાની તેમજ અન્ય વ્યવસ્થા કરવાની રહેશે. ●

# ગાંધીનગરમાં વનવિભાગ દ્વારા પ્રાકૃતિક કૃષિ સંમેલન



ગાંધીનગરમાં વન સંશોધન સંકુલ ખાતે વનવિભાગના અધિકારીઓ માટે પ્રાકૃતિક કૃષિ સંમેલન યોજાયું હતું. રાજ્યના વનવિભાગના રેન્જ ફોરેસ્ટ ઑફિસરથી લઈને મુખ્ય વનસંરક્ષક સુધીના અધિકારીઓને સંબોધન કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, આપણા મનમાં જે વિચારો હશે એ જ વાણીમાં આવશે અને વાણીમાં હશે એ જ વર્તનમાં આવશે ત્યારે જ કલ્યાણ થશે. ઈશ્વરે આપણને આપેલી પ્રકૃતિનું રક્ષણ કરવું આપણો ધર્મ છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતના વનવિભાગના અધિકારીઓને 'સિપાઈ' તરીકે સંબોધીને કહ્યું હતું કે, દેશ અને દુનિયા સામે અત્યારે સૌથી મોટો પડકાર પ્રાકૃતિક સંપદાના જતનનો છે. પૃથ્વી, વાયુ, જલ, આકાશ અને અગ્નિ; આ પાંચ મહાભૂત વિકૃત રૂપ ધારણ ન કરે એ જોવાની જવાબદારી માનવજાતની છે. પ્રકૃતિ સંતુલનમાં રહે તો સુખદાયી છે અને વિકૃત થાય તો દુ:ખદાયી છે. પ્રકૃતિના જતન માટે લડી રહેલા વનવિભાગના અધિકારીઓ ગુજરાતના 'સિપાઈ' છે.

વર્તમાન સમયમાં પ્રાકૃતિક કૃષિની અનિવાર્યતા અંગે બોલતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ પ્રાકૃતિક ખેતી માટે અભિયાન આદર્યું છે. ગુજરાતમાં અત્યારે પોણા બે લાખ જેટલા ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે. પ્રાકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપતા વધશે. કિસાનો પોતાનાં જ ગૌ-ધનથી ગૌમૂત્ર અને ગોબરના ઉપયોગથી ઝીરો ખર્ચથી વધુ ઉત્પાદન મેળવી શકશે. પર્યાવરણ બચશે. પાણી બચશે. પ્રાકૃતિક ખેત-ઉત્પાદનોથી શુદ્ધ ખોરાક મળશે.

સંમેલનના આરંભે વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાએ ગુજરાતના વનવિસ્તારમાં રહેતા આદિમ જૂથના કોટવાડિયા સમુદાયના લોકોએ બનાવેલાં વાંસ-ઉત્પાદનો અને વન-ઔષધિઓથી રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનું સ્વાગત અને અભિવાદન કર્યું હતું. આ સંમેલનમાં વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્યસચિવ શ્રી અરુણકુમાર સોલંકી, અગ્રમુખ્ય વનસંરક્ષક અને ગુજરાતના ફોરેસ્ટ ફોર્સના વડા શ્રી એમ.એમ. શર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલશ્રીએ વન સંશોધન સંકુલમાં બોરસલીનું વૃક્ષ પણ વાવ્યું હતું. ●

# વીજબચત કરવા રાજ્યપાલશ્રીનું આહ્વાન

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પર્યાવરણના જતન અને પ્રદૂષણ નિવારણ માટે વ્યક્તિગત વીજ-વપરાશ ઘટાડવા આહ્વાન કર્યું છે. તેમણે કહ્યું છે કે, "ઑફિસમાં કામ કરતી હર કોઈ વ્યક્તિ સંકલ્પ કરે કે, હું ઑફિસમાં દાખલ થઈશ ત્યારે જ લાઇટ, પંખો કે એ.સી. 'ઑન' કરીશ અને ઑફિસની બહાર નીકળીશ કે તરત જ 'ઑફ' કરીશ." આવા એક નાનકડા નિયમથી આપણે વીજળીની મોટી બચત કરી શકીશું. આ રીતે વીજ-ઉત્પાદન માટે વપરાતો કોલસો બચશે. એટલું જ નહીં, નિરર્થક વેડફાઈ જતી વીજળી કોઈ કારખાનામાં વાપરી શકાશે કે કોઈ કિસાનના ખેતર સુધી પહોંચશે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, "હું રાજભવનમાં આ નિયમનું પાલન કરું છું." તેમણે કહ્યું કે, "ગુજરાતના રાજ્યપાલ તરીકે મને ત્રણ વર્ષ થયાં. આ ત્રણ વર્ષનું તારણ નીકળ્યું છે કે, રાજભવનના વીજબિલમાં ૫૦%નો ઘટાડો થયો છે. હું જ્યારે હિમાચલ પ્રદેશનો રાજ્યપાલ હતો ત્યારે ત્યાં પણ મેં વીજબચત માટે આ નીતિ અપનાવી હતી અને ચાર વર્ષમાં ૫૦ ટકા વીજળીની બચત કરી હતી."

નગરો અને મહાનગરોમાં મધ્યરાત્રિના ૧૨.૦૦ વાગ્યા પછી પરોઢના ત્રણ કે ચાર વાગ્યા સુધી મુખ્ય માર્ગોની લાઇટ્સ બંધ કરવાથી પણ વીજળીની મોટી બચત થઈ શકે તેમ છે. મધ્યરાત્રિના આ કલાકોમાં નગરો અને મહાનગરોના મુખ્ય માર્ગો પર ઓછામાં ઓછી અવરજવર હોય છે. એટલું જ નહીં, પૂનમની રાત્રિએ પણ નગરો અને મહાનગરોમાં મુખ્ય માર્ગોની લાઇટ્સ બંધ રાખવાથી વીજળીની મોટી બચત થશે અને પર્યાવરણને લાભ થશે. આ દિશામાં વિચારવા તેમણે અનુરોધ કર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આપણે નાની-નાની વસ્તુઓથી આપણે પર્યાવરણનો મોટો ફાયદો કરી શકીશું." ●

# ન્યૂઝ ફ્લેશ

- 'ગુજરાત જ્ઞાનગુરુ ક્વીઝ'ના ચોથા રાઉન્ડનાં પરિણામોની શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ રાજકોટમાં જાહેરાત કરી હતી. ચોથા સપ્તાહમાં જે ક્વિઝ રમાઈ હતી તેમાં શાળાકક્ષાએ ૩૭૮૭ અને કૉલેજ કક્ષાએ ૩૨૯૪ વિદ્યાર્થીઓ અને અન્ય કેટેગરીના ૫૬૭૪ એમ કુલ ૧૨,૭૫૫ વિજેતાઓ જાહેર થયા છે.
- રાજકોટના રામકૃષ્ણ આશ્રમમાં રાજ્યના શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં 'રાષ્ટ્રના નિર્માણમાં શિક્ષકોની ભૂમિકા' વિષયક સેમિનારનું આયોજન કરાયું હતું, જેમાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ભારતભૂમિમાં એ તાકાત રહેલી છે કે સંસ્કાર અને સંસ્કૃતિ થકી વિશ્વગુરુ બનીને રહેશે. સમાજના નિર્માણમાં શિક્ષકોની ભૂમિકા સવિશેષ રહેલી છે.
- જૂનાગઢમાં બે પ્રાઈવેટ યુનિવર્સિટી ડૉ. સુભાષ યુનિવર્સિટી અને નોબલ યુનિવર્સિટીને મંજૂરી મળતાં શિક્ષણમંત્રીશ્રીનું સન્માન કરાયું હતું. શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ મારું નહીં, પરંતુ રાજ્ય સરકારનું સન્માન છે. સરકારની કર્તવ્યનિષ્ઠા અને જનસેવાને સમર્પિત સરકારની વિકાસલક્ષી નીતિનું અભિવાદન છે.
- વિસનગર ખાતે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં e-FIR સેવાની જાણકારીનો સેમિનાર યોજાયો હતો. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસ ટૅકનોલોજીથી સુસજ્જ બની છે, અને નાગરિકોનાં સુખ-સુવિધામાં વધારો થાય તે માટે નવીનતમ પ્રોજેક્ટ e-FIRની સેવા શરૂ કરાઈ છે, જેનાથી રાજ્યની પોલીસ આધુનિક, ટૅકનોસેવી અને સંવેદનશીલ બની છે અને રાજ્યના વિકાસની ગતિમાં વધારો થયો છે.
- પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા લમ્પી વાયરસ અસરગ્રસ્ત પશુઓની યોગ્ય રીતે કાળજી લેવામાં આવે તે માટે જામનગરના દરેડ ગામની માં ગૌદર્શન ગૌશાળાની તેમજ વિભાપર ગામે વચ્છરાજ ગૌશાળાની મુલાકાત લીધી હતી. ઉપરાંત જામનગર જિલ્લાના ગૌધનમાં વેકસીનેશન અંગેની કામગીરી, પશુ એમ્બ્યુલન્સ મારફતે પૂરી પાડવામાં આવતી સુવિધાઓ, પશુઓને આપવામાં આવતા ખોરાક,ગૌશાળાઓમાં સ્વચ્છતા, દવાઓના છંટકાવ વગેરેનું નિરીક્ષણ કર્યું હતું.
- જામનગર જિલ્લાના વરણા ગામે રૂ.૧૯.૬૦ લાખના ખર્ચે અમૃત સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું રાજ્યના કૃષિ, પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.
- વાપીમાં અંડરગ્રાઉન્ડ વીજ લાઈનના ખાતમુહૂર્ત સમારંભમાં ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, વાપીમાં વિવિધ વિકાસ કામો થઈ રહ્યા છે. જેથી વાપી સુંદર શહેર બનશે. ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે પણ જે ટાઈપ પાસે રેલવે ઓવરબ્રિજ અને અંડર પાસિંગનું આયોજન કરાયું છે. પાણીની સમસ્યા ન રહે તે માટે નામધા, ચીકુવાડી અને ચલામાં પણ પ્લાનિંગ કરાયુ છે. ગુજરાતનું ગીફ્ટ સિટી ભારતનું સૌથી મોટુ આર્થિક વ્યવસ્થા કેન્દ્ર બનશે. જ્યાં વિદેશી યુનિવર્સિટીઓ પણ આવશે જેથી આપણા વિદ્યાર્થીઓને વિદેશ જવાની જરૂર પડશે નહીં.
- નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ વાપીમાં લોકસંવાદ કાર્યક્રમમાં વાપી શહેર અને નોટીફાઈડ વિસ્તારમાં વિકાસલક્ષી કાર્યો બાબતે સ્થાનિકો સાથે સંવાદ કર્યો હતો. મંત્રીશ્રીએ વિવિધ વિસ્તારમાં થયેલા કામોનું મૂલ્યાંકન કરી હાલમાં થઈ રહેલા કામોની ચર્ચા પણ કરી હતી.
- મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી દ્વારા મહેસાણા પોલીસના ફીટનેસના નવતર અભિગમના માપદંડમાં આવેલા પાંચ પોલીસ કર્મયોગીઓનું સન્માન કર્યું હતું. આ ઉપરાંત મહેસાણા જિલ્લા પોલીસકર્મીઓ અને અધિકારીઓ દ્વારા કરેલી ઉત્કૃષ્ટ કામગીરી માટે સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યાં હતા.
- મહિલા પખવાડિયાના પ્રથમ દિવસે મોરબીમાં ગુજરાત લાઈવલી હુડ પ્રમોશન કંપની લિમિટેડ દ્વારા આયોજિત રાખી મેળાનું રોજગાર રાજ્યમંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.
- આંબેડકર ઓપન યુનિવર્સિટી નેકનો A++ રેન્ક મેળવનાર રાજ્યની પ્રથમ ઓપન યુનિવર્સિટી બની. યુનિવર્સિટીમાં છેલ્લા પાંચ વર્ષમાં 21 UG, PG કક્ષાના શૈક્ષણિક કાર્યક્રમો ઉપરાંત 71 સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવામાં આવ્યાં છે.
- ઈન્ડિયન સ્ટાર્ટઅપ ફંડિંગના રિપોર્ટ પ્રમાણે રાજ્યના 40 ટકા સ્ટાર્ટઅપ અમદાવાદમાં, અમદાવાદનાં સ્ટાર્ટઅપ્સે 1 વર્ષમાં રૂ.173 કરોડનું રોકાણ મેળવ્યું, 4 વર્ષમાં 30 હજારથી વધુને રોજગારી મળી. સ્ટાર્ટઅપ્સ ક્ષેત્રે અમદાવાદ દેશમાં સાતકમા ક્રમે છે.
- રાજ્યના ધારાશાસ્ત્રીઓના વેલફેર માટે સરકારે રૂ.6 કરોડ ફાળવ્યા. કાયદામંત્રી દ્વારા બાર કાઉન્સિલના ચેરમેન સહિતના હોદ્દેદારોને ચેક અર્પણ કરાયો.
- અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં આવેલી કિડની ઈન્સ્ટિટ્યૂટ એન્ડ રિસર્ચ સેન્ટરને ગર્ભાશયના ટ્રાન્સપ્લાન્ટની મંજૂરી મળી ગઈ છે. આ મંજૂરી મેળવનારી તે સર્વ પ્રથમ સરકારી હોસ્પિટલ છે. અત્યાર સુધીમાં 12થી 15 મહિલાઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. લાઈવ ડોનરના ગર્ભાશયનું નિઃશૂલ્ક ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવશે. આ મંજૂરીથી જન્મજાત ગર્ભાશય ન ધરાવતી કે સર્જરીને કારણે ગર્ભાશય દૂર કરાવનારી મહિલાને માતા બનવાની તક મળશે. ●

## વિશ્વમાં સૌપ્રથમ વખત ડ્રોન ટેક્નોલોજી દ્વારા

# ખેતરમાં નેનો યુરિયાના છંટકાવનો ગુજરાતમાં પ્રારંભ



વિશ્વમાં સૌપ્રથમ વખત ડ્રોન ટૅક્નોલોજી દ્વારા ખેતરમાં નેનો યુરિયાના છંટકાવનો ગુજરાતમાં ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ગામથી શુભારંભ થયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ડ્રોનમાં નેનો યુરિયા ભરીને, ડ્રોન ઓપરેટ કરીને રાજ્ય સરકારની આ ઐતિહાસિક પહેલનો શુભારંભ કરાવ્યો હતો. તેમણે આ પ્રસંગે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ખેડૂતોની આવક બમણી કરવા સતત પ્રયત્નશીલ છે. ખર્ચ ઘટે અને ઉત્પાદકતા વધે એવા પ્રયત્નો કરાઈ રહ્યા છે, ત્યારે ગુજરાતમાં આધુનિક ટૅક્નોલોજીના ઉપયોગ દ્વારા અમે એ દિશામાં મહત્ત્વનું પગલું ભર્યું છે.

કૃષિ વિમાન-કિસાનનું વિમાન એટલે ડ્રોન, એવી ઓળખ આપીને ડ્રોન ટૅક્નોલોજી દ્વારા ખેતરમાં નેનો યુરિયાના છંટકાવની સો ટકા રાજ્ય પુરસ્કૃત યોજનાનો શુભારંભ કરાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવી રહ્યો છે, ત્યારે વર્તમાન સમયમાં હવે સૌએ દેશનું ગૌરવ વધે એ રીતે જીવન જીવવાની જરૂર છે. પ્રાકૃતિક સંપદાનું જતન અને સંવર્ધન થાય એ રીતે જીવવાનું છે. નેનો યુરિયાના ઉપયોગથી રાસાયણિક ખાતરોની આયાતમાં ખર્ચાતું વિદેશી હૂંડિયામણ બચશે અને સબસિડીનો ખર્ચ પણ ઘટશે. એટલું જ નહીં, ડ્રોન દ્વારા નેનો યુરિયાના છંટકાવથી પાણીની પણ બચત થશે. નાની-નાની વસ્તુઓની કાળજી લેવાથી આપણે દેશની મોટી સેવા કરી શકીશું.

દેશ અને દુનિયામાં ડ્રોન ટૅક્નોલોજી દ્વારા સૌપ્રથમ વખત ગુજરાતના ખેતરમાં નેનો યુરિયાનો છંટકાવ થઈ રહ્યો છે એ માટે તેમણે ખેડૂતોને અભિનંદન આપ્યા હતા.

ખેતરમાં ડ્રોન દ્વારા નેનો યુરિયાનો છંટકાવ કરવાનો આરંભ કરવામાં આવ્યો છે, તેનો આનંદ વ્યક્ત કરીને ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની સમૃદ્ધિ, સલામતી અને આર્થિક ઉન્નતિનું સ્વપ્ન જોયું છે. તેને સફળ બનાવવા રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મક્કમતાથી આગળ ધપી રહ્યા છે.

નેનો યુરિયાનું સંશોધન વિશ્વમાં સૌ પ્રથમ ઈફકોએ કર્યું છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રીએ ધરતી અને વાયુના રક્ષણ તથા સૌ નાગરિકોના આરોગ્યની સલામતી માટે યુરિયાના વપરાશને ઘટાડવા અનુરોધ કર્યો હતો. ઈફકોના સંશોધકોએ નવીન પ્રયોગો હાથ ધરીને નેનો યુરિયાનું નિર્માણ કર્યું છે.

સહકારથી સમૃદ્ધિના સૂત્રને સાર્થક કરવા ઈફકોએ નેમ લીધા છે, તેવું કહી તેમણે જણાવ્યું હતું કે, ડ્રોન થકી નેનો યુરિયાનું કામ ખેડૂતો ઝડપથી કરી શકશે. કૃષિક્ષેત્રે નવી ક્રાન્તિની દિશામાં ખેડૂતોએ આ ટૅક્નોલોજી થકી ડગ માંડ્યાં છે.

કૃષિક્ષેત્રમાં અદ્યતન ડ્રોન ટૅક્નોલોજીનો ઉપયોગ વધે તે માટે રાજય સરકારે બજેટમાં રૂ.૩૫ કરોડની જોગવાઈ કરી છે, જેના થકી ૧.૪૦ લાખ એકરમાં એટ્રસોર્સ અને આઇ.ખેડૂત પોર્ટલ પદ્ધતિથી કામગીરી કરવામાં આવનાર છે. આ કાર્યને સુચારુ રીતે કરવા માટે ઈફકો સંસ્થા દ્વારા રાજયમાં ૩૫ ડ્રોન લાવવામાં આવ્યાં છે. ફિલ્ડ સ્ટાફને તાલીમબદ્ધ પણ કરવામાં આવ્યા છે. આઇ-ખેડૂત પોર્ટલ પદ્ધતિ મારફતે રૂ.૨૩ કરોડનો ખર્ચ થનાર છે. ૯૨ હજાર એકરમાં નેનો યુરિયાનો છંટકાવ કરવામાં આવશે. વ્યક્તિગત ખેડૂતોએ આ પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઈસનપુર મોટા ગામના મહેશભાઈ આર. પટેલના ખેતરમાં ડ્રોનથી નેનો યુરિયાના છંટકાવની કામગીરીનું નિદર્શન નિહાળ્યું હતું. તેમજ આ સમગ્ર કામગીરીની વિસ્તૃત માહિતી પણ મેળવી હતી. આ પ્રસંગે જિલ્લાના વરિષ્ઠ અધિકારીશ્રીઓ-પદાધિકારીશ્રીઓ સહિત ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જામજોધપુરમાં પણ અદ્યતન ડ્રોન ટૅક્નોલોજી વડે ખેતરોમાં ઈફકો નેનો યુરિયા ખાતર છંટકાવ પદ્ધતિનો કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે પ્રારંભ કરાવ્યો હતો. કૃષિમંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે આપણી પરંપરાગત ખેતીપદ્ધતિ મુજબ યુરિયા ખાતર અને જંતુનાશક દવાઓનો છંટકાવ કરવાથી સમય શક્તિ, પાણી, વીજળી અને નાણાંનો વ્યય થતો હતો. અત્યાધુનિક ડ્રોન ટૅક્નોલોજી દ્વારા યુરિયા ખાતરનો છંટકાવ કરવાથી ખેડૂતોનાં સમય-શક્તિ, પર્યાવરણનું રક્ષણ, ડીઝલ, પાણી, વીજળીની બચત તેમજ મજૂરી ખર્ચ પણ બચશે. ●

# સ્વાતંત્ર્ય પર્વની તસવીરી ઝલક


મંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી
ગાંધીનગર


મંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા
મહેસાણા


મંત્રી શ્રી બ્રિજેશભાઇ મેરજા
જામનગર


મંત્રી શ્રી જીતુભાઇ ચૌધરી
નવસારી


મંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલ
ખેડા



મંત્રી શ્રી મુકેશભાઇ પટેલ
તાપી


મંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથાર
છોટા ઉદેપુર


મંત્રી શ્રી અરવિંદભાઇ રૈયાણી
જૂનાગઢ


મંત્રી શ્રી કુબેરભાઇ ડીંડોર
સાબરકાંઠા


મંત્રી શ્રી કિર્તીસિંહ વાઘેલા
પાટણ


મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમાર
બનાસકાંઠા


મંત્રી શ્રી આર. સી. મકવાણા
અમરેલી


મંત્રી શ્રી વિનોદભાઇ મોરડીયા
બોટાદ


મંત્રી શ્રી દેવાભાઇ માલમ
મોરબી

# નમામિ દેવી નર્મદે...



**Published on Date 16-8-2022**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**

માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦